بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-જુલાઈ-૨૦૧૯**

શવ્વાલુલ્ મુકર્રમ-ઝિલ્ કઅ્દહ
હિજરી સન : ૧૪૪૦

વર્ષ : ૧૬, અંક : ૦૭, સળંગ અંક : ૧૮૭

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફય્ઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


**● અનુક્રમણિકા ●**


01 નમાઝમાં રસૂલે પાક صلی اللہ علیہ وسلم ના ખયાલ વિશે સહાબીઓનો અકીદો તથા વહાબીઓનો અકીદો 04
02 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન 11
03 નાદાન સુન્નીઓ થકી થઈ રહેલુ નુકસાન 14
04 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 15
05 શરહે હદાઈકે બખ્શિશ 17
06 સીરતે રસૂલે મુખ્તાર صلی اللہ علیہ وسلم 21
07 સીરતે હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا 24
08 તઝકેરતુલ અવલિયા : હઝરત ઈબ્રાહીમ અદહમ 27
09 હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત 29
10 કાનૂને શરીઅત 33
11 ગુનાહોનો ઈલાજ 36
12 لَیْسَ مِنَّا 'તે અમારો નથી' 40
13 સીધી સફની તથા આગલી સફને પૂરવાની ફઝીલત 42
14 મુસ્લિમોને બદ્‌નામ કરનાર ISIS એ યહૂદીઓની સંસ્થા છે 44
15 તુર્કીમાં સ્ત્રીઓનું સફળ આંદોલન 45
16 ખુદાથી ડરો ને બે જન્નતો મેળવો ! 47
17 બરકાતે ખ્વાજાની ટપાલ 49


## ખાકે તયબહ મેરે સીને સે લગા દી જાએ

રઝા : સૈયદ હસ્નૈનમિયાં 'નઝમી' મારેહરવી رحمۃ اللہ علیہ

ખાકે તયબહ મેરે સીને સે લગા દી જાએ
હાં બશારત મુઝે જન્નત કી સુના દી જાએ
મેહફિલે નઅત ફિર એક બાર સજા દી જાએ
કલ્બે દુશ્મન કી જલન ઔર બળ્હા દી જાએ
હોશ આએગા ન દુન્યા કી દવાઓં સે મુઝે
નઅલે સરકારે દો આલમ કી હવા દી જાએ
જિસ પસીને કી મહક મક્કે કી ગલિયોં મેં રચી
વહી ખુશ્બૂ મુઝે એક બાર સુંઘા દી જાએ
ઈશ્ક ગર જુર્મ હૈ ફાંસી કી સઝા દો મુઝે
દરે મહબૂબ પે લેકિન યે સઝા દી જાએ
યા નબી મુઝ કો ભી હાસિલ હૈ ગુલામી કા શરફ
મેરી નઅતોં મેં ભી તાસીરે રઝા દી જાએ
હશ્ર કે રોઝ મૈં આકા કી સુનાઉં નઅતેં
રબ કહે 'નઝમી' કો ફિરદોસ મેં જા દી જાએ

# નમાઝમાં રસૂલે પાક ﷺ ના ખયાલ વિશે
## સહાબીઓનો અક઼ીદો તથા વહાબીઓનો અક઼ીદો

તંત્રી લેખ..

આજે વિશ્વભરમાં મુસ્લિમોની બદ્હાલીનો સૌથી મુખ્ય સબબ હોય તો તે વહાબિયત છે. જ્યારથી તે જન્મ પામી અને (ઈ.સ. ૧૯૨૩ પછી) હરમૈન શરીફૈન પર કબજો જમાવ્યો અને નજદી સઊદી હુકૂમતની અંગ્રેજોના જોરે સ્થાપ્ના થઈ અને અરબસ્તાન પરથી ઉષ્માની સુન્ની હુકૂમતનો ખાત્મો થયો ત્યારથી મુસ્લિમોની શક્તિ તૂટવા માંડી. ત્યાર પછી જ હમેશાં ભટકતી ક઼ૌમ યહૂદીના ઈઝરાઈલ રાજ્યનો પાયો મજબૂત થતો ગયો. વહાબિયતના ચીલે ચાલીને હિંદુસ્તાનમાં મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ તક઼વિયતુલ ઈમાન તથા સિરાતે મુસ્તક઼ીમ નામની કિતાબો લખી સુન્નીઓના ટુકડા પાડી વહાબિયત, ગૈરમુક઼લ્લિદિયત, મૌદૂદિયત તથા તેની અન્ય શાખાઓ ઉપસ્થિત થઈ જેણે હિંદમાં મુસ્લિમોની શક્તિ તોડી પાડી. મહ઼બ્બતે રસૂલની એક એવી મજબૂત શક્તિ મુસલમાનોના દિલોમાં હતી તેને કાઢી નાખવા તૌહીદની આડમાં તૌહીને રસૂલ પર આ વહાબિયત દેવબંદિયતનો પાયો રચાયો. **દુનિયાભરમાં ઈસ્લામી ઈતિહાસને જોઈ લો મહ઼બ્બતે રસૂલની સાથે જ્યાં સુધી મુસ્લિમોના દિલોમાં ઈમાનનુ નૂર જગમગતુ હતું ત્યાં સુધી તેમને કોઈ માત ન કરી શક્યું.** પણ જ્યારે વહાબી દેવબંદી ફિર્ક઼ાએ જન્મ લીધો ત્યારથી વિશ્વભરમાં મુસલમાનોના ટુકડા ટુકડા થઈ ગયા અને ગૈરોની સમક્ષ ઝલીલ તથા બેઈજ્જત થતા ગયા. આજે એકતાની વાતો થઈ રહી છે પણ સહાબા તથા બુઝુર્ગાને દીનથી અલગ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજદીના નબી વલીની તૌહીન કરતા અક઼ીદાઓ અપનાવી ઈસ્લામથી ખારિજ આ ફિર્ક઼ા વહાબી, દેવબંદી, ગૈર મુક઼લ્લિદના નામે ખુદ અસલ માર્ગ સહાબાનો માર્ગ ત્યજીને અહલે સુન્નતથી અલગ થઈ ગયેલા છે. આગળ લખાણ વાંચતા જાવ અને ખુદ ફૈંસલો કરો કે એમનાથી એકતા કઈ રીતે શક્ય બને.

### વહાબી દેવબંદી ફિર્ક઼ાના ગંદા અક઼ીદાની એક ઝલક જુઓ

દેવબંદી તથા ગૈર મુક઼લ્લિદોનો સંયુક્ત રીતે પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી જેણે એક જ સમયે બે ફિર્ક઼ાનો પાયો હિંદમાં નાખ્યો તે અલ્લાહ વિશે કહે છે :–

* અલ્લાહ જૂઠુ બોલી શકે છે. *(યકરોઝા ફારસી, પેજ : ૧૭, ૧૮)* જ્યારે કે જૂઠ એક અયબ છે અને અલ્લાહને તમામ અયબથી પાક માનવો અનિવાર્ય છે. જે અલ્લાહમાં કોઈ અયબ બતાવે તે ઈમાનથી નીકળી જશે. એ જ પ્રમાણે કહેવાતા અહલે હદીષ ગૈર મુક઼લ્લિદોનો પેશવા ષનાઉલ્લાહ પાનીપતી એના જ પગલે ચાલીને કહે છે :
* અલ્લાહ તઆલા જૂઠુ બોલે તેવું કહેવું ઈમાનનો ભાગ છે.

*–(અખ્બાર અહલે હદીષ અમૃતસરી, પેજ : ૨, તા. ૨૭–૮–૧૯૧૫)*

* અને આ વિષયમાં (ઈલ્મે ગયબના બારામાં) પયગંબરો, વલીઓ, જિન્નાત, શૈતાન, ભૂત, પલીત અને

પરીઓમાં કોઈ તફાવત નથી. *(તક્વિયતુલ ઈમાન, પેજ : ૧૪, અઝ : ઈસ્માઈલ દહેલ્વી)*

* વહાબી પેશવા મુહમ્મદ અબ્દુલ વહાબ નજદીએ હુઝૂર ﷺના મઝાર શરીફને "સનમે અકબર" (મહાન મૂર્તિ) કહી છે અને તેને તોડી પાડવાની પણ કોશિશ કરેલી જેમાં નજદીઓ નિષ્ફળ થયેલા. *–(તારીખે નજદો હિજાઝ)*
* દરેક મખ્લૂક મોટી હોય કે નાની અલ્લાહની શાન સામે ચમારથી પણ વધુ હલકી છે. *–(તક્વિયતુલ ઈમાન, પેજ : ૧૮)*
* મોલ્વી અશરફ અલી થાનવી દેવબંદીએ "નબીના ઈલ્મને બાળકો, પાગલો અને ચોપગાં જાનવરો જેવો કે જેટલો બતાવ્યો." *(હિફ્ઝુલ ઈમાન, પેજ : ૧૫)*
* નબી ﷺના ઈલ્મ કરતાં **શૈતાનનો ઈલ્મ વધારે દર્શાવ્યો.** *–(બરાહીને કાતિઆ, પેજ : ૫૫, દેવબંદી મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી)*
* દેવબંદી પેશવા કાસિમ નાનોત્વીએ **ઉમ્મતીને અમલમાં નબીથી વધી જનાર દર્શાવ્યો.** *–(તહઝીરુન્નાસ, પેજ : ૫)*
* એ જ કાસિમ નાનોત્વીએ કુર્આની અકીદા વિરુદ્ધ હુઝૂર ﷺના **આખરી નબી હોવાનો ઈન્કાર કર્યો અને તેમના બાદ બીજા નબી આવવાનું શક્ય દર્શાવ્યું."** *(તહઝીરુન્નાસ, પેજ : ૨)* જેના પાયા પર કાદયાનીએ નબી હોવાનો દાવો કરી દીધો.
* ખુદ દેવબંદી પેશવા હુસૈન અહમદ ટાંડવી પોતે લખે છે કે વહાબી કહે છે, **"અમારા હાથમાંની આ લાકડી અમોને રસૂલુલ્લાહ ﷺ કરતાં વધુ નફાકારક છે કે તેનાથી અમો કૂતરાને ભગાડી શકીએ છીએ પરંતુ એટલું પણ અમો નબી ﷺ થકી નથી કરી શકતા."** *(શેહાબુષ્ષાકિબ, પેજ : ૪૭)*
* "નબી પાક ﷺના મઝાર શરીફની મુલાકાતના ઈરાદાથી મદીના મુનવ્વરાની સફર કરવાને વહાબીઓ **વ્યભિચાર (ઝિના) સમાન** ગણે છે." *(શિહાબુષ્ષાકિબ, પેજ : ૪૬)*

ક્યાં સુધી વર્ણવીએ ? નબી વલીની તૌહીનના દરેક પાસાથી વહાબી દેવબંદીઓના સાહિત્યોમાં છલકાય છે અને તેમનાં સડેલાં ભેજાંઓ એવા તૌહીન આમેઝ વિચારોથી ખદબદે છે. તેમની સાથે કયા બેઝ પર એકતા થાય તે કોઈ સમજાવી શક્તો હોય તો સમજાવે ! આવા ગુસ્તાખ લોકોને અથવા આવા મોલ્વીઓને પોતાના પેશવા કે ફક્ત મુસલમાન માને તેમની સાથે શાદી વિવાહ કરનારા કયા મોઢે પોતાને સુન્ની કહે છે ?!

દેવબંદી વહાબીઓના સડેલા ભેજામાં નબી પાક ﷺની તૌહીન કરતો વધુ એક બુરો અકીદો જોઈ લો અને એના પર જ કુર્આન હદીષથી આજે આપણે ચર્ચા કરીશું અને ન્યાય પ્રિય દિલો દિમાગવાળાઓને દા'વત આપીશું કે હક્કને સમજો અને વહાબિયત દેવબંદિયતથી દૂર રહો. નમાઝમાં રસૂલુલ્લાહ ﷺનો ખયાલ આવવો વહાબી દેવબંદીઓની દષ્ટિએ શું છે ?

## નમાઝમાં રસૂલ ﷺનો ખયાલ બળદ તથા ગધેડાના ખયાલથીય બુરો !

વહાબી દેવબંદી પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ પોતાની કિતાબ "સિરાતે મુસ્તકીમ"માં સ્પષ્ટપણે

લખેલ છે અને હજીય એ કિતાબ વહાબી દેવબંદીઓ છાપતા તથા એ અક઼ીદા ફેલાવતા જાય છે : "ઝિનાના વસવસા કરતાં પોતાની પત્ની સાથે સંભોગનો ખયાલ બેહતર છે અને શયખ અથવા એના જેવા અન્ય બુઝુર્ગોની તરફ **ભલે જનાબ રિસાલત મઆબ જ કેમ ન હોય પોતાના ધ્યાનને લઈ જવું પોતાના બળદ તથા ગધેડાના ખયાલમાં ડૂબી જવા કરતાં પણ વધુ બુરુ છે.** કેમ કે શયખનો ખયાલ તો તા'ઝીમ તથા બુઝુર્ગી સાથે માણસના દિલમાં ચોંટી જાય છે અને બળદ તથા ગધેડાનો ખયાલ ન તો આ રીતે ચિપકે છે અને ન તા'ઝીમ, બલ્કે હકીર તથા ઝલીલ હોય છે. અને **ગૈરની આ તા'ઝીમ તથા બુઝુર્ગી જો નમાઝમાં સચવાયેલ હોય તો તે "શિર્ક"ની તરફ ખેંચીને લઈ જાય છે.** *(સિરાતે મુસ્તકીમ, પેજ : ૧૩૬)* શું આ મુસલમાનની બોલી છે ?!

**આ છે વહાબી દેવબંદી અક઼ીદો !** શિર્કની તૌહીદની આડમાં નબી વલીની તૌહીન કરવી એ એમના ધર્મનો પાયો છે. આવો ! હવે કુર્આન, હદીષ તથા સહાબા તેમજ ઉમ્મતના બુઝુર્ગો ઉલમા આ બાબતે શું કહે છે ? તેને જુઓ અને ઈમાનને તાજગી બખ્શો. શું સહાબીઓના અક઼ીદા પણ આવા જ હતા ?!

## નમાઝમાં રસૂલના ખયાલને વહાબી શિર્ક તરફ લઈ જનાર કહે છે ! જ્યારે કુર્આન હદીષ હુઝૂરથી ગાફેલ ન થવા કહે છે !

કુર્આને પાકમાં રબનું ફર્માન છે :

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ لِمَا يُحْيِيْكُمْ ۚ وَاعْلَمُوْۤا اَنَّ اللّٰهَ يَحُوْلُ بَيْنَ الْمَرْءِ وَقَلْبِهٖ وَاَنَّهٗۤ اِلَيْهِ تُحْشَرُوْنَ ﴿۲۴﴾

"હે ઈમાનવાળાઓ ! **અલ્લાહ** અને **તેના રસૂલની બારગાહમાં હાજર થઈ જાવ જ્યારે તે તમને એ ચીજના માટે બોલાવે જે તમને જિંદગી આપે છે.** અને જાણી લો કે અલ્લાહનો હુકમ માણસ તથા તેના દિલના દરમિયાન આડ બની જાય છે. અને એ કે એની જ તરફ તમને ઉઠાડવામાં આવશે. *(સૂ. અન્ફાલ, ૮/૨૪, કન્ઝુલ ઈમાન)*

આ આયતમાં એક વચનનો સેગો "દઆ" (دَعَا) છે એટલા માટે વર્ણવવામાં આવ્યું કે હુઝૂર સૈયદુલ મુરસલીન ﷺનું બોલાવવું એ અલ્લાહ ﷻનું જ બોલાવવું છે. *(ખાઝિન સૂ. અન્ફાલ, આયત ૨૪ હેઠળ, ૨/૧૮૮)*

આ આયતથી સાબિત થયું કે તાજદારે રિસાલત મઆબ ﷺ જ્યારે પણ કોઈને બોલાવે તો તેના પર લાઝિમ છે કે તે આપની બારગાહમાં હાજર થઈ જાય ભલે તે કોઈ પણ કામમાં (ચાહે નમાઝમાં) વ્યસ્ત હોય. **બુખારી શરીફ**માં છે, હઝરત અબૂ સઈદ ઈબ્ને મઅલા رضی اللہ عنہ ફર્માવે છે કે હું મસ્જિદે નબવીમાં નમાઝ પઢી રહ્યો હતો એવામાં મને રસૂલુલ્લાહ ﷺએ બોલાવ્યો પણ હું આપના બોલાવવા પર હાજર ન થયો. (નમાઝથી ફારિગ થયા બાદ) મેં ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું નમાઝ પઢી રહ્યો હતો. સરકારે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, શું અલ્લાહ તઆલાએ આવુ નથી ફર્માવ્યું કે : يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ "અલ્લાહ અને તેના રસૂલના બોલાવવા પર હાજર થઈ જયા કરો જ્યારે તે તમને બોલાવે." *(બુખારી, ૩/૧૬૩, હદીષ–૪૪૭૪)*

આવો જ એક બનાવ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે નબી કરીમ ﷺ હઝરત

ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہની તરફ તશરીફ લાવ્યા અને તેમને અવાજ આપ્યો, હે ઉબય ! હઝરત ઉબય رضی اللہ عنہ નમાઝ પઢી રહ્યા હતા. તેમણે નબી કરીમ ﷺની તરફ જોયું પરંતુ કોઈ જવાબ ન આવ્યો. પછી ટૂંકી નમાઝ પઢીને નબી ﷺની બારગાહમાં હાજર થયા અને અર્ઝ કરી, અસ્સલામુ અલૈક યા રસૂલુલ્લાહ ! ﷺ રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું, વ અલૈકસ્સલામ હે ઉબય ! જ્યારે મેં તમને પોકાર્યા તો જવાબ આપવામાં કઈ ચીજ રુકાવટ બની ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું નમાઝ પઢી રહ્યો હતો. હુઝૂરે અક્દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો શું તમે કુર્આને પાકમાં આ આયત નથી જોયી ? :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ لِمَا يُحْيِيْكُمْ

"અલ્લાહ અને તેના રસૂલની બારગાહમાં હાજર થઈ જાવ જ્યારે તે તમને એ ચીજના માટે બોલાવે જે તમને જિંદગી આપે છે." અર્ઝ કરી હા ! યા રસૂલલ્લાહ ! ﷺ હવેથી એવું થશે નહીં.

*(તિર્મિઝી, ૪/૪૦૦, હદીષ–૨૮૮૪)*

જાણો કે હુઝૂર ﷺએ સ્પષ્ટ ફર્માવી દીધુ કે નમાઝ મારા વાસ્તા તથા વસીલાથી તમને નસીબ થઈ તો નમાઝની હાલતમાં પણ તમોએ મારાથી ગાફેલ ન થવું જોઈએ. જેથી જ્યારે રસૂલ ﷺ પોકારે તો કાબાથી મોં ફેરવીને કા'બાના કા'બા હુઝૂર ﷺની તરફ મોં કરો, એમના દરબારમાં હાજર થઈ જાવ, તેમના હુકમનુ પાલન કરો. આ શરઈ મસ્અલો છે કે આ સ્થિતિમાં નમાઝ તૂટશે નહીં. જ્યાં સુધી ગુલામ આકાના દરબારમાં હાજર છે નમાઝમાં જ છે, અહીંથી ઈજાઝત મળે તો પરત થઈને બાકીની નમાઝ પૂરી કરી લે. જેમ કે નમાઝ વુઝૂ તૂટતાં ફરી વુઝૂ કરીને જ્યાંથી નમાઝ બાકી હતી ત્યાંથી પૂરી કરે એ મુજબ.

## ક્યાં છે વહાબી દેવબંદી ! આ હદીષો વાંચે અને તૌબા કરે !

દરેક ઈન્સાફ પ્રિય કલમો પઢનારાને અમારી દાવત છે કે સૌ પ્રથમ તમે "સિરાતે મુસ્તકીમ" વહાબી દેવબંદીઓની કિતાબનું લખાણ વાંચ્યું **જેમાં નબી પાક ﷺના નમાઝમાં ખયાલને બળદ ગધેડાના ખયાલ કરતાં બુરો અને શિર્ક તરફ લઈ જનાર દર્શાવ્યો.** પછી તમે રબનો આદેશ કુર્આનમાં જોયો કે **નમાઝની હાલતમાં પણ રસૂલે ખુદા ﷺ પુકારે તો પણ હાજર થઈ જાવ !** હવે કહો કે, **શું કુર્આન શિર્કની તાલીમ આપી રહ્યું છે ?! શું ઉપરોક્ત હદીષોમાં રસૂલે પાક ﷺ નમાઝમાં હોય તો પણ તેમના પોકારવા પર હાજર થવાનું જણાવીને શિર્કની તાલીમ આપી રહ્યા છે ?! શું શિર્ક વિશેની સમજ આજકાલના આ વહાબીઓ દેવબંદીઓને પડી ગયેલી છે અને મઆઝલ્લાહ ! રસૂલુલ્લાહ ﷺ તથા સહાબીઓને ન હતી ?!** શાંતિથી વિચારો અને ફેંસલો કરો કે વહાબી દેવબંદીઓનો અકીદો કેટલો ગુસ્તાખીપૂર્ણ તથા ખતરનાક છે. **વહાબી તો હુઝૂર ﷺ તરફ નમાઝમાં ધ્યાન લઈ જવાને શિર્ક તરફ લઈ જનાર લખે છે જ્યારે કુર્આન તથા હદીષ તો ફર્માવે છે કે કેવળ ધ્યાન નહીં, ચાલુ નમાઝે રસૂલ ﷺના પોકારવા પર તેમની તાઝીમમાં ખુદ હાજર થઈ જાવ ! શું હજી પણ તેમના અકીદાના ગલત તથા બદઅકીદા હોવા માટે કોઈ દલીલની જરૂર છે ?!**

વળી ફર્ઝ નમાઝમાં હુઝૂર ﷺ સિવાય અન્ય કોઈના બોલાવવા પર જવું જાઈઝ નથી. રસૂલુલ્લાહ ﷺના

બોલાવવા પર હાજર થવાની દલીલ આપણે ઉપલા લખાણમાં કુર્આન તથા હદીષોથી જાણી લીધી. હુઝૂર ﷺને પોતાના જેવા બશર કહેનારા તથા બેઈખ્તિયાર કહેનારા આ પરથી બોધ લેશે ખરા ?!

## ચાલુ નમાઝમાં અબૂબક્ર તથા સહાબાએ નબી ﷺની કેવી તાઝીમ કરી ? જુઓ !

હઝરત સૈયદના સહલ બિન સઅદ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺ કબીલા બની અમ્ર બિન ઔફના વચ્ચે સુલહ કરાવવા તશરીફ લઈ ગયા. જ્યારે નમાઝનો સમય નજીક આવ્યો તો હઝરત સૈયદના બિલાલ رضی اللہ عنہએ હઝરત સૈયદના અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہને ફર્માવ્યું, શું આપ લોકોને નમાઝ પઢાવશો ? હઝરત સૈયદના અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہએ ફર્માવ્યું, જી હા ! જેથી ઈકામત કહેવામાં આવી તો હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ નમાઝ પઢાવવા લાગ્યા. હજી નમાઝ અદા જ કરી રહ્યા હતા એવામાં અલ્લાહના પ્યારા હબીબ ﷺ તશરીફ લઈ આવ્યા અને સફમાં સામેલ થઈ ગયા. લોકોએ તસ્ફીક કરી (ડાબા હાથની પીઠ પર જમણા હાથની હથેળી મારીને તાલી જેવો અવાજ પેદા કર્યો.) પરંતુ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એટલા ખુશૂઅ તથા ખુઝૂઅમાં નમાઝ અદા કરી રહ્યા હતા કે આપ رضی اللہ عنہને પોતાના આસપાસની ખબર જ રહેતી ન હતી. જેથી લોકોએ તસ્ફીક (તાળી)માં એકદમ વધારો કર્યો તો હઝરત સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہએ તેમના પ્રતિ ધ્યાન કર્યું અને જોયું કે રસૂલુલ્લાહ ﷺ સફમાં મૌજૂદ છે. તાજદારે રિસાલત, શહનશાહે નબુવ્વત ﷺએ અબૂબક્ર رضی اللہ عنہને પોતાની જગાએ ઉભા રહેવાનો ઈશારો કર્યો, પણ આપ رضی اللہ عنہ ધીરે ધીરે પાછળ આવીને સફમાં ઉભા થઈ ગયા અને સરકાર ﷺએ આગળ વધીને લોકોને બાકીની નમાઝ પઢાવી. નમાઝ પૂર્ણ કર્યા બાદ આપ ﷺએ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને ફર્માવ્યું કે, હે અબૂબક્ર ! જ્યારે મેં તમને પાછા હટવાથી મના કર્યું હતું છતાં તમને કઈ ચીજે પાછળ હટવા પર મજબૂર કર્યા ? હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અબૂ કહાફાના પુત્રની કઈ રીતે હિંમત થઈ શકે છે કે અલ્લાહ عزوجلના રસૂલ ﷺની મૌજૂદગીમાં લોકોને નમાઝ પઢાવે ! રસૂલુલ્લાહ ﷺએ સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَને ઈર્શાદ ફર્માવ્યો, મેં તમને લોકોને તસ્ફીક (તાળી)માં અતિ વધારો કરતા જોયા છે, યાદ રાખશો ! જ્યારે નમાઝમાં આ રીતનો કોઈ મામલો ઉપસ્થિત થાય તો તસ્બીહ એટલે સુબ્હાનલ્લાહ કહો, કેમ કે જ્યારે તસ્બીહ કહેવામાં આવશે તો ઈમામ તેના તરફ ધ્યાનિત થઈ જશે, અને તસ્ફીક (એ રીતની તાળી પાડવું) કેવળ સ્ત્રીઓ માટે છે. *(સહીહ બુખારી, કિતાબુલ અઝાન, હદીષ–૬૮૪, ૧/૨૪૪)*

વાંચો હવે દેવબંદી વહાબી બેઅદબ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ સીરતે મુસ્તકીમ જેમાં સ્પષ્ટ લખ્યું કે (નમાઝની હાલતમાં) :–

''ઝિનાના વસવસા કરતાં પોતાની પત્ની સાથે સંભોગનો ખયાલ બેહતર છે અને શયખ અથવા એના જેવા અન્ય બુઝુર્ગોની તરફ **ભલે જનાબ રિસાલત મઆબ જ કેમ ન હોય પોતાના ધ્યાનને લઈ જવું પોતાના બળદ તથા ગધેડાના ખયાલમાં ડૂબી જવા કરતાં પણ વધુ બુરુ છે.** કેમ કે શયખનો ખયાલ તો તા'ઝીમ તથા બુઝુર્ગી સાથે માણસના દિલમાં ચોંટી જાય છે અને બળદ તથા ગધેડાનો ખયાલ ન તો આ રીતે ચિપકે છે અને ન તા'ઝીમ, બલ્કે હકીર તથા ઝલીલ હોય છે. અને **ગૈરની આ તા'ઝીમ તથા બુઝુર્ગી જો નમાઝમાં સચવાયેલ હોય તો તે ''શિર્ક''ની તરફ ખેંચીને લઈ જાય છે.** *(સિરાતે મુસ્તકીમ, પેજ : ૧૩૬)*

અસ્તગફિરુલ્લાહ ! ઉપરોક્ત સહીહ બુખારીની હદીષમાં તો સહાબાએ હુઝૂર તરફ મનથી ધ્યાન નથી કર્યું બલ્કે તન મનથી ધ્યાન કરીને તસ્ફીક઼ (તાળી) પાડી અને અબૂબક્ર رضی اللہ عنہ ઈમામતના મુસલ્લેથી ચાલુ નમાઝે પાછા હટયા અને હુઝૂર ﷺએ નમાઝ પઢાવી અને પૂરી કર્યા બાદ નમાઝ ફરી પઢવા પણ નથી કહ્યું અને એવું પણ નથી કહ્યું કે, "નમાઝમાં મારો ખયાલ એ બળદ ગધેડા કરતાં બુરો અને શિર્ક તરફ લઈ જનારો છે." (મઆઝલ્લાહ !) **યાદ રાખશો ! ન એ રસૂલ ﷺનો અક઼ીદો છે ન સહાબીએ રસૂલનો ! એ અક઼ીદો નબી વલીના ગુસ્તાખો વહાબી દેવબંદીઓનો અક઼ીદો છે.** ઉપરોક્ત સહીહ બુખારીનો પ્રસંગ વારંવાર વાંચો અને ઈમાનને તાજુ કરો.

*રિયાઝત નામ હૈ તેરી ગલીમેં આને જાનેકા – તસવ્વુરમેં તેરે રહના ઈબાદત ઉસકો કહતે હૈં*

## નમાઝમાં રસૂલ ﷺના ખયાલથી રોકવાની વાત કેટલી મહાન મૂર્ખતા છે !

ભાઈઓ તથા બહેનો ! નમાઝનો તોહફો શબે મેઅરાજમાં કોના થકી આપણા સુધી આવ્યો ? તો કહેવું પડશે કે રસૂલલ્લાહ ﷺ થકી. નમાઝ એ કોની અદાઓનું નામ છે ? તો કહેવું પડશે કે હુઝૂર ﷺની ! નમાઝ કઈ રીતે પઢવી તેમાં શું શું પઢવું તે કોણે શીખવાડયું ? તો કહેવું પડશે કે નબી પાક ﷺએ જ શીખવ્યું. નમાઝમાં કિ઼ર્અત જે પઢાશે એ કુર્આન કોના પર નાઝિલ થયેલું ? કહેવું જ પડશે કે નબી ﷺ પર. એમાં તો "યા ઐયુહન્નબી, યા ઐયુહર્રસૂલ, યા મુઝ્ઝમ્મિલ, યા મુદષ્ષિર તેમજ મુહમ્મદુર્રસૂલુલ્લાહ" થી સંબોધન થતી આયતો પણ પઢાશે, તો ત્યારે કોનો ખયાલ આવશે ?! અને છેવટમાં અત્તહિય્યાત પઢશો તેમાં તો સ્પષ્ટ છે કે **"અસ્સલામુ અલૈક ઐયુહન્નબી"** એટલે કે **"યા નબી સલામ અલૈક"** એટલે **"હે નબી! આપ પર સલામ થજો !"** તો એ વખતે નબીનો ખયાલ નહીં આવે ?! જેને તમે સંબોધન કરો કે હે ફલાણા ! તો સંબોધન પહેલાં તેનો ખયાલ લાવો છો, તેના પ્રતિ ધ્યાનિત થાવ છો, પછી તેને પુકારો છો, તો નમાઝમાં રસૂલુલ્લાહ ﷺને સંબોધન પણ કરો અને ખયાલ પણ ન લાવો એ શક્ય છે ?! તો હવે વિચારો કે એમનાથી વધારે મહાન મૂર્ખ કયો હશે જે એવું કહે કે, "નમાઝમાં રસૂલ ﷺનો ખયાલ લાવવાથી તાઝીમ સાથે આવશે અને જેથી તે શિર્ક તરફ લઈ જશે !" શું સહાબાએ રસૂલુલ્લાહ ﷺનો નમાઝમાં ખયાલ કર્યો અને તસ્ફીક઼ (તાળી) વડે હઝરત અબૂબક્ર رضی اللہ عنہને ખબર કરી અને તે ચાલુ નમાઝે પાછા હટી ગયા, આ બધું નબીની તાઝીમમાં થયું કે નફરતમાં ?! યક઼ીનન ! સહાબાએ નમાઝમાં રસૂલ ﷺની તાઝીમ કરી. તો શું શિર્કની ગંધ તેમને એમાં ન આવી અને આ આજકાલના વહાબીઓને નબીની તાઝીમમાં શિર્કની ગંધ આવે છે ! રસૂલે પાક ﷺએ પણ એવું ન કહ્યું કે નમાઝ તૂટી ગઈ ફરી પઢો બલ્કે આગળ વધી તે જ નમાઝ પૂરી કરી.

*શિર્ક ઠહરે જિસમેં તાઝીમે રસૂલ ﷺ–ઉસ બુરે મઝહબપે લા'નત કીજિયે*

## નમાઝમાં અત્તહિય્યાતમાં હુઝૂરને હાઝિર નાઝિર જાણીને સલામ કરો

શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ "મદારિજુન્નબુવ્વત"માં ફર્માવે છે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمને યાદ કરો અને દુરૂદ મોકલો અને (તેમના) ઝિક્રની હાલતમાં એ રીતે રહો કે **હુઝૂર હયાત હાલતમાં તમારી સામે છે અને તમે તેમને જુઓ છો, અદબ** તથા **તા'ઝીમ** અને પ્રભાવ તથા હયા સાથે રહો, અને જાણો

કે હુઝૂર ﷺ તમારા કલામને જુએ તથા સાંભળે છે કેમ કે હુઝૂર ﷺ અલ્લાહની સિફતોથી મૌસૂફ (સિફતો ધરાવનાર) છે, અને અલ્લાહની એક સિફત એ છે કે, હું મારું ઝિક્ર કરનારાઓનો હમનશીં છું.

હઝરત ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ ઈહયાઉલ ઉલૂમમાં તશહ્હુદમાં નબીએ પાક ﷺને જે સંબોધન કરવામાં આવે છે એ વિશે પોતાનું મંતવ્ય રજૂ ફર્માવે છે : "પોતાના દિલમાં નબીએ પાક ﷺ અને આપના વ્યક્તિત્વને હાજર સમજો અને પછી પઢો, અય નબી ! તમારા પર સલામ અને અલ્લાહની રહમતો બરકત." *(ઈહયાઉલ ઉલૂમ, ભાગ-૧, બાબ-૪, ફસ્લ-૩, નમાઝની બાતિની શર્તો)*

ઈમામે ગિઝાલી رحمۃ اللہ علیہના ફર્માનનો ભાવાર્થ એ છે કે **તશહ્હુદમાં આપણે જે નબીને સંબોધન કરીને સલામ કરીએ છીએ એમાં આપણે નબી પર સલામની નિય્યત કરવી જોઈએ અને એ માન્યતા રાખવી જોઈએ કે આપણા નબી પોતાની રૂહાનિયતથી આપણા દિલમાં હાજર છે** અને આપણે નબીને સંબોધન કરી રહ્યા છીએ.

## નમાઝમાં નબી તથા નબીની બીવીઓ તથા ઔલાદને પણ યાદ રાખો !

હઝરત અબૂ હુમૈદ સાઅદી رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે આપના પર દુરૂદ કેવી રીતે મોકલીએ ? તો આપ ﷺએ ફર્માવ્યું, આ પ્રમાણે કહો : હે અલ્લાહ ! હુઝૂર મુહમ્મદ તથા તેમની પત્નીઓ અને તેમની ઔલાદ પર, એવી જ રહમતો નાઝિલ કર જેમ કે આલે ઈબ્રાહીમ પર ઉતારી. તું હમ્દ તથા બુઝુર્ગીવાળો છે. *(મુસ્લિમ, બુખારી, મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ, હદીષ-૮૫૯)*

જુઓ ! નમાઝના કાઈદામાં દુરૂદ છે અને નબી તથા આલે નબી પર દુરૂદ મોકલ્યા વિના નમાઝ કામિલ થતી નથી. તો પછી આ પઢતી વખતે શું નબી તથા આલે નબી માટે તાઝીમની સાથે દુરૂદ પઢાશે કે નફરતના ભાવથી ? અરે ! જો તાઝીમ વિના અન્ય રીતે દુરૂદ પઢશો તો નમાઝ તો બાજુ પર રહી ઈમાન ખતરામાં જશે ! તો શું આ દુરૂદ પઢવામાં શિર્ક થઈ જશે ?! બેવકૂફો નબી તથા આલે નબી પર દુરૂદ પઢવું એ અલ્લાહની ઈબાદતમાં જ સામેલ છે, એને કોઈ અલગ ચીજ સમજો.

અંતમાં સર્વ કલમા ગો હઝરાતને અમારા તરફથી દાવત છે કે જો તમો ખરેખર મઝહબે હક્ક઼ પર રહેવા માગો છો તો ફરી ફરી આ લેખને વાંચો અને આખેરતમાં ઈમાન વિના કામયાબી નથી, બલ્કે હમેશાંની જહન્નમમાં જવુ પડશે એ ખયાલ સાથે ખુદાનો ખૌફ દિલમાં બેસાડીને જુઓ કે કુર્આન, હદીષ, સહાબાએ કિરામ, અહલે સુન્નતના ઉલમા, બુઝુર્ગો સર્વેમાંથી કોઈનો એ અક઼ીદો નથી કે "નમાઝમાં રસૂલનો ખયાલ એ તમારા બળદ તથા ગધેડાં કરતાં બુરો અને શિર્ક તરફ લઈ જનાર છે." બલ્કે ઉલમા બુઝુર્ગો તો તાકીદ કરે છે કે હુઝૂરને હયાત હાલતમાં તમારી સામે મૌજૂદ જાણીને અત્તહિય્યાતમાં સલામ કરો. તો **હવે ફેંસલો તમારા હાથમાં છે કે તમો કુર્આન, હદીષ, સહાબાએ કિરામ, બુઝુર્ગાને દીન તથા ઉલમાએ એહલે સુન્નતને માનો કે પછી વર્તમાનકાળના નબી વલીના ગુસ્તાખ વહાબી દેવબંદીઓનું માનો.** જન્નત તથા જહન્નમનો ફેંસલો તમારા જ હાથમાં છે, ઠંડકથી વિચારીને ઈન્સાફથી ફેંસલો કરો. વમા અ઼લૈના ઈલ્લલ બલાગ઼. વમા તૌફીક઼ી ઈલ્લા બિલ્લાહ.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

**સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.**

وَ لِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَ الْاَرْضِ ؕ وَ اللّٰهُ عَلٰى كُلِّ
شَیْءٍ قَدِیْرٌ ﴿۱۸۹﴾ اِنَّ فِیْ خَلْقِ السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَ
اخْتِلَافِ الَّیْلِ وَ النَّهَارِ لَاٰیٰتٍ لِّاُولِی الْاَلْبَابِ ﴿۱۹۰﴾
الَّذِیْنَ یَذْكُرُوْنَ اللّٰهَ قِیٰمًا وَّ قُعُوْدًا وَّ عَلٰى
جُنُوْبِهِمْ وَ یَتَفَكَّرُوْنَ فِیْ خَلْقِ السَّمٰوٰتِ وَ
الْاَرْضِ ۚ رَبَّنَا مَا خَلَقْتَ هٰذَا بَاطِلًا ۚ سُبْحٰنَكَ
فَقِنَا عَذَابَ النَّارِ ﴿۱۹۱﴾ رَبَّنَاۤ اِنَّكَ مَنْ تُدْخِلِ النَّارَ
فَقَدْ اَخْزَیْتَهٗ ؕ وَ مَا لِلظّٰلِمِیْنَ مِنْ اَنْصَارٍ ﴿۱۹۲﴾ رَبَّنَاۤ
اِنَّنَا سَمِعْنَا مُنَادِیًا یُّنَادِیْ لِلْاِیْمَانِ اَنْ اٰمِنُوْا
بِرَبِّكُمْ فَاٰمَنَّا ۖۗ رَبَّنَا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَ كَفِّرْ
عَنَّا سَیِّاٰتِنَا وَ تَوَفَّنَا مَعَ الْاَبْرَارِ ﴿۱۹۳﴾ رَبَّنَا وَ اٰتِنَا مَا

## સૂરએ આલે ઈમરાનની તફસીર

*અને આકાશો તેમજ જમીનનું રાજ્ય અલ્લાહનું જ છે[૨૦૩] અને અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત (સત્તા) ધરાવે છે (૧૮૯) બેશક ! આસ્માનો અને જમીનની પેદાઈશમાં અને રાત્રી દિવસની ફેરબદલીમાં નિશાનીઓ છે[૨૦૪] બુદ્ધિમાનો માટે[૨૦૫] (૧૯૦) જેઓ અલ્લાહની યાદ કરે છે ઉભાં અને બેઠાં તેમજ પાસાંઓ પર આડા પડખે થઈને[૨૦૬] અને વિચાર કરે છે આસ્માનો અને ધરતીની પેદાઈશમાં[૨૦૭] અય અમારા રબ ! તેં આ અમસ્તુ જ નથી બતાવ્યું[૨૦૮] તારા માટે (જ) પવિત્રતા છે. તું અમને દોઝખના અઝાબથી બચાવી લે (૧૯૧) અય અમારા રબ! બેશક ! જેને તું દોઝખમાં લઈ જાય સાચે જ તેં તેને અપમાનિત કર્યો, અને જુલ્મીઓનું કોઈ સહાયક નથી (૧૯૨) અય અમારા રબ ! એક એક પોકારનારને સાંભળ્યો[૨૦૯] જે ઈમાન માટે પોકારી રહ્યો છે કે પોતાના રબ પર ઈમાન લાવો તો અમે ઈમાન લાવ્યા. અય અમારા રબ ! તું અમારા ગુનાહ માફ કર અને અમારાં કુકૃત્યો ભૂસી નાખ, અને અમારું મૃત્યુ સારા લોકો સાથે કર[૨૧૦] (૧૯૩) અય અમારા રબ ! અને અમને*

તે[૨૧૧] આપ જેનો તેં તારા રસૂલો મારફત અમારી સાથે વાયદો કર્યો છે અને અમને કયામતના દિવસે અપમાનિત ન કર. બેશક ! તું વાયદા ખિલાફી નથી કરતો (૧૯૪) તો એમના પરવરદિગારે એમની દુઆ સાંભળી લીધી, કે હું તમારામાંના કામ કરનારની મેહનત બેકાર નથી કરતો, પુરૂષ હોય કે સ્ત્રી તમે અંદરોઅંદર એક (જ) છો[૨૧૨] તો તેઓ જેમણે હિજરત કરી અને પોતાનાં ઘરોમાંથી કાઢી મૂકાયા અને મારા માર્ગમાં સતાવાયા અને લડયા તેમજ માર્યા ગયા, હું જરૂર તેમના બધા ગુનાહ ઉતારી દઈશ અને જરૂર તેમને બગીચાઓમાં લઈ જઈશ જેમની નીચે નહેરો વહે છે[૨૧૩] અલ્લાહ તરફનો સવાબ. અને અલ્લાહ પાસે જ ઉત્તમ સવાબ છે (૧૯૫) અને અય સાંભળનાર ! કાફિરોનું શહેરોમાં હરખાઈ હરખાઈને ટહેલવું તને (ક્યાંય) છેતરી ન કાઢે[૨૧૪] (૧૯૬) (એ તો) ટૂંક સમયનો વપરાશ છે, એમનું ઠેકાણું (તો) દોઝખ છે, અને (તે) કેટલો ખરાબ પથારો છે (૧૯૭) પરંતુ તેઓ જે પોતાના રબથી ડરે છે તેમના માટે જન્નતો છે જેમના નીચે નહેરો વહે. હમેશાં તેમાં રહેશે અલ્લાહ તરફથી મહેમાની. અને જે અલ્લાહ પાસે છે તે નેક લોકો માટે સર્વોત્તમ (છે)[૨૧૫] (૧૯૮) અને બેશક ! અમુક કિતાબવાળા એવા છે કે અલ્લાહને અને જે તમારી તરફ ઉતર્યું તેના પર અને જે એમના તરફ ઉતર્યુ[૨૧૬] તેના પર ઈમાન લાવે છે, એમના હૃદયો અલ્લાહ તરફ નમેલાં[૨૧૭] (છે) અલ્લાહની આયતોના બદલે તુચ્છ મૂલ્યો નથી સ્વીકારતા[૨૧૮] આ તે (લોકો) છે જેમના સવાબ

وَعَدْتَّنَا عَلٰى رُسُلِكَ وَ لَا تُخْزِنَا يَوْمَ الْقِيٰمَةِ ؕ
اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ ﴿۱۹۴﴾ فَاسْتَجَابَ لَهُمْ رَبُّهُمْ
اَنِّیْ لَاۤ اُضِیْعُ عَمَلَ عَامِلٍ مِّنْكُمْ مِّنْ ذَكَرٍ اَوْ
اُنْثٰى ۚ بَعْضُكُمْ مِّنْۢ بَعْضٍ ۚ فَالَّذِیْنَ هَاجَرُوْا وَ
اُخْرِجُوْا مِنْ دِیَارِهِمْ وَ اُوْذُوْا فِیْ سَبِیْلِیْ وَ قٰتَلُوْا
وَ قُتِلُوْا لَاُكَفِّرَنَّ عَنْهُمْ سَیِّاٰتِهِمْ وَ لَاُدْخِلَنَّهُمْ
جَنّٰتٍ تَجْرِیْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ۚ ثَوَابًا مِّنْ عِنْدِ
اللّٰهِ ؕ وَ اللّٰهُ عِنْدَهٗ حُسْنُ الثَّوَابِ ﴿۱۹۵﴾ لَا یَغُرَّنَّكَ
تَقَلُّبُ الَّذِیْنَ كَفَرُوْا فِی الْبِلَادِ ﴿۱۹۶﴾ مَتَاعٌ قَلِیْلٌ ۟
ثُمَّ مَاْوٰىهُمْ جَهَنَّمُ ؕ وَ بِئْسَ الْمِهَادُ ﴿۱۹۷﴾ لٰكِنِ
الَّذِیْنَ اتَّقَوْا رَبَّهُمْ لَهُمْ جَنّٰتٌ تَجْرِیْ مِنْ
تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِیْنَ فِیْهَا نُزُلًا مِّنْ عِنْدِ اللّٰهِ ؕ
وَ مَا عِنْدَ اللّٰهِ خَیْرٌ لِّلْاَبْرَارِ ﴿۱۹۸﴾ وَ اِنَّ مِنْ اَهْلِ
الْكِتٰبِ لَمَنْ یُّؤْمِنُ بِاللّٰهِ وَ مَاۤ اُنْزِلَ اِلَیْكُمْ وَ مَاۤ
اُنْزِلَ اِلَیْهِمْ خٰشِعِیْنَ لِلّٰهِ ۙ لَا یَشْتَرُوْنَ بِاٰیٰتِ
اللّٰهِ ثَمَنًا قَلِیْلًا ؕ اُولٰٓىِٕكَ لَهُمْ اَجْرُهُمْ عِنْدَ
رَبِّهِمْ ؕ اِنَّ اللّٰهَ سَرِیْعُ الْحِسَابِ ﴿۱۹۹﴾ یٰۤاَیُّهَا الَّذِیْنَ
اٰمَنُوا اصْبِرُوْا وَ صَابِرُوْا وَ رَابِطُوْا ۟ وَ اتَّقُوا اللّٰهَ
لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿۲۰۰﴾

*એમના રબ પાસે છે અને અલ્લાહ જલ્દી હિસાબ કરનાર છે (૧૯૯) હે ઈમાનવાળાઓ ! સબ્ર કરો[૨૧૯] અને સબ્રમાં શત્રુઓથી આગળ રહો અને સરહદ પર ઈસ્લામી દેશની રક્ષા કાજે ચોકી કરો અને અલ્લાહથી ડરતા રહો એવી આશાએ કે (તમે) સફળ થાવ (૨૦૦)*

**:: સમજૂતી ::**

**૨૦૩** : આમાં પેલા ગુસ્તાખોને રદીયો છે જેમણે કહ્યું હતું કે અલ્લાહ ફકીર છે.

**૨૦૪** : અનંત ઈલ્મ અને હિકમતવાળા સત્તાધારી પેદા કરનારા અસ્તિત્વને પુરવાર કરનારી.

**૨૦૫** : જેમની બુદ્ધિ મેલથી પવિત્ર હોય અને જગતની અજબ ગજબ બાબતોને વિશ્વાસ તેમજ દલીલ પકડવાની રીતે દેખતા હોય.

**૨૦૬** : અર્થાત હર હાલમાં મુસ્લિમ શરીફની હદીષમાં છે કે હુઝૂર ﷺ તમામ સમયમાં અલ્લાહની યાદ કરતા હતા. બંદાની કોઈ હાલત અલ્લાહની યાદથી ખાલી ન હોવી જોઈએ. હદીષ શરીફમાં છે કે જન્નતના બગીચાઓમાં ફળ ચૂંટવાની આશા રાખતો હોય તેને અલ્લાહનું ઝિક્ર ખૂબ કરવું જોઈએ.

**૨૦૭** : અને એના વડે એને બનાવનારની કુદરત અને હિકમત સાબિત કરે છે, એવું કહેતાં કહેતાં કે..

**૨૦૮** : બલ્કે પોતાની મઅરિફત (ઓળખ)ની દલીલ બનાવ્યાં.

**૨૦૯** : એ પોકારનાર એટલે કે સૈયદે અંબિયા મુહમ્મદ મુસ્તફા ﷺ, જેમની શાનમાં "દાઈયન ઈલ્લલ્લાહિ બિઈજનિહિ" (અલ્લાહના હુકમથી તેના તરફ બોલાવનાર) બયાન થયું છે, અથવા કુર્આન શરીફ.

**૨૧૦** : અંબિયા અને સાલિહીન (અવલિયા) સાથે, જેથી અમે તેમના આજ્ઞાંકિતોમાં ગણાઈએ.

**૨૧૧** : ફઝલ અને રહ્‌મત.

**૨૧૨** : અને આમાલને બદલો મેળવવામાં પુરૂષ સ્ત્રી વચ્ચે કાંઈ જ તફાવત નથી.

**શાને નુઝૂલ** : ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا એ વિનંતિ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ હિજરતના સવાબ સંબંધે સ્ત્રીઓ વિશે તો હું કશું સાંભળતી જ નથી, એટલે કે હિજરત કરનાર પુરૂષોના સવાબનું તો સાંભળ્યું પણ હિજરત કરનાર સ્ત્રીઓને સવાબ મળશે કે કેમ ? તેનું પણ બયાન થવું જોઈએ, ત્યારે આ આયત ઉતરી અને તેમને સાંત્વન આપવામાં આવ્યું કે સવાબ તો અમલના બદલે મળે છે કે પુરૂષ હોય કે સ્ત્રી હોય.

**૨૧૩** : આ સર્વ કાંઈ અલ્લાહનો ફઝલ અને કરમ છે અને.

**૨૧૪ : શાને નુઝૂલ** : અમુક મુસલમાનોએ કહ્યું કે અલ્લાહના દુશ્મન કાફિરો અને મુશ્રિકો તો એશ આરામમાં જીવે છે. અને આપણે તંગી અને તકલીફમાં છીએ, ત્યારે આ આયત ઉતરી અને બતાવવામાં આવ્યું કે એમનો આ એશઆરામ "મતાએ ક઼લીલ" (ટૂંકી પુંજી) છે અને એમનું પરિણામ તો ખરાબ જ છે.

**૨૧૫** : બુખારી અને મુસ્લિમ શરીફની હદીષમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہ સૈયદે આલમ ﷺના પવિત્ર નિવાસમાં હાજર થયા. તો તેમણે નિહાળ્યું કે બંને જગતના બાદશાહ એક નાળિયેરના ટાટના ટુકડા પર આરામ ફર્માવી રહ્યા છે. માથા મુબારકની નીચે ચામડાનો એક એવો તકીયો છે જેમાં છાલ ભરેલી છે. પવિત્ર શરીર પર ટાટના લિસોટા પડેલા છે. આવી હાલત જોઈને હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ રડી પડયા. હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ રડવાનું કારણ પૂછયું કે, યા રસૂલલ્લાહ ! ﷺ કૈસર અને કિ઼સરા

(રોમ અને ફારસના બાદશાહ) તો એશઆરામમાં જીવન વ્યતિત કરે છે અને આપ અલ્લાહના રસૂલ થઈને આવી હાલતમાં ? ! ફર્માવ્યું, "શું તમને પસંદ નથી કે તેમના માટે દુનિયા હોય અને આપણા માટે આખિરત."

**૨૧૬ : શાને નુઝૂલ** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું. આ આયત હબશા (ઈથોપીયા)ના નજ્જાશી વિશે ઉતરી. તેમના મૃત્યુના દિવસે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ સહાબાને ફર્માવ્યું, "ચાલો અને પોતાના ભાઈની નમાઝ પઢો જે બીજા દેશમાં મૃત્યુ પામ્યા છે." હુઝૂર બકીઅ શરીફ (કબ્રસ્તાન)માં પધાર્યા. હબશાની ધરતી આંખની સામે પ્રત્યક્ષ કરવામાં આવી. નજ્જાશી બાદશાહનો જનાઝો દૃષ્ટિ સમક્ષ થયો, ત્યાં આપે ચાર તકબીરો સાથે નમાઝ પઢી અને તેમના માટે મગફિરતની દુઆ માગી.

સુબ્હાનલ્લાહ ! શું દૃષ્ટિ છે અને શું શાન છે ! હબશાની ધરતી હિજાઝમાં સામે કરી દેવામાં આવી છે. આવુ બન્યું ત્યારે મુનાફિકો કાનાફૂસી કરવા માંડયા કે જુઓ તો ખરા ! હબશાના ખ્રિસ્તી માટે નમાઝ પઢે છે જેને આપે કદી જોયો પણ નથી, તેમજ તે આપના ધર્મ પર પણ ન હતો. ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી.

**૨૧૭** : આજિજી; ઈન્કેસારી અને નિખાલસતા સાથે.

**૨૧૮** : જેવી રીતે યહૂદી સરદારો લે છે.

**૨૧૯** : પોતાના ધર્મ પર અને તેને કોઈ સખ્તી તથા તકલીફ વગેરેના કારણે ત્યજ્યો નહીં, સબ્રના અર્થ વિશે હઝરત જુનૈદ رضی اللہ عنہ એ કહ્યું કે નફ્સ (વાસના અને મનેચ્છા ઉત્પન્ન કરતી શક્તિ)ને અગણમતી વસ્તુઓ માટે જબરદસ્તી વગર કેળવવો એ સબ્ર છે, અમુક બુદ્ધિમાનોએ કહ્યું છે કે સબ્રના ત્રણ પ્રકાર છે : (૧) ફરિયાદ ત્યજવી (૨) નસીબનો સ્વીકાર (૩) ખુદાઈ મરજીને સચ્ચાઈ પૂર્વક માન આપવું.

# નાદાન સુન્નીઓ થકી થઈ રહેલુ નુકસાન

*અઝ : મુફ્તી મુહમ્મદ મુન્નવર રઝા*

*(હઝરત લધાશાહ બાવા દરગાહ, ધોરાજી)*

વર્તમાન સમયમાં ઈલ્મી ફિકહી મતભેદો ચરમસીમા પર છે, અને તે દરેક કાળમાં વધુ ઓછા અંશે રહેલા છે. મતભેદ કરનાર ઓલમા ક્યારેય દુશ્મન હોતા નથી કારણ કે તેઓ સમજતા હોય છે કે મતભેદ અલગ ચીજ છે અને મનભેદ અલગ ચીજ છે, પરંતુ આ ફરક અમુક નાદાન યુવાનો સમજી શકતા નથી અને ઘર્ષણ ઊભુ થાય છે ! કારણ કે તેઓ પોતાને જ આલિમ અને મુત્તકી સમજતા હોય છે તેમની નજરમાં તેમના સિવાયના સુન્નીઓ સુલેહકુલ્લી હોય છે, જો આ વસ્તુ આપણા મુરબ્બી ઓલમા નવયુવાનોને નહીં સમજાવે તો સુન્નિયતને એટલુ નુકસાન વેઠવું પડશે કે જેની ભરપાઈ મુશ્કેલ બનશે. અહીં પરિસ્થિતિ સમજવા માટે એક સામાન્ય સાચો કિસ્સો રજૂ કરુ છું. વાયુ નામનું વાવાઝોડુ સૌરાષ્ટ્રની ધરતી પર ત્રાટકવાની અને તેના ભયંકર વિનાશની આગાહીઓ કરવામાં આવી હતી. તેવામાં એક સુન્ની સંસ્થા દ્વારા લોકોને તૌબા ઈસ્તિગફાર કરવા તેમજ આયતે કરીમાનો ખતમ શરીફ કરવાની અપીલ કરતો મેસેજ તૈયાર કરવામાં આવ્યો અને અંતે તે સંસ્થાનું નામ લખવામાં આવ્યું. આવા જ એક સુન્ની યુવાને ક્રોપ કરી, તે સુન્ની સંસ્થાનું નામ કાઢીને મેસેજ શેર કર્યો. પ્રથમ દ્રષ્ટિએ આ ઘટના સામાન્ય લાગે છે પણ જો ગંભીરતાથી વિચાર કરવામાં આવે તો આવા લોકોની મેલી માનસિકતા છતી થાય છે અને આવી માનસિકતા ફક્ત એક યુવાનની નથી બલ્કે એવા અસંખ્ય લોકો મળી આવશે. આવુ શા માટે ? અત્યારે એક સુન્ની બીજા સુન્નીનો વિરોધ કરે, એક સુન્ની આલિમ બીજા સુન્ની આલિમનો વિરોધ કરે, એકનો જલ્સો બીજા સુન્નીઓ કેન્સલ કરાવે, આપણે ક્યાં જઈ રહ્યા છીએ ? આપણા પૂર્વજોએ તો એક સ્ટેજ પર કેટલાયે ધુરંધર આલિમોને એક સાથે જોયા છે જ્યારે આજે આપણે બદમઝહબોનો જેટલો રદ નથી કરતા તેનાથી વધારે આપણો જ રદ કરીએ છીએ ! જેથી બદમઝહબોને મોકળુ મેદાન મળી ગયું છે. આપણા વડીલ આલિમોએ આવા જાહિલો પર શિકંજો કસવાની જરૂર છે, નહીંતર હાલ તો નુકસાન વેઠયું પણ આગળ જતાં અધિક નુકસાન વેઠવાનો વારો આવશે.

# દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

*હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, ક્યામતના દિવસે ત્રણ શખ્સ મુશ્ક (કસ્તૂરી)ની ટેકરીઓ પર હશે, એક તે ગુલામ જે અલ્લાહનો હક્ક઼ અને પોતાના મૌલાનો હક્ક઼ અદા કરે છે. અને એક તે શખ્સ જે કોઈ ક઼ૌમની ઈમામત કરે અને તેઓ એનાથી રાજી હોય. અને એક તે શખ્સ જે દર દિવસે રાતે પાંચ નમાઝોની અઝાન આપે[૧]. (તિર્મિઝી) અને ફર્માવ્યું આ હદીષ ગરીબ છે.*

**૧.** હદીષ તદ્દન જાહેરી અર્થ પર છે. કોઈ અર્થઘટનની જરૂરત નથી. ક઼યામતમાં શરૂમાં સર્વ લોકો ઉભેલા હશે, એટલા માટે એને ક઼યામત કહે છે. પછી વિવિધ સ્થાનોએ હશે. કોઈ અર્શે આ'ઝમના સાયામાં, કોઈ કુર્સીઓ પર અને આ ત્રણ જમાઅતો મુશ્કના પહાડો પર, કે સર્વ લોકો તેમને જોશે પણ અને તેમની ખુશ્બુઓથી ફાયદો પણ ઉઠાવશે. કેમ કે દુનિયામાં પણ લોકોએ તેમનાથી ફાયદા ઉઠાવ્યા એટલા માટે ત્યાં પણ લોકો તેમનાથી ફાયદા ઉઠાવશે. યાદ રાખશો કે ઈમામથી ક઼ૌમના રાજી રહેવાનો મતલબ એ છે કે ઈમામના તક઼વાથી અખ્લાક઼થી મુસલમાન રાજી હોય. બેદીનો તથા ફાસિક઼ોની નારાઝગીનો એતબાર નથી. તેમજ સરકારી નોકર જે ડયૂટી પણ કરે અને નમાઝની પાબંદી પણ કરે તે આ ગુલામમાં સામેલ છે જે માલિક તથા રબનો હક્ક઼ અદા કરે.

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે મોઅઝ્ઝિનના એ અવાજની સીમાના પ્રમાણે બખ્શિશ કરવામાં આવે છે[૧]. અને એના માટે દરેક ભીની તથા સૂકી ચીજ ગવાહી આપે છે. અને નમાઝમાં હાજર થવાવાળાના માટે પચીસ નમાઝો લખવામાં આવે છે[૨]. અને બે નમાઝો વચ્ચેના ગુનાહ મિટાવી દેવામાં આવે છે. (અહમદ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ) નિસાઈએ દરેક દરેક ભીની તથા સૂકી સુધી રિવાયત કરી અને ફર્માવ્યું કે મોઅઝ્ઝિનને સર્વ નમાઝીઓના બરાબર સવાબ મળે છે[૩].*

**૧.** એટલે કે જેટલા પ્રમાણમાં તેનો અવાજ વધારે એટલા પ્રમાણમાં એની મગફિરત વધુ. આહિસ્તા અઝાન કહેનારાના કેવળ ગુનાહે ક઼બીરાની માફી, અને બુલંદ અવાજથી કહેનારાના સગીરા કબીરા સર્વ માફ. એ અર્થ પણ થઈ શકે છે કે મોઅઝ્ઝિનની અઝાનની બરકતથી ત્યાં સુધીના ગુનેહગારોની માફી થાય છે જ્યાં સુધી તેનો અવાજ પહોંચે કે એ તે સૌની મગફિરત કરશે.

**૨.** એટલે કે મસ્જિદમાં બાજમાઅત નમાઝ પઢવાનો સવાબ એ એકલા તથા ઘરમાં નમાઝ પઢવાથી ૨૫ ગણો છે. યાદ રાખશો કે અહીં પચીસ ગણુ ફર્માવવામાં આવ્યું અને બીજી રિવાયતમાં ૨૭ ગણુ છે, અમુકમાં ૫૦૦ ગણુ છે. કેમ કે જેવી મસ્જિદ જેવી જમાઅત તથા જેવો ઈમામ તેવો સવાબ. **જે ખુશનસીબોએ મસ્જિદે નબવીમાં સહાબાની જમાઅતની સાથે હુઝૂર صلی اللہ علیہ وسلمની પાછળ નમાઝો પઢી, તેમનો એક સજદો અન્યોની કરોડો નમાઝો કરતાં અફઝલ છે.**

**૩.** એટલે કે એની અઝાનથી જેટલા લોકો મસ્જિદમાં આવીને અથવા પોતાના ઘરમાં નમાઝ પઢે છે તે સૌનો ટોટલ સવાબ મોઅઝ્ઝિનને મળે છે. કેમ કે એ સૌનો રેહબર છે, અને તે સૌને પોત પોતાનાની નમાઝોનો સવાબ પણ મળશે.

*હઝરત ઉષ્માન ઈબ્ને અબુલઆસથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મને મારી કૌમનો ઈમામ બનાવી દો. ફર્માવ્યું, તમો એમના ઈમામ છો[૨] અને એમનામાંથી કમજોરને મુક઼તદી જાણો[૩] અને કોઈ એવો મોઅઝ્ઝિન નિયુક્ત કરો જે પોતાની અઝાન પર મજૂરી ન લે[૪]. (અહમદ, અબૂ દાઊદ, નિસાઈ)*

**૧.** આપ મશહૂર સહાબી છે. ષક઼ફી છે. હુઝૂર ﷺએ આપને તાઈફના હાકિમ બનાવ્યા અને ફારૂક઼ી ખિલાફતના પ્રારંભ સુધી ત્યાંના હાકિમ રહ્યા. પછી હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہએ ત્યાંથી છૂટા કરીને બહરૈનના ગવર્નર બનાવ્યા.

**૨.** એનાથી જાણવા મળ્યું કે ગવર્નર કાયમ કરવા તથા પદમુક્ત કરવાનો હક઼્ક઼ ઈસ્લામી સુલતાનને પણ છે. અને તેનો નિયુક્ત કરેલો ઈમામ ક઼ૌમના પદ મુક્ત કરવાથી પદ મુક્ત નથી થઈ શકતો. જુઓ ફિક઼્હની કિતાબો.

**૩.** એટલે કે એવું સમજીને નમાઝ પઢાવો કે મારા મુક઼તદીઓ અશક્ત તથા બીમાર પણ છે, હલકી નમાઝ પઢાવો.

**૪.** એનાથી અમુક મસ્અલા માલૂમ થયા : એક એ કે મોઅઝ્ઝિન રાખવા તથા છૂટા કરવાનો હક઼્ક઼ ઈમામને છે. બીજુ એ કે અઝાન પર મજૂરી લેવી જાઈઝ છે, પણ ન લેવી બેહતર છે. એટલા માટે કે અહીં મજૂરી હરામ નથી કહી, બલ્કે ફર્માવ્યું, શોધીને કોઈ લિલ્લાહ અઝાન આપનારો રાખો. યાદ રાખશો કે એ જમાનામાં દીની ખિદમતો પર મજૂરી લેવી જો મના પણ હતી તો તે એ સમયના સંજાગોને અનુરૂપ હતી પણ હવે મના નથી, નહીં તો સર્વ દીની કાર્યો બંધ પડી જશે. જુઓ ઉષ્માન ગની رضی اللہ عنہ સિવાય સર્વ ખલીફાઓએ ખિલાફત પર વળ તર લીધું, જ્યારે કે ખિલાફત તો ઈમામતે કુબરા છે. તેમજ ઉમર ફારૂક઼ رضی اللہ عنہએ પોતાના જમાનામાં ગાઝીઓ તથા હાકિમો (ગવર્નરો)ના પગારો નિશ્ચિત કર્યા, જ્યારે કે જેહાદ પણ ઈબાદત છે અને ઈસ્લામી હાકિમ બનવુ પણ ઈબાદત છે.

*હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاથી રિવાયત છે. ફર્માવે છે કે મને નબી કરીમ ﷺએ શીખવાડયું કે મગરિબની અઝાનના સમયે આ પ્રમાણે કહી લીધા કરું[૧] હે અલ્લાહ ! આ તારી રાતના આવવાનો અને તારા દિવસના જવાનો સમય અને તારા બોલવાવાળાઓના અવાજો છે, તું મને બખ્શી આપ.[૨]*

*(અબૂ દાઊદ, બયહક઼ી, દા'વતે કબીર)*

**૧.** અથવા અઝાનનો પ્રથમ અવાજ સાંભળતાં જ અથવા અઝાન પછી. બીજો અર્થ અધિક જાહેર છે.

**૨.** કેમ કે સાંજનો સમય પણ ક઼બૂલિયતનો સમય છે અને અઝાનનું થવું પણ કબૂલિયતનો સમય છે, જેથી ખાસ કરીને તે સમયના માટે આ દુઆ ઈર્શાદ ફર્માવવામાં આવી. બોલાવનારથી મુરાદ મોઅઝ્ઝિન છે. એટલે કે એ મોઅઝ્ઝિનોની એ અવાજોની બરકતથી મને બખ્શી આપ. જાણવા મળ્યું કે બીજાઓની ઈબાદતના તુફૈલ દુઆ માગવી જાઈઝ છે. જેથી એવું કહી શકીએ છીએ કે ખુદાયા ! તારા હબીબ ﷺના સજદાઓના તુફૈલ મને બખ્શી આપ.

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

### હિર્ઝે જાં ઝિક્રે શફાઅત કીજિએ–નારસે બચને કી સૂરત કીજિએ

*(હિર્ઝે જાં = તાવીઝ, જાનની હિફાઝત, શરણસ્થાન, નાર = જહન્નમ)*

**અર્થાત :** પોતાની જાનને મહેફૂઝ કરવા માટે શફાઅતના ઝિક્રને પોતાના ગળાનું તાવીઝ બનાવી લો, કે જેવી રીતે તાવીઝ દરેક વખતે ગળામાં રહે છે એ જ રીતે શફાઅતના ઝિક્રથી દરેક સમયે તમારી જીભને તર રાખો. આ રીતે હે ગુનેહગારો ! દોઝખની આગથી બચવાની તમારા માટે કોઈ સ્થિતિ બની શકે છે, અમલો પર ભરોસો નથી કરી શકાતો, હુઝૂર علیہ الصلوٰۃ والسلامની શફાઅતથી જ કામ બનશે.

*કરમ કી બાત કરો ! ઉનકી અતા કી બાત કરો !–ઝબાં કો પાક કરો, મુસ્તફા કી બાત કરો (صلی اللہ علیہ وسلم)*
*–ખિઝર હુસૈન*

અમલોનો મામલો તો એ છે કે **હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક જેવી શખ્સિયતને મૃત્યુ બાદ અલ્લાહે કેવળ એટલી વાત પર કે તેં એક બિદઅતીને મહોબ્બતથી જોયો હતો તો ત્રીસ વરસ પોતાના સમક્ષ ઉભા રાખીને ધમકાવ્યા !** *(રૂહુલ બયાન)* અને એક શખ્સ પોતાના સગા પુત્રને લપેટાઈને રડશે કે મને કેવળ એક નેકી આપી દે કે જેથી મારી બખ્શિશ થઈ જાય ! પણ તે હટાવી દેશે કે જેવી રીતે તું જરૂરતમંદ છે તો હું પણ છું ! એવી જ રીતે પત્ની, બાપ, મા, બહેન, ભાઈઓનો હાલ હશે. એટલા માટે :–

*કરો ન બાત ઝમાને કે મઝહબીનોં કી–મેરે નબી કે રુખે વદ્દુહા કી બાત કરો*
*–(ખિઝર હુસૈન ખિઝર)*

### ઉન્કે નક઼્શે પા પે ગૈરત કીજિએ–નારસે બચને કી સૂરત કીજિએ

**અર્થાત :** જો શરમ તથા હયાનો અંશ છે તો ખાનદાન, બિરાદરી તથા જૂઠી ઈજ્જત તથા પ્રતિષ્ઠા પર ગૈરત કરવાને બદલે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ક઼દમ પર મરી ફિટો અને ગૈરત કરો, અને પછી જાહેરી આંખોથી છુપાયને દિલની આંખ વડે મુસ્તફા صلی اللہ علیہ وسلمનો દીદાર કરો જેવી રીતે અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہએ ગારે ષૌરમાં કર્યો.

### ઉનકે હુસ્ને બામલાહત પર નિષાર–શીરએ જાં કી હલાવત કીજિએ

*(બામલાહત = સુહાના, સલોના, શીરહ = શરબત, હલાવત = મીઠાશ)*

**અર્થાત :** આપણી જાનનું મીઠુ શરબત, એટલે આપણી જાન હુઝૂર صلی اللہ علیہ وسلمના સુહાના સલોના હુસ્નની લિજ્જત

પર નિછાવર કરી દો. કેમ કે :–

*હુસ્ન હૈ બે મિષ્લ સૂરત લાજવાબ–મૈં ફિદા, તુમ આપ હો અપના જવાબ*

**ઉનકે દર પે જૈસે હો મિટ જાઈએ–નાતવાનો કુછ તો હિંમત કીજિએ**

*(નાતવાનો = અશક્તો)*

**અર્થાત** : હે નાદારો ! ગુનેહગારો ! આટલા નાહિંમત પણ ન બની જાવ ! જેવી રીતે પણ બની શકે (અસ્હાબે સુફ્ફા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની જેમ) હુઝૂર ﷺના દરે અકદસ પર બેઠા બેઠા ફના થઈ જાવ ! જરા હિંમત કરો, બહુ મુશ્કેલ કામ નથી.

આપ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો કે જો શક્તિ હોય મદીનામાં આવીને મરો ! અહીં આવીને મરવું તમારું કામ છે, શફાઅત કરીને તમને બખ્શાવવા એ મારું કામ છે. આનાથી પહેલાં આ હદીષ અરબી લખાણ તથા તર્જુમા સાથે મિશ્કાત શરીફના હવાલાથી કેટલીકવાર આ જ શરહમાં વર્ણન થઈ ચૂકી છે.

*સદા કરના થી મેરે બસમેં, મૈંને તો સદા કર દી–વો કયા દેંગે, મૈં કયા લુંગા, સખી જાને ગદા જાને*

**ફેર દીજિયે પંજએ દેવ લઈન–મુસ્તફા કે બલપે તાકત કીજિએ**

**અર્થાત** : ઉઠો ! હે ગુલામાને મુસ્તફા ! ﷺ અને હુઝૂરની તાકત તથા કુવ્વત (બળ) પર શૈતાન લઈન (લઅનતી)નો પંજો મરડી નાખો. હિંમત કરો ! ગૌષ પાક رضی اللہ عنہના દરનો કૂતરો સિંહને પણ ચીરી ફાડી કાઢે છે, ગૌષે આ'ઝમ رضی اللہ عنہના આકાનો દામન હાથમાં લો, શૈતાન તમારું કાંઈ પણ બગાડી શકશે નહીં. જોતા નથી કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ શૈતાનને પકડી લીધો હતો તો તેણે આયતુલ કુર્સીનો વઝીફો બતાવીને જાન છોડાવી લીધી હતી !

**ડૂબ કર યાદે લબે શબાબમેં–આબે કૌષર કી સબાહત કીજિએ**

*(લબે શબાબ = તરો તાઝા હોઠ, સબાહત = તરવું)*

**અર્થાત** : અલ્લાહના પ્યારા મહબૂબ ﷺના ગુલાબની પાખંડીઓથી વધુ નરમ તથા નાઝુક અને તરોતાઝા મુબારક હોઠોની યાદમાં મસ્ત બનીને હૌઝે કૌષરમાં ડૂબકી મારવાના નઝારા મેળવો.

**યાદે કયામત કરતે ઉઠીયે કબ્રસે–જાને મહશર પર કયામત કીજિયે**

**અર્થાત** : હે ગુલામને મુસ્તફા ! ﷺ જ્યારે તમે કયામતના દિવસે તમારી કબ્રોએથી પોતાના આકા علیہ الصلوٰۃ والسلامના કદે અન્વરનો ઝુમી ઝુમીને ઝિક્ર કરતા કરતા ઉઠશો તો કયામત ભલે ગમે તેટલી મોટી કયામત (આફત) હશે પણ એ આફત પર પણ તમે આફત ફેંકશો અને એણે તમારી ફિકર છોડીને પોતાની ફિકર કરવી પડશે, કે ક્યાંક મારા કારણે ગુલામાને મુસ્તફા ﷺને તકલીફ થાય અને એ કારણે મહબૂબે ખુદા ﷺ મારાથી નારાજ ન થઈ જાય. છેવટે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એના પણ તો રસૂલ છે અને છેવટે એ પણ તો હુઝૂર ﷺની નિયાઝમંદ છે.

**ઉનકે દર પર બૈઠિએ બનકર ફકીર–બેનવાઓ ફિક્રે ષરવત કીજિએ**

**અર્થાત** : આકાએ દોજહાં ﷺના દરે અકદસ પર ફકીર બનીને બેસી જાવ અને દુનિયાની દૌલતથી

નહીં, બલ્કે હુઝૂર ﷺના દરની ગદાઈ (ભીખ) હાંસલ કરવાની ફિકર કરો, એ જ અસલ માલદારી તથા દૌલત છે. *ઉન્કે જો ગુલામ હો ગએ–વો ખલ્ક કે ઈમામ હો ગએ*

**જિસ્કા હુસ્ન અલ્લાહ કો ભી ભા ગયા–ઐસે પ્યારે સે મહોબ્બત કીજિએ**

**અર્થાત :** જે પ્યારા આક઼ા ﷺનો હુસ્નો જમાલ અલ્લાહને પણ પસંદ આવ્યો છે, હે ગુનેહગારો ! દુનિયાના બર્બાદીવાળા હુસ્નની પાછળ પડવાને બદલે આ મહબૂબના 'રુખે વદ્દુહા' અને 'ઝુલ્ફે વલ્લૈલ'થી પ્યાર કરો જેના કારણે પૂરી સૃષ્ટિમાં વસંત ખીલી ઉઠી.

**હ઼ય્ય બાક઼ી જિસ્કી કરતા હૈ ષના–મરતે દમ તક ઉસ્કી મિદહત કીજિએ**

**અર્થાત :** તો ખુદાવંદ જે હ઼ય્ય તથા બાક઼ી છે (હમેશાં જીવંત તથા બાક઼ી રહેનારી જાત) છે, જ્યારે તે પોતાના પ્યારાની તારીફ કરે છે તેના બંદાઓએ સમજી લેવું જોઈએ કે તે એવું જ ચાહે છે કે મારા મહબૂબની દરેક જણ દરેક વખતે પ્રશંસા કરે કે જેથી મારા મહબૂબનો મહબૂબ બનીને મારો પણ મહબૂબ બની જાય. કેમ કે દોસ્તનો દોસ્ત પણ દોસ્ત હોય છે.

قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِیْ یُحْبِبْكُمُ اللّٰهُ "તમે ફર્માવી દો કે, લોકો ! જો તમે અલ્લાહને દોસ્ત રાખો છો તો મારા ફર્માંબરદાર બની જાવ. અલ્લાહ તમને દોસ્ત રાખશે." *(સૂરએ આલે ઈમરાન, ૩/૩૧)*

**નીમ વા તયબહ કે ફૂલોં પર હો આંખ–બુલબુલો ! પાસે નઝાકત કીજિએ**

**અર્થાત :** હે આશિક઼ાને મુસ્તફા ! ﷺ ચમનિસ્તાને રિસાલતની બુલબુલો ! મહબૂબની ગલીમાં જાવ તો અદબનો દામન હાથથી ન છોડો. ફૂલો પર નજર ફેંકો તો પૂરી આંખ ન ખોલો કે ક્યાંક બેઅદબી ન થઈ જાય, બલ્કે ઝુકાવીને તેમની પણ ઈજ્જત તથા તા'ઝીમની કાળજી રાખો.

*હરમ કી ઝમીં ઔર ક઼દમ રખકે ચલના–અરે સરકા મૌક઼ા હૈ ઓ જાનેવાલે !*

**સરસે ગિરતા હૈ અભી ચારે ગુનાહ–ખમ ઝરા ફર્ક઼ે ઈરાદત કીજિએ**

*(ખમ = ઝુકવું, ફર્ક = માથુ, ઈરાદત = અક઼ીદત)*

**અર્થાત :** જો તમને ગુનાહોનો બોજ માથા પર ઘણો જ ભારે લાગી રહ્યો છે તો જરા અક઼ીદત તથા ઈરાદતથી માથાને તેમની બારગાહમાં ઝુકાવીને તો જુઓ ! ગુનાહોનો બોજ તેમની એક નિગાહે કરમની બરકતથી એવો પડશે કે તમને એહસાસ પણ નહીં થાય. જેવી રીતે એમની બેઅદબીથી નેકીઓ બર્બાદ થઈ જાય છે, અને ખબર પણ નથી પડતી ! اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَ اَنْتُمْ لَا تَشْعُرُوْنَ "ક્યાંક તમારા અમલો બેકાર ન થઈ જાય અને તમને ખબર ન પડે." *(સૂરએ હુજુરાત, ૪૯/૨)* એવી જ રીતે એમની તા'ઝીમ કરવાથી ગુનાહોનું પણ એવું જ થાય છે.

**અર્શ પર જિસ્કી કમાનેં ચળ્હ ગઇં–સદક઼ે ઉસ બાઝૂપે કુવ્વત કીજિએ**

*(કમાનેં ચળ્હ ગઈ = ડંકો વાગી ગયો)*

**અર્થાત :** તે આક઼ા તથા મૌલા જેની અઝમતની ચર્ચાઓ અર્શ પર છે, અને જેના બાહુબળથી ચાંદ ટુકડા

થયો અને ડૂબેલો સૂરજ પાછો પલટી આવ્યો, એ પ્યારા આકા ﷺ (દીનના) માટે ઉમ્મતે મુસ્તફા પોતાની સઘળી તાકાત તથા કુવ્વતને કામે લગાડો અને દીનના દુશ્મનોને જાકારો આપો.

**આંખ તો ઉઠતી હી નહીં દેં કયા જવાબ–હમપે બે પુરસિશ હી રહ્મત કીજિએ**

**અર્થાત** : હે પ્યારા આકા ! علیہ الصلوٰۃ والسلام અમે તો આપની નાફર્માનીઓ કરીને એટલી શર્મિંદા છીએ કે આપની સમક્ષ નજર પણ નથી ઉઠાવી શકતા, અમારાથી હિસાબ કિતાબ લેવો એ અમને અધિક શર્મિંદા કરવા સમાન છે. સવાલો જવાબ વિના જ અમારા પર આપની રહ્મતની વર્ષા કરી આપો.

*ઉઝરે બદ્તર અઝ ગુનાહ કા ઝિક્ર કયા–બેસબબ હમ પર ઈનાયત કીજિએ*

યા રસૂલલ્લાહ ! ﷺ અમે અમારા ગુનાહોનું શું બહાનુ આપની સમક્ષ રજૂ કરીએ ?! કે અમારાં બહાનાં પણ એવાં છે કે ગુનાહોથી બુરાં છે. અમારાં બહાનાં પણ અમારી વિરુદ્ધ જ જશે, જેથી કરમ ફર્માવો કે અમારી બખ્શિશ વિના સબબે જ થઈ જાય.

**ના'રા કીજિએ યા રસૂલલ્લાહ કા (ﷺ)–મુફલિસો ! સામાને દૌલત કીજિએ**

**અર્થાત** : હે મુસ્તફા ﷺના ગુલામો ! જો અમલોના લિહાઝથી તમે કંગાળ તથા મુફલિસ છો તો એક કામ તો કરો કે સૌ વજદમાં આવીને નારએ રિસાલત લગાડો, પછી જુઓ તમારી મોહતાજી કેવી રીતે ખત્મ થાય છે અને આખી દુનિયા તમારા કદમોમાં આવી જાય છે.

*યા રસૂલલ્લાહ ﷺ કે ના'રેસે હમ કો પ્યાર હૈ–જિસને યહ ના'રા લગાયા ઉસ્કા બેળા પાર હૈ*

**હમ તુમ્હારે હો કે કિસકે પાસ જાએં–સદકા શહઝાદોં કા રહમત કીજિએ**

**અર્થાત** : હે પ્યારા આકા ! ﷺ જ્યારે અમે તમારા જ છીએ, ભલે ગમે તેવા છીએ. તો પછી અમે મુસીબતના માર્યા આપનો દર છોડીને કોની પાસે જઈએ ?! અને આપે જો અમોને તમારા ઘરેથી ધુત્કારી કાઢયા તો અમને કોણ પૂછશે ? જેથી આપના પ્યારા શહઝાદાઓ (હસનો હુસૈન رضی اللہ عنہما)ના સદકામાં અમારા પર આપની રહમતનો છાંયડો કરો.

**مَنْ رَآنِیْ فَقَدْ رَاَی الْحَقَّ (મનરઆની ફકદરા અલહક્ક) જો કહે–કયા બયાં ઉસકી હકીકત કીજિએ**

*(مَنْ رَآنِیْ فَقَدْ رَاَی الْحَقَّ = જેણે મને જોયો તેણે હક્ક જોયો)*

**અર્થાત** : જે જાત પોતાના બારામાં ફર્માવે કે જેણે મને જોયો તેણે હક્ક જોયો, ભલા એની હકીકત પછી કોણ વર્ણવી શકે છે. આપે ખુદ ઈર્શાદ ફર્માવ્યો, یا ابا بکر لم یعرفنی حقیقۃ سوی ربی "હે અબૂબક્ર ! મારી હકીકતને મારા રબના સિવાય કોઈ નથી જાણતુ."

**આલિમે ઈલ્મે દો આલમ હૈ હુઝૂર–આપસે કયા અર્ઝે હાજત કીજિએ**

**અર્થાત** : આકાએ દો જહાં ﷺ જ્યારે બંનેવ જહાનોની ખબર રાખે છે : فعلمت ما فی السموات والارض પછી આપની બારગાહમાં હાજત પેશ કરવાની પણ શું જરૂરત છે ? કેમ કે આપ તો અમારા જાહેરી તથા છુપાને સારી રીતે જાણો છો. એક દિવસ જરૂર પોતે જ નઝરે કરમ ફર્માવશે અને સંજોગો બદલાય જશે. *(ક્રમશઃ)*




❑ લેખક ❑
**મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી**
❑ અનુવાદકો ❑
**મૌલાના અબ્દુર્રહમાન મિસ્બાહી**
*(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ઉમ્મત પર સરકારના હક્કો

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! તમે આકા વ મૌલા ﷺની હયાત તથા સીરતના બારામાં વાંચી લીધું. હવે તમો એ પણ જાણી લો કે ઉમ્મત પર સરકાર علیہ الصلوٰۃ والسلامના હક્કો શું છે એની વિગત વર્ણવવામાં આવી રહી છે તમે એને ધ્યાનપૂર્વક વાંચો અને એના પર અમલ કરીને સાચા પાકા મુસલમાન બની જાવ.

**(૧) ઈમાન** : એક મુસલમાન માટે જરૂરી છે કે અલ્લાહ તઆલાને એક માને અને રસૂલે કરીમ علیہ الصلوٰۃ والسلامને અલ્લાહના નબી તથા રસૂલ સ્વીકારે. જો કોઈ કેવળ અલ્લાહની વહદાનિયતનો (એક હોવાનો) ઈકરાર કરે અને મુહમ્મદે અરબી ﷺની રિસાલત તથા નબુવ્વત પર ઈમાન ન લાવે તો એવો શખ્સ મુસલમાન નથી થઈ શકતો.

અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

وَ مَنْ لَّمْ یُؤْمِنْۢ بِاللّٰهِ وَ رَسُوْلِهٖ فَاِنَّاۤ اَعْتَدْنَا لِلْكٰفِرِیْنَ سَعِیْرًا ﴿۱۳﴾

"અને જે ઈમાન ન લાવે અલ્લાહ તથા તેના રસૂલ પર તો બેશક ! અમે કાફિરોના માટે ભડકતી આગ તૈયાર કરી રાખી છે."

*(સૂરએ ફતહ, ૪૮/૧૩, કન્ઝુલ ઈમાન)*

*(જેથી વર્તમાન યહૂદી કે ઈસાઈને કોઈ Believers ઈમાનવાળા કહી શક્તુ નથી, ભલે તેઓ ખરેખર અલ્લાહને જ એક માનતા હોય. કેમ કે તેઓ રસૂલુલ્લાહ ﷺને અલ્લાહના નબી માનતા નથી. **–અનુવાદક**)*

આ આયતે કરીમાથી એ જાણવા મળે છે કે જે શખ્સ અલ્લાહ તઆલા પર ઈમાન લાવવાની સાથોસાથ રસૂલે મુખ્તાર ﷺ પર ઈમાન લાવે તો તે મુસલમાન (ઈમાનવાળો) છે. અને જો કેવળ અલ્લાહ પર ઈમાન લાવે અને રસૂલ પર ઈમાન ન લાવે તો એવો શખ્સ કાફિર છે અને તેનું ઠેકાણુ જહન્નમ છે.

**(૨) મહોબ્બત** : અલ્લાહના હબીબ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺથી મહોબ્બત કરવી દરેક મો'મિન પર લાઝિમ (અનિવાર્ય) છે. કુર્આન તથા હદીષથી સાબિત છે કે નબી કરીમ ﷺની મહોબ્બત વિના ઈમાન અધૂરૂ રહે છે. અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

قُلْ اِنْ كَانَ اٰبَآؤُكُمْ وَ اَبْنَآؤُكُمْ وَ اِخْوَانُكُمْ وَ اَزْوَاجُكُمْ وَ عَشِيْرَتُكُمْ وَ اَمْوَالُ اِقْتَرَفْتُمُوْهَا وَ تِجَارَةٌ تَخْشَوْنَ كَسَادَهَا وَ مَسٰكِنُ تَرْضَوْنَهَاۤ اَحَبَّ اِلَيْكُمْ مِّنَ اللّٰهِ وَ رَسُوْلِهٖ وَ جِهَادٍ فِيْ سَبِيْلِهٖ فَتَرَبَّصُوْا حَتّٰى يَاْتِيَ اللّٰهُ بِاَمْرِهٖ ؕ وَ اللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ الْفٰسِقِيْنَ۠

"હે મહબૂબ ! તમે ફર્માવો ! જો તમારા બાપ અને તમારા પુત્રો અને તમારા ભાઈ અને તમારી ઔરતો અને તમારુ કુટુંબ અને તમારી કમાઈનો માલ અને તે સોદો જેના નુકસાનનો તમને ડર છે અને તમારી પસંદનું મકાન, આ ચીજો અલ્લાહ અને તેના રસૂલ તથા તેની રાહમાં લડવાથી અધિક પ્યારી હોય તો રાહ જુઓ ત્યાં સુધી કે અલ્લાહ પોતાનો હુકમ લાવે. અને અલ્લાહ ફાસિકોને રાહ નથી આપો." *(સૂ. તૌબા–૨૪)*

અલ્લાહ તઆલાથી આ આલીશાન ફર્માનમાં એ વાતની હિદાયત આપવામાં આવી છે કે દરેક પ્યારી તથા કિંમતી ચીજ કરતાં વધુ અલ્લાહના હબીબ ﷺથી મહોબ્બત કરવી જરૂરી છે.

એક દિવસ હઝરત ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ મને દુનિયાની દરેક ચીજથી વધુ મહબૂબ છો, મારી જાન સિવાય. નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "તમારામાંનો કોઈ પણ ત્યાં સુધી સંપૂર્ણ મો'મિન નથી થઈ શક્તો જ્યાં સુધી કે હું તેને દુનિયાની દરેક ચીજ કરતાં અધિક પ્રિય ન થઈ જાઉં."

હુઝૂરે તવજ્જોહ ફર્માવી તો હઝરત ઉમર رضی اللہ عنہની અંદર ઈન્કિલાબ પેદા થયો. ત્યાર બાદ આપે બારગાહે રિસાલતમાં અર્ઝ કરી, "એ ઝાતની કસમ ! જેણે આપના પર કુર્આન નાઝિલ કર્યું, આપ મને મારી જાનથી પણ અધિક પ્રિય અને અઝીઝ છો." હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "હે ઉમર ! હવે તમારું ઈમાન સંપૂર્ણ થયું."

પ્યારા દીનીભાઈઓ ! બહેનો ! આ તો મહોબ્બતની એક સ્થિતિ થઈ. બીજી સ્થિતિ એ છે કે **દરેક તે ચીજથી નફરત કરવામાં આવે જેનાથી આપણા આકા ﷺ નફરત કરે છે. અને દરેક એવા શખ્સને દુશ્મન સમજવામાં આવે જે આપણા પ્યારા આકા ﷺનો દુશ્મન તથા ગુસ્તાખ છે. ત્યાં સુધી કે ભાઈ, બહેન તથા દોસ્ત, સગામાંથી કોઈ પણ રસૂલની શાનમાં નાપસંદીદા વાત કહે, તેમની શાનમાં કોઈ રીતે ગુસ્તાખી કરે તો એની સાથે સંબંધ કટ કરી દેવા જરૂર છે. એટલા માટે કે રસૂલનો ગુસ્તાખ મુસલમાન નથી હોતો.**

**(૩) ઈતાઅત (આજ્ઞાપાલન) :** સરવરે અંબિયા હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની ઈતાઅત તથા ફર્માંબરદારી જરૂરી છે. આપ જે વાતનો હુકમ આપે તેને તરત જ બજાવી લાવવો જરૂરી છે અને જેનાથી મના કરે તેનાથી દૂર રહેવું લાઝિમ છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَمَاۤ اٰتٰىكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ ۚ وَمَا نَهٰىكُمْ عَنْهُ فَانْتَهُوْا ۚ

"અને જે કાંઈ રસૂલ તમને અતા કરે તે લો અને જેનાથી મના કરે દૂર રહો."

–(સૂરએ હશ્ર, આ. ૭ કન્ઝુલ ઈમાન)

એક જગાએ ફર્માવે છે :–

قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِيْ يُحْبِبْكُمُ اللّٰهُ وَيَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ

"હે મહબૂબ ! તમે ફર્માવી દો કે હે લોકો ! જો તમે અલ્લાહને દોસ્ત રાખો છો તો મારા ફર્માંબરદાર (આજ્ઞાંકિત) બની જાવ, અલ્લાહ તમને દોસ્ત

રાખશે, અને તમારા ગુનાહ બખ્શી આપશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે."

*–(સૂરએ આલે ઈમરાન, પારા : ૩, રુકૂઅ : ૨, આ. ૩૧, કન્ઝુલ ઈમાન)*

યાદ રાખો ! જો કોઈ ચીજના બારામાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો હુકમ એના કરવા કે ન કરવાનો છે અને તમારું દિલ એનાથી વિરુદ્ધ ઈચ્છે છે તો આ સ્થિતિમાં હુઝૂરે અન્વર ﷺની ફર્માંબરદારી જરૂરી છે. એટલા માટે કે સરકાર علیہ الصلوٰۃ والسلام જેનો હુકમ આપી રહ્યા છે તેમાં જ તમારી ભલાઈ તથા નજાત છે. અને તમારું દિલ તમને જે વાતની તરફ લઈ જઈ રહ્યું છે તેમાં તમારી તબાહી તથા બર્બાદી છે. એટલા માટે રસૂલની ફર્માંબરદારી તથા અનુસરણ જરૂરી છે કે કેમ કે એના વિના સહીહ રસ્તો નથી મળી શક્તો.

**તા'ઝીમ** : રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતની નિશાની એ છે કે ખૂબ જ પ્રમાણમાં તેમનો ઝિક્ર કરવામાં આવે, અને જ્યારે એમનું નામ નામી ઝબાન પર આવે અથવા કોઈનાથી સાંભળવામાં આવે તો ''صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ'' (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) કહેવામાં આવે. અને આપનો ઝિક્ર ખૂબ જ અદબની સાથે કરવામાં આવે અને આપની દરેક ચીજને મહોબ્બતની નિગાહથી જોવામાં આવે. આ સર્વ તરીક઼ા તા'ઝીમ તથા તૌક઼ીરના છે.

રસૂલે કરીમ ﷺથી નિસ્બત ધરાવનાર ચીજોની અદબ તથા એહતેરામ જ ઈમાનની નિશાની છે. બુઝુર્ગાને દીન તો એ મજલિસનો પણ એહતેરામ કરતા જેમાં સરકાર علیہ الصلوٰۃ والسلامનો ઝિક્ર થતો. એ જ પ્રમાણે સરકાર ﷺના મકાન, તેમની મસ્જિદ, તેમના સહાબા, તેમની અહલે બયત સર્વનો અદબો એહતેરામ કરતા.

આજે પણ સીરતનો જલસો કે મીલાદે પાકની મેહફિલ ગોઠવાય છે, એવી મેહફિલમાં અદબ સાથે બેસો, આપણા પ્યારા આક઼ા ﷺનો ઝિક્ર સાંભળો અને એના પર અમલ કરીને પોતાની દુનિયા તથા આખેરત સમારો. *(સંપૂર્ણ)*

## દુરૂદ શરીફની ફઝીલત

આક઼ાએ નામદાર ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ એક ફરિશ્તો પેદા કર્યો જેની બંનેવ પાંખોની વચ્ચેનું અંતર પૂર્વ તથા પશ્ચિમને આવરી લે તેટલું છે. તેનું માથુ અર્શની નીચે છે અને બંનેવ પગો તહતુષ્ષરા (જમીનના પાતાળમાં)માં છે અને પૃથ્વીના પટ પર વસતી મખ્લૂક઼ના જેટલા તેના પગો છે. મારી ઉમ્મતમાંથી જયારે કોઈ પુરુષ અથવા સ્ત્રી મારા પર દુરૂદ મોકલે છે તો તે ફરિશ્તાને ખુદાનો હુકમ થાય છે કે તે અર્શની નીચે નૂરના દરિયામાં ડૂબકી લગાવે, તે ડૂબકી લગાવે છે. જયારે બહાર નીકળીને તે પોતાની પાંખો ખંખેરે છે તો તેની પાંખોમાંથી ટીપાંઓ ટપકે છે. ખુદા તઆલા દરેક ટીપાથી એક ફરિશ્તો પેદા કરે છે જે ક઼યામત સુધી તેના માટે મગફિરતની દુઆ કરે છે. એક બુઝુર્ગનો ક઼ૌલ છે કે, શરીરની સલામતી ઓછું ખાવામાં છે અને રૂહની સલામતી ઓછા ગુનાહોમાં છે અને ઈમાનની સલામતી હુઝૂર નબીએ કરીમ રઉફુરહીમ ﷺ પર સલાતો સલામ પઢવામાં છે. *(મુકાશફતુલ કુલૂબ)*

વિસાલ શરીફ : ૩ રમઝાનુલ મુબારક

# સીરતે હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا

હપ્તો ૦૨

સંપાદક : હાફેઝ મુહમ્મદસજ્જાદ રઝવી
(ઈંગ્લિશ/કોમ્પ્યુટર ટીચર, દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચ)

## ખાતૂને જન્નતનો ઈશ્કે રસૂલ ﷺ

### સૈયદા ફાતિમા رضی اللہ عنہاનો ચાલવાનો અંદાજ

હઝરત સૈયદુના મશરૂક رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત સૈયદતિના આઈશા સિદીક઼ા رضی اللہ عنہએ ફર્માવ્યું, અમે અલ્લાહના રસૂલ ﷺની અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ) رضی اللہ تعالیٰ عنہن આપ ﷺની પાસે જમા હતી. અમારામાંથી કોઈ એક પણ ગેર હાજર ન હતું. એટલામાં હઝરત ફાતિમા رضی اللہ عنہا ત્યાં તશરીફ લાવ્યાં, આપ رضی اللہ عنہاનું ચાલવું હુઝૂર નબીએ અકરમ ﷺના ચાલવાના તરીક઼ાથી સહેજ પણ અલગ ન હતુ. *(અલ મુઅજમુલ કબીર, ભાગ-૯, પેજ-૩૭૩, હદીષ-૧૮૪૬૬)*

પ્યારી બહેનો ! જોયું આપે ! હઝરત સૈયદા ફાતિમા رضی اللہ عنہاને હુઝૂર ﷺથી કેવી મહોબ્બત હતી. આપ رضی اللہ عنہاની દરેક અદા (આદત) સુન્નતે મુસ્તફાના સાંચામાં ઢળેલી હતી. તમે ઉપર જોયું કે સૈયદા ફાતિમા رضی اللہ عنہاનો ચાલવાનો અંદાજ (તરીક઼ો) પણ હુઝૂર નબીએ કરીમ ﷺના તરીક઼ા મુજબ હતો. આપણે પણ પોતાના ઉપર વિચારણા કરીએ કે આપણે જ્યારે ઘરેથી બહાર નીકળીએ છીએ તો આપણો અંદાજ કેવો હોય છે ? લોકોને સારૂ લગાડવા માટે કેવી કેવી ફેશનો કરીએ છીએ, આપણો ચાલવાનો તરીક઼ો શું હોય છે અને આપણે કોની નકલ કરીએ છીએ ? ખુદારા ! આપણે પણ હવેથી હઝરત ફાતિમા رضی اللہ عنہا નક઼શે ક઼દમ પર ચાલવાનો પાકો નિશ્ચય કરીએ. અલ્લાહ તઆલા હઝરત સૈયદા ફાતેમાના સદક઼ામાં અમલ કરવાની તૌફીક઼ અતા કરે.

### સૈયદા ફાતિમા رضی اللہ عنہاનો વાતચીતનો અંદાજ

હઝરત સૈયદતુના આયશા સિદીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે કે મેં વાતચીતના અંદાઝમાં અને બેસવાના અંદાજમાં હઝરતે ફાતેમા رضی اللہ عنہاથી વધીને બીજા કોઈને હુઝૂરે અક઼દસ ﷺથી આટલો બધો મલતો જુલતો નથી જોયો. *(અલ અદબુલ મુફરદ, પેજ-૨૭૮, હદીષ-૯૪૭)*

સરકારે મદીના ﷺનો વાતચીતનો અંદાજ બયાન કરતાં ઉમ્મુલ મો'મિનીન હઝરત સૈયદતુના આઈશા સિદીક઼ા رضی اللہ عنہا બયાન ફર્માવે છે, મારા સરતાજ, હુઝૂર રહમતે આલમ ﷺ (ખૂબ જ વકારથી) એવી રીતે (રોકાય રોકાયને) વાતચીત (ગુફ્તગૂ) ફર્માવતા કે જો કોઈ શખ્સ આપ ﷺના શબ્દોને ગણવા ચાહે તો ગણી શકતો હતો. *(સહીહ બુખારી, કિતાબુલ મનાક઼િબ, પેજ-૯૦૮, હદીષ-૩૫૨૪)*

મારી પ્યારી બહેનો ! આપે વાચ્યું કે હઝરત સૈયદા ફાતિમા رضی اللہ عنہاનો વાતચીતનો તરીકો પણ હુઝૂરે અકરમ ﷺથી મલતો જુલતો હતો. આપણી બહેનોમાંથી કેટલીક બહનો ખૂબ જ મોટેથી વાતો કરે છે. કેટલીકની વાતોથી ઘરની આસપાસ રહેતા પડોસીઓ પણ પરેશાન થાય છે. અલ્લાહ અમલ કરવાની તૌફીક઼ અતા કરે.

### સૈયદા ઝહ્રા رضی اللہ عنہاની સચ્ચાઈ

ઉમ્મુલ મો'મિનીન હઝરત સૈયદા આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે કે મેં હઝરત ફાતિમા رضی اللہ عنہا જેટલાં સાચાં તેમના વાલિદ સિવાય બીજા કોઈને નથી જોયા. *(મુસ્નદે ઈબ્ને યઅ્લા, મુસ્નદે આઈશા, ભાગ-૪, પેજ-૬૫, હદીષ-૪૬૯૮)*

પ્યારી બહેનો ! ખાતૂને જન્નત رضی اللہ عنہا પોતે સાચા અને સાચા નબી ﷺની શહઝાદી છે. તો આપણે પણ સાચા બનીને તેમના નક્શે કદમ પર ચાલી જન્નતના હકદાર બનીએ.

## ખાતૂને જન્નતની ત્યાગવૃત્તિ તથા સખાવત

ઈષાર (ત્યાગવૃત્તિ) અને સખાવત બે ખૂબીઓ છે. પોતાની જરૂરતના સિવાયનું બીજાને ખૈરાત કરવું ''સખાવત'' છે અને જરૂરતનુ પણ ખૈરાત કરવુ ''ઈષાર'' કહેવાય છે. બીજી ખૂબીઓ સાથે સાથે ઈષાર, સખાવત જેવી ખૂબીઓમાં પણ હઝરતે સૈયદતુના ફાતિમા رضی اللہ عنہاએ એક બુલંદ શાન અને મકામ હાંસલ કર્યું અને જ્યારે પણ એ બે ખૂબીઓ જાહેર કરવાનો મોકો આવ્યો તો આપ رضی اللہ عنہا પોતાની હૈસિયત પ્રમાણે હિસ્સો લેતાં, ત્યાં સુધી કે પોતાની જરૂરતનો સામાન પણ માગવાવાળાઓને અતા ફર્માવતાં. હમેશાં માગવાવાળાનો દામન ભર્યો અને ભૂખાઓને ખાવા ખવડાવ્યું.

જેમ કે : હઝરત સૈયદુના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે, બની સુલૈમમાંથી એક શખ્સે બારગાહે રિસાલતમાં આવી એ અર્ઝ કરી કે હે મુહમ્મદ ! ﷺ શું તમે એ જાદૂગર છો કે જેના વિશે મશ્હૂર છે કે તેનો સાયો જમીન પર નથી પડતો. ખુદાની કસમ ! જો મને એ ખયાલ ન હોત કે મારી કૌમ મારાથી નારાજ થશે તો હું આ તલવારથી તમારું માથુ ઉઠાવી નાખત. આ ગુસ્તાખીભર્યું કલામ સાંભળી અમીરૂલ મો'મિનીન હઝરત સૈયદુના ઉમર رضی اللہ عنہએ આગળ આવી એ ગુસ્તાખને સબક શીખવવા ચાહ્યું, પરંતુ હુઝૂર રહમતુલ્લિલ આલમીન ﷺએ રોકી લીધા અને એ શખ્સથી ફર્માવ્યું, તું આખિરતના અઝાબથી ડર અને દોઝખથી ખૌફ ખા ! મૂર્તિપૂજા છોડી દે અને ખુદાએ વહદહૂ લાશરીકની ઈબાદત કર. હું જાદૂગર નથી પરંતુ અલ્લાહ તઆલાનો બંદો અને તેનો રસૂલ છુ. આપ ﷺના હુસ્ને અખલાક અને અસરકારક વાતથી આકર્ષાયને એ મૂર્તિનો પૂજારી એ જ વખતે મુસલમાન થઈ ગયો. હવે સરકારે મદીના ﷺએ ફર્માવ્યું, તારી પાસે કેટલો માલ છે ? તેણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ખુદાની કસમ ! બનૂ સુલૈમમાં ૪૦૦૦ આદમી છે પરંતુ આ કબીલામાં મારાથી વધારે ગરીબ અને મિસ્કીન કોઈ નથી. આપ ﷺએ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینની તરફ જોઈને ફર્માવ્યું, તમારામાંથી કોઈ એવું છે જે આને એક ઊંટ ખરીદીને આપે ? હઝરત સૈયદુના સઅદ બિન ઉબાદાએ અર્ઝ કરી, મારી પાસે એક ઊંટણી છે, તે હું આને આપી દઉં છું. પછી હુઝૂર ﷺએ ફર્માવ્યું, કોણ છે જે આનુ માથુ ઢાંકે ? અમીરૂલ મો'મિનીન સૈયદના હઝરત અલી મુશ્કિલ કુશા رضی اللہ عنہએ પોતાનો મુબારક અમામા શરીફ ઉતારીને તેના માથા પર રાખી દીધો. હુઝૂર ﷺએ ફર્માવ્યું કોણ છે જે આ શખ્સ માટે અત્યારે ખાવાની વ્યવસ્થા કરી આપે ? હઝરત સૈયદુના સલમાન ફારસી رضی اللہ عنہ ઉઠયા અને કેટલાક મકાનો પર ગયા પરંતુ સંજોગોવસાત કાંઈ ન મળ્યું. પછી નૂરે મુસ્તફા હઝરત સૈયદા ફાતિમતુઝ્ઝહરા رضی اللہ عنہاના મકાન પર જઈ દરવાજો ખખડાવ્યો. આપ رضی اللہ عنہاએ પૂછયું, કોણ છે ? અર્ઝ કરી, સલમાન છું ! ફર્માવ્યું, કેમ આવ્યા છો ? આપે આખો બનાવ બયાન કર્યો. આ સાંભળી આપ રડમશ થઈ ગયાં અને ફર્માવ્યું, હે સલમાન ! رضی اللہ عنہ ખુદાની કસમ ! જેણે મારા વાલિદને રસૂલ બનાવી મોકલ્યા, આજે ત્રીજો દિવસ છે, ઘરમાં બધા જ ફાકાથી છે ! પરંતુ તમે દરવાજા પર આવી ગયા છો તો ખાલી કેવી રીતે પાછા મોકલુ ? આ ચાદર લઈ જાવ અને શમઉન યહૂદીની પાસે જઈને કહો, ફાતિમા બિન્તે મુહમ્મદની ચાદર રાખી લો અને થોડાક જવ ઉધાર પેટે આપો.

હઝરત સૈયદુના સલમાન ફારસી رضی اللہ عنہ એ ચાદરને લઈ તેની પાસે ગયા અને આખો બનાવ બયાન કર્યો. શમઊન કેટલાક સમય સુધી ચાદર મુબારકને જોતો રહ્યો. એ જ સમયે તેના પર એક કૈફિયત તારી થઈ ગઈ અને તેણે કહ્યું,

હે સલમાન ! رضی اللہ عنہ વલ્લાહ ! આ એ જ મુકદ્દસ લોકો છે જેની ખબર અલ્લાહ તઆલાએ પોતાના પયગમ્બર હઝરત મૂસા علیہ السلام ને તૌરાતમાં આપી છે, "હું સાચા દિલથી હઝરતે ફાતિમા رضی اللہ عنہા ના બાપ હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પર ઈમાન લાવુ છું.

આમ કહી તેણે કલ્મો પઢયો અને મુસલમાન થઈ ગયો. ત્યાર પછી તેણે હઝરત સૈયદુના સલમાન رضی اللہ عنہ ને જવ આપ્યા અને ખૂબ જ અદબ તથા એહતેરામથી ચાદર મુબારક પાછી આપી. ખાતૂને જન્નત رضی اللہ عنہا એ શમઉનને ખૈરની દુઆઓ આપી અને જવ પીસીને ખાવા તૈયાર કર્યું અને હઝરત સલમાન ફારસી رضی اللہ عنہ ને આપી દીધું. આપે અર્ઝ કરી, આમાંથી કાંઈક ઘર માટે રાખી લો. ફર્માવ્યું, ફક્ત અલ્લાહની રાહમાં આપવાની નિય્યતથી મંગાવ્યું હતું અને બનાવ્યુ છે, હવે એમાંથી લેવુ બરાબર નથી. હઝરત સૈયદુના સલમાન ફારસી رضی اللہ عنہ ખાવા લઈ હુઝૂર ﷺ ની બારગાહમાં હાજર થઈ ગયા અને આખો કિસ્સો પણ અર્ઝ કર્યો. આપ ﷺ એ રોટી નવ મુસ્લિમને આપી અને પોતાની નૂરે નજર હઝરતે સૈયદા ફાતિમા رضی اللہ عنہ ની પાસે તશરીફ લઈ ગયા તો જોયું કે ભૂખથી તેમનો ચેહરો ફિકો થઈ રહ્યો છે અને કમજોરીની અસરો જણાય રહી છે. આપ ﷺ એ આપની બેટી હઝરત ફાતિમા رضی اللہ عنہا ને બેસાડીને તસલ્લી આપી અને દુઆ ફર્માવી, "હે અલ્લાહ ! ફાતિમા رضی اللہ عنہا તારી બંદી છે, તું એનાથી રાજી રહેજે." *(સફીનાએ નૂહ, ભાગ-૨, પેજ-૩૩)*

પ્યારી બહેનો ! ખાતૂને જન્નત હઝરત ફાતિમા رضی اللہ عنہا નો ઈષાર અને સખાવત આપે જોઈ કે પોતે ફાકાથી છે, ઘરમાં પણ ખાવાનું કાંઈ નથી પરંતુ સખાવત અને ઈષારનો આવો જબરદસ્ત જઝબો કે ગરીબ નવ મુસ્લિમની જરૂરત પૂરી કરવાની ખાતર કર્ઝ લેવા માટે પોતાની ચાદર ગિરવી રાખી અને જ્યારે સૈયદુના સલમાન رضی اللہ عنہ એ ખાવામાંથી થોડુક ઘર માટે રાખી લેવા કહ્યું તો અર્ઝ કરી, "મેં આ ખાવા અલ્લાહની રાહમાં ખૈરાત કરવાની નિય્યતથી બનાવ્યું છે." એક બાજુ ખાતૂને જન્નતનો આ પાક અમલ અને બીજી તરફ આપણી હાલત જુઓ. અલ્લાહુ અકબર ! તે પોતે તંગદસ્તી તથા ફાકામાં રહીને ગરીબોની જરૂરતો પૂરી કરતાં અને આપણે પોતાનું પેટ ભરીને બાકી વધેલુ ગરીબો, ફકીરોને આપવાની જગ્યાએ આવનારા સમય માટે રાખી લઈએ છીએ. કાશ ! આપણને પણ ગરીબો, ફકીરોની જરૂરતો પૂરી કરવાનો જઝબો નસીબ થાય.

## ખાતૂને જન્નત رضی اللہ عنہا ની પર્દાની પાબંદી

હાફિઝુલ હદીષ હઝરત સૈયદુના ઈમામ અબ્દુર્રહમાન જલાલુદ્દીન સિયૂતી શાફઈ رضی اللہ عنہ એ અમીરૂલ મો'મિનીન હઝરત મૌલાએ કાયનાત, અલીયેલ મુર્તઝા, શેરે ખુદા کرم اللہ وجہہ الکریم થી રિવાયત કરી છે કે સરકારે દો આલમ, નૂરે મુજસ્સમ શાહે બની આદમ ﷺ ઈર્શાદ ફર્માવે છે, "જ્યારે કયામતનો દિવસ થશે, તો એક પોકારનાર પોકાર કરશે હે લોકો ! પોતાની નિગાહોને (નજરોને) ઝુકાવી લો જેથી હઝરત ફાતિમા બિન્તે મુહમ્મદ મુસ્તફા ﷺ પુલસિરાતથી પસાર થઈ જાય. *(અલ જામેઉસ્સગીર મઅ ફૈઝુલ કદીર, ભાગ-૧, પેજ-૫૪૯, હદીષ-૮૨૨)*

*વોહ રિદા જિસ કી તેહરીર અલ્લાહ રે*
*આસ્માં કી નજર ભી ન જિસ પર પળે*
*જિસ કા દામન ન સહવન હવા છૂ સકે*
*જિસકા આંચલ દેખા ન મહ વ મેહર ને*
*ઉસ રિદાએ નજાહત પે લાખો સલામ* (આમીન)

# તઝકેરતુલ અવલિયા હપ્તો ૨૪

# હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

અઝ : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ // અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી

જંગલના સફરમાં આપણી એક એવા ખુદા રશીદા બુઝુર્ગ સાથે મુલાકાત થઈ જેણે આપને "ઈસ્મે આ'ઝમ"ની તા'લીમ આપી અને આપ હમેશાં એ ઈસ્મે આ'ઝમના થકી અલ્લાહ તઆલાને યાદ કરતા રહ્યા. પછી એ જ અરસામાં આપની મુલાકાત જ્યારે હઝરત ખિઝરથી થઈ તો તેમણે ફર્માવ્યું કે જે બુઝુર્ગે તમને ઈસ્મે આ'ઝમની તા'લીમ આપી તે મારા ભાઈ ઈલ્યાસ છે. ત્યાર બાદ આપે બાકાયદા તૌર પર હઝરત ખિઝરની બયઅત કરી અને ઉચ્ચ મર્તબાઓ સુધી પહોંચ્યા. પછી ફર્માવ્યું કે એકવાર હું જંગલોની સફર કરતો કરતો જ્યારે ઈરાકની નજીક પહોંચ્યો તો મેં એક એવા સિત્તેર ફકીરોને જોયા જેઓ રાહે મૌલામાં પોતાની જાન નિછાવર કરી ચૂક્યા હતા, પરંતુ એમાં એક એવી વ્યક્તિ બાકી હતી જેનામાં જિંદગીની કેટલીક અસરો મૌજૂદ હતી. અને જ્યારે મેં તેને બનાવની વિગત પૂછી તો તેણે કહ્યું, હે ઈબ્રાહીમ ! બસ મેહરાબ અને પાણીને જિંદગીનો ભાગ બનાવીને આગળ જવાની કોશિશ કરો, નહીં તો વિખૂટા થઈ જશો અને કુર્બનો ખયાલ પણ છોડી દો નહીં તો તકલીફમાં પડશો, કેમ કે કોઈની શક્તિ તથા ક્ષમતા નથી કે સલામત રવીની હાલતમાં ગુસ્તાખીમાં સપડાય શકે અને એ દોસ્તથી પણ ડરતા રહો જે હિજાઝને રોમના કાફિરોની જેમ જંગના થકી હરાવી દે છે. અને અમે આ બયાનમાં એ અહદ કરીને કે ખુદા સિવાય કોઈની સાથે લેવાદેવા ન રાખીશું, કેવળ તવક્કુલ ઈલલ્લાહના સહારે મુકીમ થઈ ગયા. અને જ્યારે સફર ખેડીને બૈતુલ્લાહ નજીક પહોંચ્યા તો હઝરત ખિઝરથી નિયાઝનો શરફ હાંસલ થઈ ગયો અને અમે આપની મુલાકાતને મુબારક ફાલ ખયાલ કરીને અમારી કોશિશ સફળ થવા પર ખુદાનો શુક્ર અદા કર્યો. પરંતુ એ જ વખતે નિદા આવી કે, "હે વાયદા ભંગ કરનારાઓ ! હે ધોકાબાઝો ! શું તમારો એ જ અહદ હતો કે મને ભૂલાવીને બીજાઓ સાથે સંબંધ વધારો ? સાંભળી લો કે હું તમને આ જુર્મની સજામાં મૌતના ઘાટ ઉતારી દઈશ." જેથી હે ઈબ્રાહીમ અદહમ ! આ સર્વ મૃત લોકો એના જ કહેરના શિકાર થઈ ગયા છે, અને જો તમે પણ ખૈરિયત ચાહો છો તો એક કદમ પણ આગળ ન વધારશો અને હઝરત ઈબ્રાહીમે આશ્ચર્ય પામીને એ શખ્સને પૂછયું કે તમે કેવી રીતે જીવંત રહી ગયા ? તો જવાબ આપ્યો કે હજી અડધી પુખ્તા છું અને હવે તેમની જે પુખ્તા થઈને જાન આપી દેવા ચાહું છું, આટલુ કહીને તે પણ મૃત્યુ પામ્યો.

આપ સફર કરતા કરતા અને ગિર્યાઓ ઝારી કરતા પૂરા ચાલીસ વરસમાં મક્કા મોઅઝ્ઝમા પહોંચ્યા. અને જ્યારે હરમના બુઝુર્ગોને આપના આગમનની ખબર મળી તો સ્વાગત માટે નીકળીને ઉભા થઈ ગયા અને આપે કેવળ એ ખૌફથી કે કોઈ ઓળખી ન શકે પોતાને કાફલાથી અલગ કરી લીધા અને જ્યારે હરમના ખાદિમોએ જેઓ આગળ આગળ ચાલતા હતા તેમને પૂછયું કે ઈબ્રાહીમ અદહમ કેટલા દૂર છે, એટલા માટે કે હરમવાસીઓ તેમનાથી ફયઝ હાંસલ કરવા માટે આવી રહ્યા છે. તો આપે (જાતે હતા) કહ્યું કે તે લોકો એક મુલ્હિદ અધર્મીને શા માટે

મળવા ચાહો છો ? આ સાંભળીને ખાદિમોએ આપના મોઢા પર થપ્પડ મારતાં કહ્યું, મુલ્હિદ અધર્મી તું ખુદ છે. આપે ફર્માવ્યું કે હું પણ તો એ જ કહી રહ્યો છું. અને જ્યારે તે લોકો આગળ નીકળી ગયા તો આપે આપના નફ્સને ફર્માવ્યું કે પોતાના કરતૂતની સજા ભોગવી લીધી ?! કેમ કે ખુદાનો શુક્ર છે કેમ કે હરમવાસીઓના સ્વાગત કરવાની ખ્વાહિશ પૂરી ન થઈ શકી. અને ત્યાર બાદ જ્યારે લોકોએ આપને ઓળખી લીધા તો એટલા પ્રમાણમાં અક઼ીદતમંદ બની ગયા કે આપે પણ ત્યાં વસવાટ અપનાવી લીધો અને અસંખ્ય લોકો આપના હાથ પર બયઅત થયા અને આપની એ હાલત હતી કે રોજીની પ્રાપ્તિ માટે ઘણી મુશ્કેલીની સાથે ક્યારેક જંગલથી લાકડીઓ લાવીને વેચતા અને કદીક કોઈના ખેતરની રખેવાળીનું કામ કરતા.

જ્યારે આપે બલ્ખની સલ્તનતને અલવિદા કહી તો તે વખતે આપનો એક ઘણો જ નાનો બાળક હતો. અને જ્યારે તેણે જવાનીમાં પૂછયું કે મારા પિતા ક્યાં છે ? તો માએ પૂરો બનાવ વર્ણન કર્યા બાદ બતાવ્યું કે તે અત્યારે મક્કા મોઅઝ્ઝમામાં સ્થાયી થયેલા છે. ત્યારબાદ તે પુત્રએ પૂરા શહેરમાં એલાન કરાવી આપ્યું કે જે લોકો મારી સાથે હજ્જના સફરે ચાલવા ચાહે તેમનો પૂરો ખર્ચ હું ઉઠાવીશ. આ એલાન સાંભળીને લગભગ ચાર હજાર વ્યક્તિઓ ચાલવા તૈયાર થઈ ગયા, જેમને એ પુત્ર સાથે લઈને પિતાના દીદારની તમન્નામાં કા'બાતુલ્લાહ પહોંચી ગયો. અને જ્યારે તેણે હરમના મશાઈખને પોતાના વાલિદના વિશે પૂછયું તો તેમણે કહ્યું કે એ અમારા મુર્શિદ છે અને અત્યારે એ નિય્યતથી જંગલમાં લાકડીઓ લેવા ગયા છે કે તેને વેચીને પોતાના તથા અમારા ખાવાના બંદોબસ્ત કરે. આ સાંભળતાં જ પુત્ર જંગલની તરફ ચાલી નીકળ્યો અને એક વૃદ્ધને માથા પર લાકડીઓનો ભારો લાવતાં જોયો. તે ખુશીના આવેશમાં બેતાબ થઈ ગયો, પરંતુ સઆદતમંદીના રૂપે અને નાવાકેફિયતના કારણે ખામોશીની સાથે બજાર સુધી આપની પાછળ પાછળ પહોંચી ગયો. અને જ્યારે ત્યાં જઈને હઝરત ઈબ્રાહીમે અવાજ લગાડયો કે કોણ છે જે પાકીઝા માલના બદલામાં પાકીઝા માલ ખરીદે ? આ સાંભળીને એક શખ્સે રોટીઓના બદલામાં લાકડીઓ ખરીદી લીધી જેને આપે આપના મુરીદો સમક્ષ જઈને મૂકી દીધી અને પોતે નમાઝમાં મશગૂલ થઈ ગયા.

આપ આપના મુરીદોને હમેશાં એ નસીહત કરતા રહેતા કે કદી કોઈ સ્ત્રી તથા દાઢી ફૂટી ન હોય તેવા છોકરાને નજર ભરીને જોશો નહીં. અને ખાસ કરીને એ વખતે ખૂબ જ સાવચેત રહેજો જ્યારે હજ્જના દિવસો દરમ્યાન ખૂબ જ અધિક પ્રમાણમાં સ્ત્રીઓ તથા દાઢી ઉગી ન હોય તેવા છોકરાઓ ભેગા થઈ જાય. અને સર્વ લોકો આ હિદાયતના પાબંદ રહીને આપની સાથે તવાફમાં શરીક રહેતા. પરંતુ એકવાર તવાફની હાલતમાં જ આપનો પુત્ર સામે આવી ગયો અને આપોઆપ આપની નજરો એના પર જામી ગઈ. અને તવાફ પૂર્ણ કર્યા બાદ આપના મુરીદોએ અર્ઝ કરી કે અલ્લાહ આપના ઉપર રહમ ફર્માવે, આપે જેનાથી દૂર રહેવાની અમને હિદાયત કરી હતી એમાં આપ પોતે જ પડી ગયા ? શું આપ એનું કારણ વર્ણવી શકો છો ? આપે ફર્માવ્યું કે એ વાત તો તમારાં ઈલ્મમાં જ છે કે જ્યારે મેં બલ્ખને વિદાય કહ્યું તો એ વખતે મારો નાનો સરખો પુત્ર હતો અને મને યક઼ીન છે કે આ તે જ બાળક છે. પછી આગલા દિવસે આપનો એક મુરીદ જ્યારે બલ્ખના ક઼ાફલાની તલાશ કરતો ત્યાં પહોંચ્યો તો જોયું કે એ જ છોકરો તે તંબૂમાં એક ખુરશી પર બેસીને કુર્આનની તિલાવત કરી રહ્યો છે. અને જ્યારે તેણે આપના મુરીદને આગમનનો સબબ પૂછયો તો મુરીદે સવાલ કર્યો કે આપ કોના પુત્ર છો ? એ સાંભળતાં જ એ છોકરાએ રડતાં રડતાં કહ્યું કે મારા પિતાને નથી જોયા પણ કાલે એક વૃદ્ધ કઠિયારાને જોઈને એ મહેસૂસ થયું કે એ જ મારા પિતા છે. અને જો હું તેમને વધુ પેજ 39 પર..

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

# અસ્રારુલ અવલિયા

હપ્તો ૦૫

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

પછી ફર્માવ્યું કે હે દુરવેશ ! એકવાર હું અને મારા ભાઈ મૌલાના બહાઉદ્દીન ઝકરિયા એક જ જગાએ બેઠા હતા અને સુલૂકના બારામાં ચર્ચા થઈ રહી હતી. તો થોડીક વાર પછી મારા ભાઈ મૌલાના બહાઉદ્દીન ઝકરિયા ઉઠીને હાય ! હાય ! કરીને રડવા લાગ્યા અને اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ કહ્યું. મેં પૂછયું, આ શું હાલત છે ?! ફર્માવ્યુ, ઉઠીને જુઓ ! જ્યારે મેં જોયું તો જાણવા મળ્યું કે બગદાદના દરવાજેથી શયખ સઅદુદ્દીન સહવિયહ رحمۃ اللہ علیہનો જનાઝો કાઢીને જામેઅ મસ્જિદની પાસે નમાઝે જનાઝા અદા કરી રહ્યા છે.

### દુરવેશે પાણી પર ચાલી બતાવ્યું !

પછી ફર્માવ્યું, હે દુરવેશ ! એક વાર હું લાહોરની હદમાં સફરમાં હતો. ત્યાં એક કશ્ફો કરામતવાળા બુઝુર્ગ ખેતીવાડી પર ગુજારો કર્યા કરતા હતા. અને કોઈ કારકુન તેમની પાસેથી જમીનનુ મહેસૂલ વગેરે લેતો ન હતો. એકવાર ત્યાંનો હાકિમ કોઈ એવો શખ્સ મુકર્રર થઈને આવ્યો જેણે એનાથી મહેસૂલ માગ્યું અને કહ્યું કે તું આટલા વરસોથી મફત પેદાવાર ખાય રહ્યો છે તો મહેસૂલ અદા કર અથવા કોઈ કરામત દેખાડ. દુરવેશે કહ્યું, હું મિસ્કીન માણસ છું, મારે કરામત સાથે શું સંબંધ ?! પણ તે હાકિમે ન માન્યુ અને પોતાની વાત પર અડેલો રહ્યો. છેવટે દુરવેશે તંગ આવીને થોડીવાર વિચારીને કહ્યું, સારું ! તું શું કરામત જોવા ચાહે છે ? તેણે કહ્યું, જો તારામાં કરામત છે તો પાણી પર ચાલ ! દુરવેશ પાણી પર પગો રાખીને પાર થઈ ગયો જેવી રીતે કોઈ સૂકી જમીન પર ચાલે છે. પાર જઈને નાવડી માગી જેથી પરત આવી શકે. લોકોએ કહ્યું, એ જ રીતે પરત કેમ નથી આવી જતા ? કહ્યું, એટલા માટે કે નફસમાં ઘમંડ ન આવી જાય.

### હઝરત અલી کرم اللہ وجہہ الکریم નો બનાવ

ત્યારબાદ ફર્માવ્યું કે હે દુરવેશ ! જે દિવસે મુલ્જિમ બદબખ્તે અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને શહીદ કરવાના ઈરાદે આં જનાબનો પીછો કર્યો તો આં જનાબ એક ગામ પસાર થઈને પાણીના કિનારે આવ્યા અને કબ્રસ્તાનની તરફ મોં કરીને જે ત્યાંથી નજીક જ હતું એક જણનું નામ લઈને પોકાર્યું, હે ફલાણાના પુત્ર ફલાણા ! કબરથી અવાજ આવ્યો, લબ્બૈક ! યા અલી ! પૂછયું, પગો જેટલું પાણી કઈ તરફ છે ? કહ્યું, જ્યાં આપ ઉભા છો. આપ પગ રાખીને પાર થઈ ગયા. મુલ્જિમે આવીને પૂછયું કે આપને મુડદાનું નામ અને તેના બાપનુ નામ તો માલૂમ થઈ ગયું પરંતું એ ન માલૂમ થયું કે પગો જેટલુ પાણી ક્યાં છે ?! ફર્માવ્યું, જાણતો હતો પણ એટલા

માટે પૂછયું કે નફસ બેબાક ન થઈ જાય અને શૈખી મારતુ ન થઈ જાય.

## દુરવેશોના હાલ વિશે

પછી શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે હે દુરવેશ ! જયારે કોઈ દોસ્ત દોસ્તના અસ્રાર (રાઝો)થી માલામાલ થાય છે તે વખતે તેની જીભથી કોઈ વાત નીકળી પણ જાય તો કોઈ અચબની વાત નથી. કેમ કે જ્યારે જગા જ ન રહે તો પછી તે એને ક્યાં રાખે. આ તો કામિલોની હાલત છે. પરંતુ તે શખ્સ જે શરૂમાં જ પોતાના અસ્રાર ઉમંગમાં આવી જાહેર કરી દે તે અલ્બત નકામુ કામ કરે છે કેમ કે જ્યાં સુધી નિગેહદાશતની (સાચવણીની) હદ છે ત્યાં સુધી તો તેણે સાચવી રાખવાં જોઈતાં હતાં. પરંતુ હા ! જ્યારે અધિક થઈ જાય અને કાંઈક જાહેર કરી દે તો અમુક સુલૂકવાળા એને માફ કરી દે છે કે એ સ્થિતિમાં કરે તો જાઈઝ છે.

પછી ફર્માવ્યું કે **મોમિનોનાં દિલ પવિત્ર જમીનની જેમ છે જો મહોબ્બતનું બીજ એમાં રોપવામાં આવે તો એનાથી વિવિધ પ્રકારની નેઅમતો પેદા થશે.** પછી એનાથી તું અન્યોને પણ હિસ્સો આપી શકે છે અને તારા માટે પૂરતી હોય છે. ત્યારબાદ ફર્માવ્યું કે જ્યાં સુધી તું સાપની જેમ કાંચળી નહીં ઉતારે ત્યાં સુધી કદી હક્ક઼ની મહોબ્બતનો દાવો તારાથી સાચો ઠરશે નહીં.

પછી ફર્માવ્યું કે કામિલ હાલ દુરવેશ તે છે જેમને કોઈ અન્યની હાજત નથી, બલ્કે અસ્રારની નેઅમત જે એમનામાં છે તેનાથી આવનારાઓને હિસ્સો આપે છે અને તેમની જરૂરત પૂરી કરીને પરત કરે છે. પણ કોઈ દુરવેશીનો દાવો કરે અને બાદશાહો તથા અમીરોની પાસે રૂપિયા પૈસાની ખાતિર આવે કે જેથી પોતાની જરૂરત પૂર્ણ કરી શકે તો સમજી લો તેને નેઅમત હાંસલ નથી થઈ. જો તેને કાંઈ હાંસલ હોત તો કદી મખ્લૂક઼ના દરવાજા પર ન જાત, અને કોઈનાથી અપેક્ષા ન રાખતો. જ્યાં આગળ દુરવેશીનો ક઼દમ આવે છે ત્યાં કોઈ આવી નથી શકતું. એટલા માટે કે દુરવેશો પર ખુદ નેઅમતને દરવાજો ખુલેલો હોય છે અને સલ્તનતનો ખજાનો દુરવેશોને સુપરત થયેલો હોય છે જેથી જેવી રીતે ચાહે દુરવેશીની જરૂરત પ્રમાણે ખર્ચ કરે, પછી તેણે બીજા પાસે હાજત માટે જવાની જરૂરત જ શું છે ?

પછી ફર્માવ્યું કે જ્યારે દુરવેશોને હાલત હોય છે તો અર્શથી લઈને ફર્શની સર્વ ચીજો એમની આંખોની સમક્ષ હોય છે અને દરેક ચીજ જે હક્ક઼થી નાઝિલ થાય છે એમાં તેઓ પણ પહોંચેલા હોય છે. પછી ફર્માવ્યું કે જેવી રીતે અવલિયામાં અહવાલ હોય છે એ જ પ્રમાણે અંબિયામાં પણ હતા.

પછી ફર્માવ્યું કે ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ પોતાની તવારીખમાં લખે છે કે દુરવેશના અહવાલ મહબ્બતે હક્ક઼ની અધિકતાના કારણે શોખમાં છે. જ્યારે દુરવેશો પર અલ્લાહ તઆલાની મહોબ્બત ગાલિબ થાય છે તો દોસ્તના નૂરની તજલ્લીમાં એટલા પ્રમાણે ગુમ થઈ જતા હોય છે કે કોઈ મખ્લૂક઼ને યાદ નથી કરતા. પછી આ શેઅર પઢીને બેહોશ થઈ ગયા :

(ફારસી શેઅરનો અર્થ) : "જે સમયે તારી સુંદરતાના શોખમાં ડૂબી જાઉં છું, મારી સામે તારા પવિત્ર ચહેરા સિવાય કોઈ અન્ય નથી હોતુ."

## હુઝૂર ﷺએ ખુલફાએ રાશિદીનને જન્નતની બશારત આપી

ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ખ્વાજા ઈમામ મુહમ્મદ ઝાહિર ગિઝાલી પોતાની તવારીખમાં લખે છે કે એકવાર હુઝૂર ﷺને હાલત થઈ તો મદીનાની બહાર એક બાગમાં તશરીફ લાવ્યા જેમાં

એક કૂવો હતો તેમાં પોતાના મુબારક પગો લટકાવીને બેસી ગયા અને અહવાલના આલમ ડૂબેલા હતા. અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہને જે હુઝૂર ﷺની સાથે હતા, તેમને ફર્માવ્યું કે સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعینમાંથી જો કોઈ આવે તો મારી ઈજાઝત વિના અંદર આવવા ન દેશો. જ્યારે અમીરુલ મો'મિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક઼ તથા અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہما આવ્યા તો અબૂ મૂસા رضی اللہ عنہએ ખબર કરી. ફર્માવ્યું, આવવા દો. જ્યારે અંદર આવ્યા તો હુકમ થયો કે મારી જમણી બાજુ આ રીતે બેસી જાય. પછી અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન તથા અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہما આવ્યા તો ખબર આપતાં અંદર આવવાની ઈજાઝત આપી અને હુકમ થયો કે ડાબી તરફ બેસી જાવ. મોડે સુધી બેસી રહ્યા અને રસૂલે ખુદા ﷺ પોતાના અહવાલમાં બેસેલા રહ્યા. પછી ફર્માવ્યું, હે યારો ! જે રીતે જિંદગીમાં આપણે બેઠા છીએ એ જ રીતે વફાતના બાદ પણ એક જ જગાએ હોઈશું અને એ જ પ્રમાણે આપણો હશ્ર થશે અને જન્નતમાં પણ એક જ જગાએ હોઈશું. સહાબાએ કિરામ ઉઠીને આદાબ બજાવી લાવ્યા અને શુક્રિયા અદા કર્યો.

ત્યારબાદ ત્યાં હુઝૂર ﷺએ ફર્માવ્યું કે અત્યારે જન્નત મારી નજરો સમક્ષ છે. એમાં મને એક મહેલ દેખાય રહ્યો છે જેને યાકૂતના એક જ દાણા વડે અલ્લાહે પેદા કર્યો છે. એની સાથે ચાર અન્ય મહેલો પણ છે. જ્યારે મેં પૂછયું કે આ મહેલો કોના છે તો હુકમ થયો કે એક આપના માટે અને ચાર આપના યારોના માટે. તો હું ખુશીના માર્યા ઝુમી ઉઠયો અને પછી એ વાત તમને કહી કે આપણે દરેક સમયે એકઠા જ રહીશું.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે અહવાલ આવા જ હોય છે જ્યારે કોઈ સાહિબે સિર્ર (ભેદો જાણનાર) કોઈ ચીજમાં ગુમ થઈ જાય છે તો આવી જ હાલતમાં ડૂબી જાય છે.

પછી ફર્માવ્યું કે જ્યારે હું અસ્રારે દોસ્તના કોઈ સિર્રમાં (દોસ્તના રહસ્યોમાંથી કોઈ રહસ્યમાં) એટલે કે અહવાલમાં મુસ્તગરક઼ થાઉ છું તે વખતે જરૂર દોસ્તની કોઈ ન કોઈ વાત મારા પર કશ્ફ (જાહેર) થાય છે. જ્યારે આ વાત મારા ભાઈ બહાઉદ્દીન ઝકરિયાએ સાંભળી તો નાપસંદ કરી અને તરત મારી તરફ જોયું કે હે દુરવેશ ! આ શું નાદાની કરી રહ્યા છો કે અસ્રારે હક઼ (રબના રહસ્યો) જાહેર કરી રહ્યા છો !? અને આ વાત એહલે અસ્રારના માટે ઠીક નથી. મેં જણાવ્યું કે ભાઈજાન ! કામ વાતચીતથી ઉપર જતુ રહ્યું. અને મારો સીનો દોસ્તના અસ્રારથી પુર થઈ ગયો હતો, જેમાં રજ માત્ર જગા ખાલી રહી ન હતી કે એમાં સમાય શકે. હવે કેમ કે ગુંજાઈશ નથી રહી એટલા માટે આમ અન્વારથી જે દોસ્તના રહસ્યો તજલ્લી કરે છે તે જાહેર થઈ જાય છે અને અધિકતાના કારણે પડી જાય છે, તો હે ભાઈ ! હું તો ખૂબ જ ચાહું છું કે મેહફૂઝ રાખુ અને રજપાત્ર પણ જાહેર ન કરું, પરંતું મારાથી એ નથી થઈ શકતુ. હવે કહો કે શું કરું ?! જ્યારે આ પત્ર આપની ખિદમતમાં પહોંચ્યો તો માથુ ઝુકાવી લીધું અને ફર્માવ્યું કે અમારા યારે પોતાનુ કામ અંજામ સુધી પહોંચાડી લીધુ છે. આ હિકાયત ખત્મ કરતાં જ શૈખુલ ઈસ્લામ નારો મારીને બેહોશ થઈ ગયા. બે દિવસ રાત એ જ હાલત રહી. મુસલ્લા પર પડયા રહ્યા. પોતાને પોતાની તદ્દન ખબર ન હતી. ત્યાર બાદ જ્યારે હોશમાં આવ્યા તો ઉભા રહીને આસ્માનની તરફ જોયું અને આ શેઅર પઢયા :

**(ફારસી શેઅરનો અર્થ)** : "જેઓ તારી મહોબ્બતમાં આશિક઼ બની બેઠા છે, તમામ લોકોથી સંબંધ તોડી એકલા થઈ બેઠા છે. હે દોસ્ત ! પોતાને

તારા નામ પર ફિદા કરી નાખ્યા છે. તે આશિકો જેઓ તારા પર ફિદા થઈ બેઠા છે, તારા ખયાલોમાં દિલ ખોઈ બેઠા છે. ક્યારેક (જમીન પર) પડેલા તો ક્યારેક માથાભેર બેઠા છે.''

## તે કદાપિ દોઝખમાં જશે નહીં !

ત્યારબાદ ફર્માવ્યું કે હે દુરવેશ ! એકવાર કોઈ શખ્સ મુલ્તાનથી આવ્યો અને તેણે કહ્યું કે હું શયખ બહાઉદ્દીન ઝકરિયા رحمۃ اللہ علیہની ખિદમતમાં હતો. એક વખતે જયારે આપને હાલત થઈ તો પોતાની ખાનકાહથી નીકળીને સવાર થઈને મુલ્તાન ભરમાં ફર્યા, અને ઢંઢેરો પીટાવી દીધો કે જે શખ્સ આજે બહાઉદ્દીનનો ચહેરો જોઈ લેશે, હું જામિન છું કે કયામતના દિવસે તેને દોઝખમાં લઈ જવામાં નહીં આવશે. ટોળે ને ટોળે મુસલમાન આવીને આપનો દીદાર કરતા અને આપ કસમ ખાયને ફર્માવતા કે કયામતના દિવસે તમો દોઝખમાં નહીં જાવ, કેમ કે મને કહેવામાં આવ્યું છે કે હે બહાઉદ્દીન ! જે આજે તારો દીદાર કરશે તેને કયામતના દિવસે અમે દોઝખમાં ફેંકીશું નહીં. જેવી તે શખ્સે આ હિકાયત ખત્મ કરી મારા પર હાલત તારી થઈ અને કહ્યું, હે દુરવેશ ! જો બહાઉદ્દીને આ વાત કહી છે કે જે શખ્સ મારો દીદાર કરશે તેને અલ્લાહ તઆલા દોઝખમાં નહી મોકલે ! હવે હું કસમ ખાઈને કહું છું કે દુનિયામાં જે મુસલમાને મારી બયઅત કરી હશે અથવા મારાથી મુસાફો કર્યો હશે અથવા મારાં ફરઝંદોનો હાથ પકડયો હશે અથવા મારા મુરીદોની બયઅત કરી હશે અથવા મારા ખાનવાદામાં બયઅત કરી હશે તે કદાપિ દોઝખમાં નહીં જાય.

એટલા માટે કે મારા પીર કુત્બુદ્દીન قُدِّسَ سِرُّہُ الْعَزِیْزએ એકવાર ફર્માવ્યું કે હે ફરીદ ! હક્ક તઆલએ તને દરજો એનાયત કર્યો છે કે જે શખ્સ તારા અથવા તારાં ફરઝંદો અથવા મુરીદોનો મુરીદ હશે તે દોઝખમાં જશે નહીં, તે જરૂરથી જન્નતમાં જશે, તેમજ મને પણ હજારવાર એ અવાજ આવી ચૂક્યો છે કે ફરીદ અજોધની નેકબખ્ત બંદો છે. જ્યારે શયખુલ ઈસ્લામે આ હિકાયત ખત્મ કરી તો આલમે તહૈયુરમાં ઉભા થઈ ગયા. હું પાસે હતો. સાત દિવસ રાત સુધી એ આલમે તહૈયુરમાં મશગૂલ રહ્યા. ખાવા પીવાની હાજત ન થઈ. જ્યારે આલમે સહ્વમાં આવ્યા તો રબની ઈતાઅતમાં મશગૂલ થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

પેજ 41 નું ચાલુ..

દિવસના થાક દૂર થાય અને અલ્લાહ તબારક વ તઆલાએ તેમને વંશવૃદ્ધિનો જે ઝરીયો બનાવ્યો તેનો ક્રમ પણ ચાલુ રહે. જાણવા મળ્યું કે સરવરે આલમ ﷺના પવિત્ર જીવનથી ઉત્તમ જિંદગીનો નમૂનો કોઈ થઈ જ નથી શકતો. એટલા માટે :–

*હમેં કરની હૈ શહનશાહે બત્હા કી રઝાજોઈ*
*વો અપને હો ગએ તો રહ્મતે પરવરદિગાર અપની*

એટલા માટે કે સરવરે કાઈનાત ﷺના અખ્લાકે કરીમાના મહાન હોવાની ગવાહી ખુદ કુર્આને મુકદ્દસ આપે છે. ફર્માને બારી તઆલા છે :–

وَاِنَّکَ لَعَلٰی خُلُقٍ عَظِیْمٍ○ ''બેશક ! તમારી આદતો (તોર તરીકા) ઘણા શાનવાળા છે.''

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે આકાએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّمَا بُعِثْتُ لِاُتَمِّمَ مَکَارِمَ الْاَخْلَاقِ

''મને ઉત્તમ ગુણો અને સદ્કાર્યોને સંપૂર્ણ કરવા માટે મોકલવામાં આવ્યો છે.'' *(ક્રમશઃ)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## ઈલાનું બયાન

**મસ્અલા** : ઈલાનો અર્થ એ છે કે પતિએ એવી કસમ ખાધી કે તે પત્નીની પાસે નહીં જાય (સંભોગ નહીં કરે) અથવા એવી કસમ ખાધી કે ચાર મહિના સુધી પાસે નહીં જાય, એને ઈલા કહેવાશે. ઓરત જો બાંદી હોય તો ઈલાની ઈદ્દત બે મહિના છે. ઈલામાં કસમના બે પ્રકાર છે : એક એ કે અલ્લાહ તઆલા કે એની તે સિફતની કસમ ખાય જે સિફતની કસમ ખાવામાં આવે છે. જેમ કે એવું કહે કે એની અઝમતો જલાલની કસમ, એની કિબ્રિયાઈની કસમ, કુર્આનની કસમ, કલામુલ્લાહની કસમ. બીજો પ્રકાર મુશાબેહતનો છે, જેમ કે એવું કહે કે જો એની સાથે હમબિસ્તરી કરું તો મારો ગુલામ આઝાદ છે અથવા મારી પત્નીને તલાક છે, અથવા મારા પર આટલા રોઝા છે યા હજ્જ છે.

*(હિદાયા વગેરે)*

**મસ્અલા** : ઈલાના બે પ્રકાર છે : **(૧)** એકમાં ચાર મહિનાનો સમય નિશ્ચિત છે **(૨)** સમયનું બંધન હોતું નથી. હર હાલમાં ઈલા બાદ જો ચાર મહિનાની અંદર ઓરતથી સંભોગ કર્યો તો કસમ તૂટી ગઈ (ભલે પાગલ હોય) કફ્ફારો લાઝિમ છે. જ્યારે કે અલ્લાહ તઆલા કે એની કોઈ સિફતની કસમ ખાધી હોય. જો કસમ મુશાબેહત પ્રકારની હતી તો જે વાત માટે નિર્ણય કર્યો હતો તે વાત થઈ જશે. (જેમ કે એવું કહ્યું હતું કે જો એનાથી સોહબત કરું તો ગુલામ આઝાદ છે અને ચાર મહિનાની અંદર સંભોગ કર્યો તો ગુલામ આઝાદ થઈ ગયો). અને જો ઈલા કર્યા પછી ચાર મહિનાની અંદર સોહબત ન કરી તો તલાકે બાઈન લાગુ પડશે અને જો ઈલા નિશ્ચિત સમયનો એટલે કે ચાર મહિનાનો હતો તો કસમ રદ થઈ ગઈ અર્થાત એ ઓરત સાથે ફરીથી નિકાહ કર્યો તો ઈલાની કોઈ અસર બાકી રહેતી નથી. જો ઈલામાં કોઈ મુદ્દત ન હતી એટલે કે હમેશાંની કેદ હતી જેમ કે એવું કહ્યું હતું કે ખુદાની કસમ ! તારી પાસે ક્યારે પણ નહીં આવું અથવા કોઈ શર્ત ન હતી જેમ કે એવું કહ્યું હતું કે ખુદાની કસમ ! તારી પાસે નહીં આવું તો આવી હાલતમાં એક બાઈન તલાક લાગુ પડી ગઈ અને કસમ બાકી રહે છે. અર્થાત જો એ સ્ત્રીથી ફરીવાર નિકાહ કર્યા તો ઈલાનો હુકમ લાગુ પડશે. જો એ નિકાહના વખતથી ચાર મહિનાની અંદર સંભોગ કર્યો તો કસમનો કફ્ફારો આપવો પડશે અને તઅલીક બદલો લાગુ થઈ જશે. અને ચાર મહિના પૂરા થયા તે દરમિયાન નજીક ન ગયો તો એક બાઈન તલાક લાગુ પડી જશે પણ કસમ બાકી રહેશે. એ રીતે જો ત્રીજીવાર એ ઓરતથી નિકાહ કર્યા તો ફરી ઈલા આવ્યો અને તે સમયમાં સંભોગ ન કરે તો ચાર મહિના પૂરા થવા પર ત્રીજી તલાક પડશે. હવે પછી હલાલા વગર નિકાહ કરી શકશે નહીં. જો હલાલા બાદ ફરીથી નિકાહ કર્યા તો ઈલા રહેશે નહીં અર્થાત ચાર મહિના સુધી પાસે નહીં જવાથી તલાક થઈ જશે. પછીથી નિકાહ, ફરી પાછો એ જ હુકમ. એક કે બે તલાક બાદ બીજા કોઈથી નિકાહ કર્યો ત્યાર પછી એની સાથે નિકાહ કર્યો તો ફરી પાછો એ જ હુકમ લાગુ પડશે અર્થાત જ્યાં સુધી ત્રણ તલાક બાદ બીજા પતિથી નિકાહ ન કરી લે, ઈલા બદસ્તૂર બાકી રહેશે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ઈલા ફકત પોતાની સાથે નિકાહમાં આવેલી (સ્ત્રી)થી થઈ શકે છે અથવા તો રજઈ તલાકવાળીથી. અજનબિયા અથવા તો જેને બાઈન તલાક દીધી હોય તેનાથી શરૂઆતમાં (ઈલા) નહીં થઈ શકે. એ રીતે પોતાની બાંદી સાથે પણ નહીં. હા ! બીજાની બાંદી એના નિકાહમાં છે તો એ બાંદીથી ઈલા કરી શકે છે. એ રીતે જો અજનબિયાનો ઈલા નિકાહ પર આધારિત કર્યો હોય તો થઈ જશે. જેમ કે એવું કહે કે જો હું તારાથી

શાદી કરું તો ખુદાની કસમ ! હું તારી પાસે નહીં આવું *(સંભોગ નહીં કરું).*

**મસ્અલા** : ઈલા માટે શર્ત એ પણ છે કે પતિ તલાક્નો અહલ હોય, અર્થાત તે તલાક આપી શકતો હોય, પરિણામે મજનૂ, નાબાલિગનો ઈલા દુરસ્ત નથી કારણ કે તે તલાકનો અહલ નથી. (દુર્રે મુખ્તાર, બહાર) અને એ પણ શર્ત છે કે ચાર મહિનાથી ઓછી મુદ્દત ન હોય, ઉપરાંત જગ્યા (સ્થળ) પણ નક્કી ન હોવું જોઈએ. જો જગ્યા (સ્થળ) મુકર્રર કરી (જેમ કે એવું કહે કે ખુદાની કસમ ! તારાથી ફલાણી જગ્યાએ સંભોગ નહીં કરું) તો ઈલા થશે નહીં. (વળી બીજી) શર્ત એ પણ છે કે પત્નીની સાથે અન્ય કોઈ બાંદીને ન ભેળવે. દા.ત. એમ કહે કે તારાથી અને ફલાણી ઓરતથી સોહબત નહીં કરું અને તે ફલાણી ઓરત કોઈ અજનબિયા કે એની બાંદી હોય તો ઈલા થશે નહીં. વળી એ પણ શર્ત છે કે મુદ્દતમાં બિલકુલ છૂટછાટ ન હોવી જોઈએ. દા.ત. એમ કહે કે એક દિવસ સિવાય ચાર મહિના તારાથી સંભોગ નહીં કરું તો એ ઈલા થશે નહીં. બીજી શર્ત એ પણ છે કે સંભોગની સાથે બીજી કોઈ ચીજને ન ભેળવે. દા.ત. એમ કહે કે હું તારાથી સંભોગ કરું અથવા તને મારી પથારી પર બોલાવું તો તને તલાક છે, તો આવું કહેવાથી ઈલા થશે નહીં.

*(ખાનિયા, રદ્દુલ્ મુહ્તાર, દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : ઈલાના શબ્દો કેટલાક સ્પષ્ટ છે અને કેટલાક ઈન્ડાયરેક નિર્દેશકર્તા છે. સ્પષ્ટ તે શબ્દો છે જેનાથી દિમાગ સંભોગના અર્થ તરફ દોરાતું હોય, એ અર્થમાં મોટાભાગે ઉપયોગ કરાતો હોય. સ્પષ્ટમાં નિય્યત જરૂરી નથી, નિય્યત વગર પણ ઈલા થઈ જશે અને સ્પષ્ટ શબ્દોમાં એમ કહે કે મેં સંભોગના અર્થમાં કહ્યા ન હતા કો **કઝાઅન** એવું કહેવું વિશ્વાસપાત્ર ગણાશે નહીં, **દીયાનતન** વિશ્વાસપાત્ર ગણાશે. ઈન્ડાયરેક નિર્દેશ એવા શબ્દો છે જેનાથી ફક્ત સંભોગનો અર્થ ન નીકળતો હોય એ સિવાય બીજો અર્થ પણ નીકળી શકતો હોય. એમાં નિય્યત વગર ઈલા થઈ શકશે નહીં. જો બીજો અર્થ પણ નીકળતો હોય તો **કઝાઅન** પણ એનું કહેવું માની લેવામાં આવશે.

*(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : પોતાની પત્નીને એમ કહે કે જો હું તારાથી સંભોગ કરું તો મારા પર હરામ છે અને ઈલાની નિય્યત કરી હતી તો ઈલા થઈ ગયો. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : સંભોગ કરવાની બાબતમાં કોઈ એવી ચીજ મોકૂફ રાખી કે જેની ચાર માસની અંદર પૂરી થવાની ઉમ્મીદ નથી તો ઈલા થઈ ગયો. દા.ત. રજબ મહિનામાં એમ કહે કે વલ્લાહ ! હું તારાથી સોહબત નહીં કરું ત્યાં સુધી કે મોહરમના રોઝા ન રાખી લઉં અથવા એમ કહયું કે વલ્લાહ ! હું તારાથી ફલાણી જગ્યા સિવાય સંભોગ નહીં કરું અને તે જગ્યાએ ચાર મહિનાથી ઓછા સમયમાં પહોંચી શકાતું ન હોય અથવા એમ કહ્યું કે ખુદાની કસમ ! જ્યાં સુધી (બાળકનું) દૂધ છોડાવવાનો વખત નહીં આવે ત્યાં સુધી હું તારાથી સંભોગ નહીં કરું અને બાળકને બે વર્ષ પૂરા થવામાં ચાર મહિના કે તેથી વધારે સમય બાકી છે તો આ બધી હાલતોમાં ઈલા ગણાશે. એ રીતે જો તે કામ ચાર મહિનાની અંદર થઈ શકતું હોય પણ નિકાહ ન રહેતો હોય તો પણ ઈલા થયો. દા.ત. એમ કહયું કે તુ મરી જાય કે હું મરી જાઉં ત્યાં સુધી સંભોગ નહીં કરું. અથવા તને કત્લ કરવામાં આવે કે મને મારી નાખવામાં આવે અથવા તને મારી નાખવામાં આવે કે હું તને મારી નાખુ અથવા તને ત્રણ તલાક આપું ત્યાં સુધી હું તારાથી સંભોગ નહીં કરું. *(જૌહરા, બહાર વગેરે)*

**મસ્અલા** : ઈલા કર્યો પરંતુ મુદ્દતની અંદર કસમ તોડવા ઈચ્છતો હોય પરંતુ હમબિસ્તરી કરી શકે એમ ન હોય, જેમ કે એ પોતે બીમાર હોય કે પત્ની બીમાર હોય કે પત્ની ઓછી ઉંમરની હોય અથવા પત્નીનો મુકામ બંધ હોય જે કારણે સંભોગ ન થઈ શકે એમ હોય અથવા પોતે નામર્દ છે અથવા એનો અવયવ કાપી લેવામાં આવ્યો છે અથવા પત્ની એટલે દૂર છે કે ચાર મહિનાની અંદર ત્યાં પહોંચી શકે એમ નથી અથવા પોતે કેદમાં છે જ્યાં તેણી એવી જગ્યાએ છે જેની તેને ખબર નથી તો આ બધી મજબૂરીઓમાં ઝબાનથી છૂટકારા માટેના શબ્દો બોલી દે, જેમ કે એવું બોલી દે કે મેં તને મુક્ત કરી, અથવા કહે કે ઈલાને બાતિલ કર્યો

અથવા એમ કહે કે મેં મારા કોલને પાછો લીધો (કોલથી છૂટો થયો) આવું કહેવાથી ઈલા જતો રહેશે. અર્થાત મુદ્દત પૂરી થવાથી તલાક લાગુ પડશે નહીં. એહતિયાત એ છે કે ગવાહોની રૂબરૂ મુક્ત થવા માટેના શબ્દો કહે (ગવાહો રૂબરૂ બોલે), પરંતુ જો કસમ કોઈ પણ પ્રકારની શર્ત વિનાની (મુદ્દત વગરની) હોય કે પછી **મુઅબ્બદ**★ હોય તો દસ્તૂર મુજબ બાકી રહેશે. જો હમબિસ્તરી કરશે તો કફ્ફારો લાઝિમ થશે. જો ચાર મહિનાની કસમ હતી અને ચાર મહિના બાદ હમબિસ્તરી કરી તો કફ્ફારો લાગુ નહીં પડે. ઝબાનથી રુજૂઅ (કસમથી મુક્તિ) કરવા માટે શર્ત એ છે કે મુદ્દતની અંદર એ મજબૂરી કાયમ રહેવા પામી હોય અને મુદ્દતની અંદર જબાની રુજૂઅ કર્યા પછી જો હમબિસ્તરી પર શક્તિમાન થયો તો ઝબાની રુજૂઅ પૂરતુ નથી, (સંભોગ) જરૂરી છે. *(દુર્રે મુખ્તાર, બહાર, જોહરા)*

**મસ્અલા** : વતી (સંભોગ કરવાથી) લાચારે દિલથી રુજૂઅ કરી લીધુ પણ જીભથી કાંઈ ન કહ્યું તો રુજૂઅ ન થયું. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જે વખતે ઈલા કર્યો તે વખતે હમબિસ્તરી કરવાથી લાચાર ન હતો, પાછળથી મજબૂર થયો તો ઝબાની રુજૂઅ પૂરતું નથી (ચાલશે નહીં) જેમ કે તંદુરસ્તે ઈલા કર્યો, પછીથી બીમાર પડી ગયો તો રુજૂઅ માટે હમબિસ્તરી જરૂરી છે, પરંતુ જ્યારે કે ઈલા કરતાં જ બીમાર પડી ગયો, હમબિસ્તરી કરી શકે એટલો વખત પણ ન મળ્યો હોય તો (ઝબાનથી) બોલી લેવું પૂરતું છે. અને જો બીમારે ઈલા કર્યો હતો હજુ તે સારો પણ ન થયો હતો અને ઓરત બીમાર પડી ગઈ પછીથી તે સારો થયો તો ઝબાની રુજૂઅ પૂરતું નથી (ચાલશે નહીં). *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : કામેચ્છાની સાથે બોસો દેવો, સ્પર્શ કરવો અથવા એની શરમગાહ જોવી અથવા આગળના મુકામ સિવાય બીજી કોઈ અન્ય જગ્યાએ સંભોગ કરવો રુજૂઅ ગણાશે નહીં. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ઈલાની મુદ્દત બાબતમાં જો પતિ પત્ની વચ્ચે વિરોધાભાસ હોય તો પતિનું કહેવું વિશ્વાસપાત્ર ગણાશે પરંતુ પતિનું જૂઠું બોલવાની પત્નીને ખબર જ હોય તો પત્નીને ઈજાઝત નથી કે તે એની સાથે રહે. જે રીતે બની શકે (શક્ય તે રીતે) તે રીતે માલ વગેરે આપીને પણ એનાથી અલગ થઈ જાય અને જો મુદ્દતની અંદર સંભોગ કર્યાનું પતિ કહેતો હોય તો પતિની વાત વિશ્વાસપાત્ર ગણાશે અને મુદ્દત પૂરી થયા બાદ એમ કહેતો હોય કે (મેં) મુદ્દતની અંદર સંભોગ કરેલ છે તો જ્યાં સુધી સ્ત્રી આ બાબતનું સમર્થન ન કરે ત્યાં સુધી પતિની વાત માનવામાં નહીં આવે.

*(હિંદીયા, જોહરા, બહાર)*

**મસ્અલા** : પત્નીને કહ્યું કે તું મારા પર હરામ છે (એમાં) કહેવામાં જો ઈલાની નિય્યત હતી તો ઈલા થશે (ગણાશે) અને જો ઝિહાર (પોતાની ઓરતને મા બહેન કે અન્ય સ્ત્રી કે જેની સાથે નિકાહ કરવો શરીઅતમાં હરામ છે)ની નિય્યત હતી તો ઝિહાર થશે (ગણાશે), નહીં તો તલાકે બાઈન. અને ત્રણની નિય્યત કરી હતી તો ત્રણ (ગણાશે.) જો ઓરતે એમ કહ્યું કે હું તારા પર હરામ છું તો એ કસમ ગણાશે. શોહરે જબરદસ્તીથી કે ઓરતની ખુશીથી સંભોગ કર્યો તો ઓરત પર કફ્ફારો આપવો લાઝિમ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : જો પતિએ એમ કહ્યું કે તું મારા પર મુરદાર બરાબર, યા સુવ્વરના ગોશ્ત બરાબર અથવા લોહી કે શરાબ બરાબર છે, જો એમાં જૂઠ બોલવાનો જ મકસદ હોય તો જૂઠ ગણાશે અને જો હરામ ગણવાનો મકસદ હશે તો ઈલા થશે અને તલાકની નિય્યતે (બોલ્યો) હશે તો તલાક થશે. *(જોહરા, બહાર)*

**મસ્અલા** : ઓરતને એમ કહ્યું કે તું મારી માં છે અને એ હરામ કરવાની નિય્યતે કહ્યું હોય તો હરામ થશે નહીં, બલ્કે એ જૂઠ છે. *(જોહરા, બહાર)* *(ક્રમશઃ)*

*★સ્પષ્ટપણે હમેશાં માટે હોય દા.ત. ખુદાની કસમ હું તારાથી કદી સોહબત કરીશ નહીં અથવા તારાથી કદી સોહબત કરું તો મારા પર હજ્જ વાજિબ થશે અથવા કોઈ ખાસ મુદ્દત માટે હોય તો તે મુદ્દત ૪ મહિનાથી ઓછી ન હોય.*

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::

હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી
અનુવાદક :: મૌલાના મુફતી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)

## મહિનાઓ તથા દિવસોની નહૂસત

જાહિલ મુસલમાન સ્ત્રીઓમાં એ રિવાજ છે કે તે ઝીલ કઅદના મહિનાને "ખાલી ચાંદ" અને સફરના મહિનાને "તેરા તેજી" કહે છે અને એ બંનેવ મહિનાઓને મનહૂસ સમજે છે. અને એ બંનેવ મહિનાઓમાં શાદી વિવાહ અને ખત્ના વગેરેને નામુબારક જાણે છે. એ જ પ્રમાણે દરેક મહિનાની ૩, ૧૩, ૨૩ તારીખોને ૮, ૧૮, ૨૮ તારીખોને મનહૂસ સમજીને એ તારીખોમાં શાદી વિવાહ તથા બીજા અન્ય પ્રસંગો કરવાને ખૂબ જ બુરુ તથા નહૂસતવાળુ કામ સમજે છે. અમુક જાહિલો "કમર દર અકરબ"માં શાદી વિવાહ કરવાને મનહૂસ તથા નામુબારક માને છે. એ જ પ્રમાણે કેટલાક લોકો મંગળવારને મનહૂસ સમજીને સફર નથી કરતા. કેટલીક સ્ત્રીઓ એ મહિના તથા તારીખોની નહૂસતથી બચવા માટે જાત જાતના ટોચકા કરે કરાવે છે ! વગેરે, જેથી એ તારીખની નહૂસતથી હિફાઝતમાં રહે.

યાદ રાખશો ! આ પ્રકારની સર્વ માન્યતાઓ તદન એકદમ શરીઅતની વિરુદ્ધ છે, જેથી એનાથી બચવું જોઈએ. **ઈસ્લામી શરીઅતમાં ન કોઈ મહિનો મન્હૂસ છે ન કોઈ તારીખ ન કોઈ દિવસ. દરેક મહિનો, દરેક તારીખ, દરેક દિવસ અલ્લાહનો પેદા કરેલ છે અને અલ્લાહ તઆલાએ એમાંથી કોઈને ન મનહૂસ બનાવ્યો છે ન નામુબારક રાખ્યો છે. આ સર્વ માન્યતાઓ મુશ્રિકો, જ્યોતિષો તથા રાફઝીઓના મનઘડત અકીદાઓની ઉપજ છે, જે જાહિલ સ્ત્રીઓ તથા જાહિલ તબકાઓમાં ચાલી નીકળેલ છે.** એવી રસ્મોને મિટાવવી ખૂબ જ જરૂરી છે જેથી આપ પોતે પણ બચો અને અન્યોને પણ બચાવો. અલ્લાહ ﷻ એ જિદ્દો જેહદનો સવાબ આપને પણ આપશે.

## ★ મુહર્રમની રસ્મો વિશે ★

મુહર્રમના મહિનામાં કેવળ એટલી વાત છે કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ અને શોહદાએ કર્બલા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના મુકદ્દસ રોઝાઓની તસ્વીર કે નકશો બનાવીને રાખવો અને તેને જોવો એ તો જાઈઝ છે કેમ કે એ ગૈરજાનદાર ચીજની તસ્વીરનો નકશો છે, જેથી જેવી રીતે ખાનએ કા'બા , બૈતુલ મુકદ્દસ, નાલૈન શરીફૈન વગેરેની તસ્વીરો અને તેના નકશા બનાવીને રાખવા શરીઅતે જાઈઝ ઠરાવેલ છે, એ જ પ્રમાણે શોહદાએ કર્બલાના રોઝાઓની તસ્વીરો અને નકશા પણ યકીનન ! જાઈઝ જ રહેશે, પરંતુ એની સાથે સાથે મુહર્રમના મહિનામાં જે ઘણી બિદઅતો તથા ખુરાફાતભરી રસ્મો ચાલુ થઈ ચૂકી છે તે યકીનન ! નાજાઈઝ તથા ગુનાહનું કામ છે. દા.ત દર વરસે સેંકડો હજારો રૂપિયો ખર્ચીને રોઝાએ કર્બલાનો નકશો (તા'ઝીયા) બનાવીને તેને શહેરમાં ઘૂમાવી છેવટે પાણીમાં ડૂબાડી દેવું કે જમીનમાં દફન કરી દેવું અથવા જંગલોમાં ફેંકી આવવું એ યકીનન ! હરામ તથા નાજાઈઝ છે. કેમ કે

એ આપણા માલને બર્બાદ કરવું છે.

એ જ પ્રમાણે બીજી ઘણી ખરાબીઓ તથા બેકાર ચીજો, દા.ત. ઢોલ ત્રાંસાં વગાડવાં, તાઝીયાંઓને માતમ કરતા કરતા ગલી ગલી ફેરવવાં, છાતીને હાથો કે સાંકળો કે છરીઓ વડે પીટી પીટીને અને મારી મારીને ઉછળતાં કૂદતાં માતમ કરવું, તા'ઝીયાંઓ નીચે આળોટવું, પોતાનાં બાળકોને સૂવડાવવાં, તા'ઝીયાંની તા'ઝીમના માટે તેમની સામે સજદો કરવો, તા'ઝીયા નીચેથી ધૂળ ઉઠાવી ઉઠાવીને તબર્રુક રૂપે ચહેરા પર, માથા પર છાતીઓ પર ઘસવી, પોતાનાં બાળકોને મુહર્રમનો ફકીર બનાવીને મુહર્રમની ન્યાઝના માટે ભીખ મંગાવવી, બાળકોને કર્બલાના પીક તથા ક઼ાસિદ બનાવીને અને એક ખાસ પ્રકારનો પોશાક પહેરાવીને આમ તેમ દોડાવતા રહેવું, સોગ મનાવવાના માટે ખાસ પ્રકારનાં કાળાં કે લીલાં કપડાં પહેરીને ઉઘાડા માથે ઉઘાડા પગે ગરેવાન ખોલીને કે ગરેવાન ફાડીને ગલી ગલી ભાગતા ફરવું વગેરે વગેરેની નિરર્થક તથા ખુરાફાતની રસ્મો જે ફેલાયેલી છે એ સૌ મના તથા નાજાઈઝ છે. અને આ સૌ જાહિલિયત તથા રાફઝીઓની કાઢેલી છે. જેનાથી આપ તૌબા કરીને પોતે પણ એ હરામ રસ્મોથી બચો તથા અન્ય લોકોને પણ બચાવો.

એ જ પ્રમાણે તા'ઝીયાનું જુલૂસ જોવા માટે ઔરતોનું બેપર્દા ઘરોએથી નીકળવું અને પુરૂષોની ભીડમાં જવું અને તા'ઝીયાને ઝુકી ઝુકીને સલામ કરવું આ સર્વ કામો પણ શરીઅતમાં મના તથા ગુનોહ છે. *(ફતાવા અઝીઝિયા, રિસાલા તા'ઝિયાદારી, બહારે શરીઅત)*

### ★ મુહર્રમમાં શું કરવું જોઈએ ? ★

મુહર્રમની દસમી તારીખે જેનું નામ "આશૂરા" છે રોઝો રાખવો જોઈએ કે આ રોઝાનો ઘણો જ મહાન સવાબ છે. દુનિયાના ઈતિહાસમાં ઘણો જ મહાન અઝમત તથા ફઝીલતવાળો દિવસ છે. આશૂરાના દિવસે દસ ચીજોને ઉલમાએ મુસ્તહબ લખી છે. અમુક આલિમોએ એને ઈર્શાદે નબવી ﷺ કહેલ છે. અને અમુકે હઝરત અલી رضی اللہ عنہનો ક઼ૌલ બતાવ્યો છે. આ સર્વ સારા અમલો છે જેથી એને કરવા જોઈએ.

(૧) રોઝો રાખવો (૨) સદક઼ો કરવો (૩) નફ્લ નમાઝો પઢવી (૪) એક હજારવાર કુલ્હુવલ્લાહ પઢવી (૫) ઉલમાની ઝિયારત કરવી (૬) યતીમના માથા પર હાથ ફેરવવો. (૭) પોતાનાં બીવી બચ્ચાંના માટે રિઝ્ક઼માં વધારો કરવો (૮) ગુસ્લ કરવું (૯) સુરમો લગાડવો (૧૦) નખો કાપવા.

અને અમુક કિતાબોમાં લખેલું છે કે એ ચીજો ઉપરાંત ત્રણ ચીજો અન્ય પણ મુસ્તહબ છે : (૧) બીમારોની અયાદત કરવી (૨) દુશ્મનોથી મિલાપ કરવો (૩) દુઆએ આશૂરા પઢવી. હઝરત અબ્દુલ્લાહ મસ્ઊદ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે શખ્સ આશૂરાના દિવસે પોતાનાં બાળ બચ્ચાંના ખાણામાં ખૂબ જ પ્રમાણમાં અધિક્તા અને વધારો કરશે, અલ્લાહ તઆલા સાલભર સુધી તેની રોજીમાં વિશાળતા તથા ખૈરો બરકત અતા ફર્માવશે. *(માષબત મિનસ્સુન્નહ)*

આશૂરાની રાતમાં ચાર રકાત નફ્લ નમાઝ એ રીતે પઢે કે દરેક રકાતમાં અલ્હમ્દુલિલ્લાહ પછી આયતુલ કુર્સી એકવાર અને સૂરએ ઈખ્લાસ ત્રણ ત્રણ વાર પઢે અને નમાઝથી ફારિગ થઈને એકસો મર્તબા કુલહુવલ્લાહની સૂરત પઢે, તો ગુનાહોથી પાક થશે અને જન્નતમાં અમાપ નેઅમતો મળશે.

*(ફઝાઈલુશ્ શહૂર વસ્સિયામ)*

મુહર્રમના અશરામાં ખાસ કરીને આશૂરાના દિવસે મજલિસ ગોઠવવી અને સહીહ રિવાયતોની સાથે શોહદાએ કર્બલા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના ફઝાઈલ તથા કર્બલાના બનાવોને વર્ણન કરવા જાઈઝ અને સવાબનો સબબ છે. અને હદીષ શરીફમાં છે કે, "જે મજલિસોમાં સાલેહીનનો ઝિક્ર થાય ત્યાં રહ્મત નાઝિલ થાય છે." કેમ કે આ બનાવોમાં સબ્ર તથા ધીરજ અને તસ્લીમો રઝા તથા શરીઅતની પાબંદીનો અજોડ અમલી નમૂનો પણ છે. એટલા માટે કર્બલાના બનાવોને વારંવાર વર્ણન કરવાથી મુસલમાનોને દીન પર અડગતા હાંસલ થશે જે ઈસ્લામનું ઈત્ર તથા ઈમાનની રૂહ છે. પણ હા ! એ વાતનો ખયાલ રહે કે એ મજલિસોમાં સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો પણ ઝિક્રે ખૈર થઈ જવો જોઈએ જેથી અહલે સુન્નત અને અન્યોની મજલિસોમાં ફરક રહે. *(બહારે શરીઅત)*

મીલાદ શરીફ તથા ગ્યારહવીં શરીફની મેહફિલોનો પણ એ જ મસ્અલો છે કે એ સર્વ જાઈઝ તથા ઘણી જ બાબરકત મેહફિલો છે અને યક઼ીનન ! સવાબનો સબબ તથા મુસ્તહબ છે. એટલા માટે એનું ખૂબ જ ઈખ્લાસ તથા મહોબ્બતથી આયોજન કરવું જોઈએ અને એ મેહફિલો તથા મજલિસોમાં ખૂબ જ અક઼ીદત તથા મહોબ્બતથી હાજરી આપવી જોઈએ. એ મેહફિલોથી લોકોને રોકવું એ ગુમરાહોનો તરીક઼ો છે જેથી એમની વાતો પર હરગિઝ કાન ધરવો ન જોઈએ.

**ફાતિહા :** મુહર્રમના દસ દિવસો, ખાસ કરીને આશૂરાના દિવસે પાણી અથવા શરબત વગેરે પીવડાવવું, ખાણુ ખવડાવવું, શીરીની પર અથવા ખીચડો પકાવીને શોહદાએ કર્બલાની ફાતિહા અપાવવી અને તેમની રૂહોને સવાબ પહોંચાડવું એ સર્વ જાઈઝ તથા સવાબનું કામ છે, અને એ સર્વ ચીજોનો સવાબ યક઼ીનન ! શોહદાએ કર્બલાની રૂહોને પહોંચે છે અને એ ફાતિહા તથા ઈસાલે સવાબના મસ્અલામાં હનફી, શાફઈ, માલિકી તથા હંબલી એ ચારેવ ઈમામોની એકમતિ છે.

*(હિદાયહ વ શર્હે અક઼ાઈદ)*

**મુહર્રમનો ખીચડો :** આશૂરાના દિવસે ખીચડો પકાવવો ફર્ઝ કે વાજિબ નથી પરંતુ તેના હરામ તથા નાજાઈઝ હોવાની કોઈ દલીલ પણ નથી. બલ્કે એક રિવાયત છે કે ખાસ **આશૂરાના દિવસે ખીચડો પકાવવો હઝરત નૂહ علیہ السلام ની સુન્નત છે.**

જેમ કે નક઼લ થયેલ છે કે જ્યારે તોફાનથી નજાત પામીને હઝરત નૂહ علیہ السلام ની કશ્તી જૂદી પહાડ પર રોકાયી તો આશૂરાનો દિવસ હતો. આપે કશ્તીમાંથી સર્વ અનાજોને બહાર કાઢયાં તો ફૂલ, વિવિધ અનાજ ઘઉં, જવ, મસૂર, ચણા, ચાવલ, પ્યાજ, સાત પ્રકારનાં અનાજ મૌજૂદ હતાં. આપે તે સાતેવ અનાજોને એક જ હાંડલીમાં મિલાવીને પકાવ્યાં. જેમ કે અલ્લામા શહાબુદ્દીન ક઼લ્બૂબીએ ફર્માવ્યું છે કે મિસ્રમાં જ ખાણુ આશૂરાના દિવસે "તબીહુલ હ઼બૂબ" (ખીચડા)ના નામથી પકાવવામાં આવે છે અને અસ્લ દલીલ હઝરત નૂહ علیہ السلام નો અમલ છે. *(અલક઼લ્યૂબી)*

**શબે બરાતનો હલ્વો :** આ ન તો ફર્ઝ તથા સુન્નત છે, ન હરામ તથા નાજાઈઝ, બલ્કે હક઼્ક઼ વાત એ છે કે શબે બરાતમાં અન્ય સર્વ ખાણાઓની જેમ હલ્વો પકાવવો એ પણ એક મુબાહ અને જાઈઝ કામ છે, અને જો એ નેક નિયતીની સાથે હોય કે એક ઉમદા તથા સ્વાદિષ્ટ ભોજન ફક઼ીરો, મિસ્કીનો અને પોતાનાં બીવી બચ્ચાંને ખવડાવીને નેકી હાંસલ કરે તો એ બિલ્કુલ દુરુસ્ત તથા સવાબનું કામ છે.

અસલમાં એ રાતમાં હલ્વાનો દસ્તૂર એ રીતે નીકળી પડયો કે આ મુબારક રાત સદક઼ા તથા ખૈરાત અને ઈસાલે સવાબ તથા સગાં સાથે સદ્‌વર્તાવની ખાસ રાત છે. જેથી ઈન્સાની ફિતરતનો તક઼ાઝો છે કે રાતમાં કોઈ પસંદીદા તથા સ્વાદિષ્ટ ખાણુ પકાવવામાં આવે. અમુક આલિમોની નજર બુખારી શરીફની આ હદીષ પર પડી : قال رسول الله صلى الله عليه وسلم : يحب الحلواء والعسل "રસૂલુલ્લાહ ﷺ હલ્વો (શરીની) તથા મધને ખૂબ પસંદ કરતા હતા."

જેથી આ ઉલમાએ કિરામે આ હદીષ પર અમલ કરતાં આ રાતમાં હલ્વો પકાવ્યો, પછી ક્રમે ક્રમે આમ લોકોમાં પણ તેની ચર્ચા અને રિવાજ થઈ ગયો. જેમ કે શાહ અબ્દુલ અઝીઝ સાહબ ક઼િબ્લા મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہના મલ્ફૂઝાતમાં છે કે, "હિંદુસ્તાનમાં શબે બરાતે રોટી અને હલ્વા પર ફાતિહા અપાવવાનો દસ્તૂર છે અને સમરકંદ તથા બુખારામાં "કતલ્હ઼ા" જે એક મીઠુ ખાણુ છે તેના પર ફાતિહાનો રિવાજ છે." સારાંશ કે શબે બરાતનો હલ્વો હોય કે ઈદની સેવો, મુહર્રમનો ખીચડો હોય કે મલીદો, કેવળ એક રસ્મો રિવાજના રૂપે લોકો પકાવીને ખાય ખવડાવે છે. કોઈ પણ એ અક઼ીદો નથી રાખતો કે આ ફર્ઝ તથા વાજિબ છે. જેથી એમને નાજાઈઝ કહેવું તદન દુરુસ્ત નથી. યાદ રાખશો કે કોઈ હલાલને હરામ ઠરાવવું એ એકદમ મૂર્ખામી તથા બદ્‌તરીન ગુનોહ છે.

તેમજ શબે બરાત અથવા શાદી કે કોઈ પણ અન્ય દિવસે આતશબાજી (ફટાકડા ફોડવા) હરામ છે. જેથી તમો તમારી ઔલાદને આ કામ પર સખ્તીથી મના કરો, નહીં તો ન રોકવાના કારણે તમે પણ ગુનેહગાર થશો. એ જ પ્રમાણે પતંગ ઉડાડવી પણ નાજાઈઝ છે.

પેજ 28 નું ચાલુ..

કાંઈ પૂછતાછ કરતો તો અંદેશો હતો કે તે ચાલ્યા જતા કેમ કે ઘરથી ચાલી નીકળેલા છે અને તેમનું નામ ઈબ્રાહીમ બિન અદહમ છે. એ સાંભળીને મુરીદે કહ્યું કે ચાલો હું તેમની સાથે તમારી મુલાકાત કરાવી દઉં.

તે પોતાની પત્ની તથા પુત્રને લઈને બયતુલ્લાહમાં દાખલ થઈ ગયો. અને જે વખતે પત્ની તથા બાળકની આપના પર નજર પડી તો મહોબ્બતના આવેશમાં બેક઼ાબૂ બનીને બંનેવ લપેટાઈ ગયાં અને રડતાં રડતાં બેહોશ જેવાં થઈ ગયાં અને હોશ આવતાં જ્યારે ઈબ્રાહીમ બિન અદહમે પૂછયું કે તમારો દીન શું છે ? તો પુત્રએ જવાબ આપ્યો, ઈસ્લામ ! પછી સવાલ કર્યો કે શું તમે કુર્આન કરીમ પઢયું છે ? પુત્રએ હકારમાં જવાબ આપ્યો. પછી પૂછયું કે એના ઉપરાંત અન્ય પણ કાંઈ તા'લીમ હાંસલ કરી છે ? પુત્રએ કહ્યું, જી હા ! આ સાંભળીને ફર્માવ્યું કે, અલ્હમ્દુલિલ્લાહ ! ત્યાર બાદ આપ જ્યારે જવા માટે ઉઠયા તો પત્ની તથા પુત્રએ આગ્રહપૂર્વક આપને રોકી લીધા. ત્યાર બાદ આપે આસમાનની તરફ ચહેરો ઉઠાવીને કહ્યું, કે, "યા ઈલાહી ! અગિષ્ની !" આ કહેતાં જ આપનો પુત્ર જમીન પર ગબડી પડયો અને મૃત્યુ પામ્યો. અને જ્યારે મુરીદોએ સવાલ કર્યો તો ફર્માવ્યું કે જ્યારે હું બાળક સાથે લપેટાયો તો તરત જ જઝબાત તથા મહોબ્બતના આવેશથી બેક઼ાબૂ બની ગયો, અને એ જ વખતે આ અવાજ આવ્યો કે અમારી સાથે દોસ્તીના દાવા બાદ બીજાને દોસ્ત રાખે છે ?! આ નિદા સાંભળીને મેં અર્ઝ કરી કે, યા અલ્લાહ ! ક્યાં તો તું મારા પુત્રની જાન લઈ લે અથવા તો પછી મને મૌત આપી દે. જેથી પુત્રના હક઼્ક઼માં દુઆ મક઼બૂલ થઈ ગઈ. અને જો એના પર કોઈ વાંધો ઉઠાવે તો મારો એ જવાબ છે કે આ બનાવ હઝરત ઈબ્રાહીમ علیہ السلامના બનાવ કરતાં અધિક આશ્ચર્યજનક નથી, કેમ કે તેમણે પણ હુકમના પાલનમાં પોતાના પુત્રને કુર્બાન કરવાનું નક્કી કરી લીધુ હતું.

# لَيۡسَ مِنَّا

# 'તે અમારો નથી'

હપ્તો : ૨

**અઝ** : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*
**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

## સુન્નતે રસૂલથી વિમુખતા પર ચેતવણીઓ

એ વાત નિશ્ચિત છે કે હુઝૂર રહ્મતે આલમ ﷺના ફર્માનો અને અમલો અનુસરણીય છે. કારણ કે આપ ﷺએ જે કાંઈ ફર્માવ્યું એ આ ધરતી પર વસતા મનુષ્યો માટે તેમાં ફાયદો છુપાયેલ છે. આપે જે ફર્માવ્યું સમસ્ત બ્રહ્માંડ માટે તે જ સાચો માર્ગ અને સીધો રસ્તો છે. આપના કથનોનું મહત્વ કુર્આને મુકદસની આ આયતથી સ્પષ્ટ થાય છે :–

وَمَا يَنۡطِقُ عَنِ الۡهَوٰى اِنۡ هُوَ اِلَّا وَحۡیٌ يُّوۡحٰى۔

"અને તેઓ કોઈ વાત પોતાની ઈચ્છાથી નથી કરતા, તે નથી પરંતુ વહી જે તેમને કરવામાં આવે છે." *(સૂ. નજ્મ, આ. ૧૩)*

આપ ﷺના અખ્લાકે કરીમાના વિશે કુર્આને મુકદસ ઈર્શાદ ફર્માવે છે :–

لَقَدۡ كَانَ لَكُمۡ فِیۡ رَسُوۡلِ اللّٰهِ اُسۡوَةٌ حَسَنَةٌ۔

"બેશક ! તમારા માટે રસૂલુલ્લાહ ﷺની પૈરવી ઉત્તમ છે." *(સૂરએ અહઝાબ, આ. ૨૧)*

આ આયતે કરીમાને સામે રાખી હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની વર્ણવેલ આ હદીષ પર ચિંતન કરો:

كَانَ خُلُقُهُ الۡقُرۡاٰنُ "હુઝૂર રહ્મતે આલમ ﷺના અખ્લાકે કરીમા કુર્આને મુકદસના તર્જુમાન હતા." *(મુસ્નદે અહમદ, ૧/૧૪૮)*

હવે પરિણામ એ નીકળશે કે સરકારે દો આલમ ﷺનાં ફર્માનો, અમલો, અખ્લાક અને કિરદાર સૌ કુર્આને મુકદસની આયાતે બયૈનાતની તર્જુમાની કરે છે. એ જ કારણ છે કે અલ્લાહ તઆલાએ જગા જગાએ રસૂલે આ'ઝમ ﷺના અનુસરણ અને પૈરવી કરવાની તાકીદ ફર્માવી છે.

એક સ્થળે ઈર્શાદ ફર્માવે છે :–

اَطِيۡعُوا اللّٰهَ وَرَسُوۡلَهٗۤ اِنۡ كُنۡتُمۡ مُّؤۡمِنِيۡنَ○

"અલ્લાહ અને રસૂલનો હુકમ માનો જો ઈમાન ધરાવો છો." *(સૂરએ અન્ફાલ, આ. ૨૧)*

ક્યાંક ફર્માવે છે :–

اَطِيۡعُوا اللّٰهَ وَرَسُوۡلَهٗ وَلَا تَنَازَعُوۡا فَتَفۡشَلُوۡا۔

"અલ્લાહ અને રસૂલનો હુકમ માનો અને આપસમાં ઝઘડશો નહીં કે ફરી કાયરતા કરશો."
–*(ઉપર મુજબ, આ. ૪૬)*

ક્યાંક ફર્માવે છે :–

وَمَنۡ يُّطِعِ اللّٰهَ وَرَسُوۡلَهٗ يُدۡخِلۡهُ جَنّٰتٍ تَجۡرِیۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ خٰلِدِيۡنَ فِيۡهَا وَذٰلِكَ الۡفَوۡزُ الۡكَبِيۡرُ○

"અને જે હુકમ માને અલ્લાહ અને અલ્લાહના રસૂલનો, અલ્લાહ તેને બાગોમાં લઈ જશે જેમના નીચે નહેરો છે, સદા તેમાં રહેશે અને આ જ છે મોટી કામયાબી." *(સૂરએ નિસાઅ, આ. ૧૩)*

આ આયતોથી જણાયું કે અલ્લાહના રસૂલ ﷺની ઈતાઅત અને પૈરવી આપણા માટે અનિવાર્ય

અને જરૂરી છે. આપ ﷺની ઈતાઅત કરવાથી અલ્લાહ ﷻ આપણા પર રહમો કરમની વર્ષાઓ નાઝિલ ફર્માવે છે, હુઝૂર علیہ الصلوٰۃ والسلامની પૈરવી આપણા માટે માર્ગદર્શક સિદ્ધાંત છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ઈતાઅત અને પૈરવી ઈમાનની અલામત છે. જાણી જોઈને હુઝૂર ﷺની પૈરવીથી વિમુખ થવું અલ્લાહ તઆલાની નારાઝગીનું કારણ છે. અને હુઝૂર રહ્મતે આલમ ﷺની ઈતાઅતના ઈન્આમમાં અલ્લાહ જન્નત અતા ફર્માવશે, જેમાં ભાતભાતની નેઅમતો અને દરેક પ્રકારનો આરામ પ્રાપ્ત થશે. એટલા માટે આપણે સુન્નતે રસૂલ, ઈતાઅતે રસૂલ, અને ઈત્તેબાએ રસૂલ હર હાલમાં પોતાના પર લાઝિમ કરી લેવી જોઈએ. જેથી દીન અને દુનિયાની નેઅમતોથી માલામાલ થઈ જઈએ. આ બધી ફઝીલતો અને ફાયદાઓ હોવા છતાં જો કોઈ સુન્નતે રસૂલથી દૂર ભાગે છે તો તેનો અંજામ આ હદીષે પાકમાં બયાન કરવામાં આવ્યો છે :–

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે :–

રસૂલુલ્લાહ ﷺના સહાબાએ કિરામની એક જમાઅતમાંથી અમુકે કહ્યું, અમે સ્ત્રીઓ સાથે શાદી નહીં કરીએ. અમુકે કહ્યું, અમે માંસ નહીં ખાઈએ. અમુકે કહ્યું, અમે બિસ્તર પર નહીં સૂઈએ. અને અમુકે કહ્યું, અમે હમેશાં રોઝા રાખીશું. આ વાત રસૂલે આ'ઝમ ﷺ સુધી પહોંચી તો આપે અલ્લાહની હમ્દો ષના કરી પછી ફર્માવ્યું :

مَا بَالُ اَقْوَامٍ يَقُوْلُوْنَ كَذَا وَكَذَا، لٰكِنِّيْ اُصَلِّيْ وَاَنَامُ، وَاَصُوْمُ وَاُفْطِرُ وَاَتَزَوَّجُ النِّسَاءَ فَمَنْ رَّغِبَ عَنْ سُنَّتِيْ فَلَيْسَ مِنِّيْ۔

"એ લોકોને શું થયું જે આવું આવું કહે છે ? મારો તરીકો એ છે કે હું કદી (રાત્રે જાગીને) નમાઝ પણ પઢું છું અને કદી આરામ પણ કરું છું, કદી રોઝા પણ રાખું છું અને કદી નથી પણ રાખતો, સ્ત્રીઓ સાથે નિકાહ પણ કરું છું. તો જે મારી સુન્નત (તરીકા)થી વિમુખ થશે તે અમારામાંથી નથી."

*–(સુનને નિસાઈ, ૬/૬૦)*

સૈયદે આલમ ﷺનો તરીકો બેશક ! સમગ્ર માનવતા માટે આઈડિયલ છે અને આપ ﷺના અખ્લાકે કરીમા સંપૂર્ણ કાઈનાત માટે હિદાયતનો માર્ગ છે, ઈબાદતો હોય અથવા મામલાઓ, અંગત જીવન હોય અથવા ગૃહસ્થી જીવન, ખરીદ વેચાણની બાબત હોય અથવા વેપાર અને કારોબાર. સૈયદે આલમ ﷺના જીવનમાં મનુષ્યની જિંદગીના દરેક ક્ષેત્ર અને દરેક મોડ માટે આદર્શ મૌજૂદ છે, તે પણ એટલો સંપૂર્ણ કે તેમાં મનુષ્યોની અંગત, સામાજિક અને કારોબારી બાબતો સાથે સાથે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની ઈબાદત અને તેની રઝાજોઈ માટે પણ પાસુ મૌજૂદ છે. ન રહબાનિયત (સન્યાસ) છે કે દુનિયાથી સદંતર દૂર થઈ કેવળ ઈબાદતનો ખૂણો ઈખ્તિયાર કરી લેવામાં આવે અને ન લાદીનિયત (અધર્મતા) છે કે દુનિયામાં એટલા ડૂબી જાય કે રબની જાતને જ ભૂલી જાય.

મુસ્તફા કરીમ ﷺનો તરીકો એ છે કે થોડોક સમય અલ્લાહની ઈબાદતમાં પણ પસાર કરવામાં આવે અને થોડોક સમય આરામ માટે પણ ઉપયોગમાં લેવામાં આવે. કદી રોઝો રાખી અલ્લાહની રઝાજોઈ પણ કરવામાં આવે અને કદી જમીને શરીરને શક્તિ પણ પ્રદાન કરવામાં આવે. પત્નીઓ જેમને અલ્લાહ તબારક વ તઆલાએ દિલોના સુકૂનનું કારણ બનાવી છે તેમના હક્કો પણ અદા કરવામાં આવે જેથી તેમની દિલકશ ખુશીઓથી દિલને સુકૂન પ્રાપ્ત થાય, રાત

વધુ પેજ 32 પર..

# સીધી સફની તથા આગલી સફને પૂરવાની ફઝીલત

કાર્યાલય

વર્તમાન સમયમાં નમાઝમાં સીધી સફ કરવા બાબતે તેમજ સફમાં બે નમાઝી વચ્ચે ગેપ ન રાખવા બાબતે તેમજ આગલી સફમાં જગા મેળવવા બાબતે મુસલમાનોમાં ખૂબ જ સુસ્તી તથા અરૂચી જોવા મળે છે ! ખાસ કરીને રમઝાનના મહિનામાં તરાવીહની નમાઝ વખતે પહેલી સફ પૂરી થયા વિના લોકો બીજી અને ત્રીજી સફ તરફ વળી જતા હોય છે અને કેટલીય વાર પ્રથમ સફમાં જવા બાબતે એકબીજાને આગ્રહ કરતા નમાઝી ભાઈઓ જોવા મળ્યા કે એક કહે કે તું જા ! અને તે બીજાને કહે તું જા ! અફસોસ ! મુસલમાન પ્રથમ સફની ફઝીલત ક્યાં તો જાણતો નથી અથવા તો જાણવા છતાં નેકીઓનું મહત્વ સમજતો નથી જેથી પ્રથમ સફથી ભાગે છે ! કેટલાક તો નમાઝમાં જોડાવા માટે ઈમામના રુકૂઅમાં જવાની રાહ જોઈને બેસી રહે છે !

## સફ સીધી કરવા વિશે ફર્માને નબવી ﷺ

સફ સીધી કરવાનો મતલબ એ છે કે નમાઝી સફમાં નજીક મળીને ઉભા હોય ન આગળ પાછળ હોય ન દૂર દૂર જેનાથી સફમાં ગેપ પડે. સફનું વાંકા હોવું નમાઝીઓમાં વાંકાપણુ પેદા કરે છે. હદીષ શરીફમાં છે :–

હઝરત નોઅમાન ઈબ્ને બશીર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ અમારી સફો સીધી કરે છે ત્યાં સુધી કે જાણે એમનાથી તીર સીધાં લેવામાં આવશે. ત્યાં સુધી કે આપે ખયાલ કરી લીધો કે હવે અમે આપનાથી શીખી ચૂક્યા. પછી એક દિવસે તશરીફ લાવ્યા તો ઉભા થયા, ત્યાં સુધી કે તકબીર કહેવાના જ હતા એવામાં એક શખ્સને સીનો કાઢેલ જોયો, તો ફર્માવ્યું કે અલ્લાહના બંદાઓ તમારી સફો સીધી કરો, **નહીં તો અલ્લાહ તઆલા તમારી જાતોમાં મતભેદ નાખી દેશે.**

*–(મુસ્લિમ, મિર્અતુલ મનાજીહ, હદીષ–૧૦૧૭)*

એટલે કે જો તમારી નમાઝની સફો વાંકી રહી તો તમે આપસમાં મતભેદો કરશો અને ઝઘડા ઉભા કરશો, તમારું માળખુ વિખેરાય જશે, તમારાં દિલો વાંકા–ટેઢાં થઈ જશે.. વગેરે

અન્ય હદીષમાં છે : હઝરત અબૂ મસઊદ અન્સારી رضی اللہ عنہ ફર્માવે છે કે નબી ﷺ નમાઝમાં અમારા ખભા પકડતા અને ફર્માવતા, સીધા રહો, **અલગ અલગ ન રહો નહીં તો તમારાં દિલો અલગ થઈ જશે.** .....અબૂ મસઊદ ફર્માવે છે કે એટલા માટે આજે તમારામાં ઘણાં મતભેદો છે.

*–(મુસ્લિમ, બ હવાલા મિર્અતુલ મનાજીહ, હદીષ–૧૦૨૦)*

હુઝૂર ﷺનું ફર્માન હક્ક઼ જ હોય છે આજે આપણી સફોને જોઈ લો, જેટલી કાળજી ચુસ્ત સફ માટે થવી જોઈએ તે નથી લેવામાં આવતી અને આપણામાં મતભેદો, ઝઘડા વધવાનું આ પણ એક ચોક્કસ કારણ છે.

## શૈતાન સફની ગેપોમાં ઘુસી જાય છે

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારી સફો સીધી કરો, એમાં નિકટતા કરો, તમારી ગરદનો સરખી રાખો. **એની ક઼સમ જેના ક઼બજામાં મારી જાન છે ! કે શૈતાનને સફોની ગેપોમાં બકરીના બચ્ચાની જેમ ઘુસતો જોઉં છું.** *(અબૂ દાઊદ, મિર્અતુલ મનાજીહ, હદીષ–૧૦૨૫)* આમાં હુઝૂર ﷺની શાન જુઓ કે શૈતાનને પણ જુએ છે.

એક હદીષમાં ફર્માવ્યું, આગલી સફ પૂરી કરો, પછી એના બાદવાળી, તો જે કમી રહે તે પાછલી સફમાં રહે. *(હવાલો ઉપર મુજબ, હદીષ–૧૦૨૬)*

## અલ્લાહ અને ફરિશ્તા દુરૂદ મોકલે છે !

હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવતા હતા, **અલ્લાહ**

**અને તેના ફરિશ્તા એ લોકો પર દુરૂદ મોકલે છે જેઓ આગલી સફોથી મળે છે, અને અલ્લાહને એ ક઼દમથી વધુ કોઈ ક઼દમ પ્યારો નથી જે ક઼દમ વડે માણસ સફને મળે.** *(હવાલો : ઉપર મુજબ, હદીષ–૧૦૨૭)* જે લોકો આગલી સફોમાં આવવાથી સુસ્તી કરે છે તેમણે આ પરથી બોધ લેવો જોઈએ. એક હદીષમાં છે : યક઼ીનન ! અલ્લાહ અને તેના ફરિશ્તા સફોના જમણા હિસ્સા પર દુરૂદ મોકલે છે.

*–(હવાલો : ઉપર મુજબ, હદીષ–૧૦૨૮)*

## પ્રથમ સફમાં નમાઝ પઢવાની ફઝીલત

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ અને ફરિશ્તા દુરૂદ મોકલે છે પહેલી સફ પર. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અને બીજી સફ પર ? ફર્માવ્યું કે અલ્લાહ અને ફરિશ્તા દુરૂદ મોકલે છે પહેલી સફ પર. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અને બીજી પર ? ફર્માવ્યું, બેશક ! અલ્લાહ અને તેના ફરિશ્તા દુરૂદ મોકલે છે પહેલી સફ પર ! લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અને બીજી પર ?! ફર્માવ્યું, અને બીજી પર ! અને ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ તમારી સફો સીધી કરો અને તમારા ખભાઓની વચ્ચે સરખાપણુ રાખો. અને તમારા ભાઈઓના હાથોમાં નરમ રહો. પહોળાઈઓ (ગેપો)ને ભરો, કેમ કે શૈતાન તમારી વચ્ચે બકરીના બચ્ચાના રૂપમાં ધુસી જાય છે.

*(અહમદ, મિર્અતુલ મનાજીહ, હદીષ–૧૦૩૩)*

આ પરથી પ્રથમ સફનું મહત્વ ખયાલ આવે છે કે ત્રણવાર હુઝૂર ﷺએ પ્રથમ સફ પર અલ્લાહ અને તેના ફરિશ્તાઓના દુરૂદ મોકલવા વિશે વર્ણવ્યું. તેમજ બીજી હદીષમાં છે :

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ક઼ૌમ પહેલી સફથી પાછળ થતી રહેશે ત્યાં સુધી કે **અલ્લાહ તેમને આગમાં પાછળ કરશે.**

*(અબૂ દાઊદ, મિર્અતુલ મનાજીહ, હદીષ–૧૦૩૬)*

જે લોકો સુસ્તીના કારણે પ્રથમ સફમાં આવવામાં ટાળમટોળ કરશે અથવા પ્રથમ સફમાં જગા હોવા છતાં પાછળ ઉભા રહેશે, તો તેઓ દીનના સર્વ કામોમાં સુસ્ત થઈ જશે અને બુરાઈઓ પર દિલેર થઈ જશે, જેના પરિણામે જહન્નમમાં જશે અને ત્યાં મોડે સુધી રહેશે. અથવા એ મલતબ છે કે નમાઝમાં સુસ્તી કરનાર જહન્નમના નીચલા તબક઼ામાં જશે. (લમ્આત)

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ પોતાના સહાબામાં અમુકનું પાછળ રહેવાનું જોયું તો ફર્માવ્યું, આગળ વધો અને મારી ઈક઼તેદા કરો અને તમારા બાદવાળા તમારી ઈક઼તેદા કરે. ક઼ોમો પાછળ રહેતી રહેશે ત્યાં સુધી કે અલ્લાહ તેમને પાછળ કરી દેશે.

*(મુસ્લિમ, મિર્અતુલ મનાજીહ, હદીષ–૧૦૨૨)*

જો મુસલમાન પ્રથમ સફમાં પહોંચવામાં અથવા અન્ય દીની કામોમાં સુસ્તી કરશે સવાબ તથા રબની રહમત પામવામાં અને જન્નતમાં દાખલ થવામાં પાછળ રહી જશે.

એક હદીષમાં છે : લોકો જાણતા હોત કે અઝાન (આપવામાં) તથા પ્રથમ સફમાં શું (સવાબ) છે તો (પડાપડી કરત જેથી) ડ્રો પધ્ધતિ અપનાવવી પડત તો તેને અપનાવત.

*(બુખારી, મસ્લિમ, અબૂ હુરૈરહ, બહારી શરીઅત, ભાગ–૩)*

તો સર્વ મુસલમાનોએ જોઈએ કે મસ્જિદમાં આવીને જમાઅત વખતે ઉભા થવામાં તથા આગલી સફમાં જવામાં સુસ્તી ન કરે, જે આગલી સફની ખાલી જગા પૂરશે તેના માટે હદીષમાં ખુશખબરીઓ છે અને સુસ્તી કરવાવાળા માટે વોર્નિંગો છે જે આપણે હમણા જોઈ લીધી.

સાથોસાથ એ મસ્અલો પણ જાણી લો કે નમાઝી આગળ થઈને પસાર થવું મના છે પણ આગલી સફમાં જગા છે અને પાછળવાળાઓએ ક઼ૌલ બાંધી દીધો છે તો તેમની આગળ થઈને પસાર થઈને આગળ સફ પૂરી કરવામાં આવે. અહીં નમાઝી આગળથી પસાર થવામાં કોઈ વાંધો નથી, બલ્કે આગલી સફની ગેપ પૂરી કરવા પર સવાબ મળશે.

# મુસ્લિમોને બદનામ કરનાર ISIS એ યહૂદીઓની સંસ્થા છે

કાર્યાલય

**ISISની સ્થાપના અમેરિકા અને ઈઝરાયેલની જાસૂસી એજન્સી મોસાદે કરી મુસ્લિમોએ નહીં : વિકીલીક્સ**

વિશ્વના કુખ્યાત આતંકવાદી સંગઠન જેને આજે સંપૂર્ણ વિશ્વ આઈએસઆઈએસના નામથી ઓળખે છે. જે ઈસ્લામ ધર્મને બદનામ કરવા માટે આતંકવાદ અને ભય ફેલાવે છે. આ સંગઠનને ઘણા લોકો અને ઘણા દેશ મુસ્લિમ આતંકી સંગઠન ગણે છે જે વાસ્તવિકતાથી ઘણું દૂર છે. વિકીલીકસના સંસ્થાપક જુલિયન અસાંજે એવો ખુલાસો ૨૦૧૮માં કરી ચૂક્યા છે જેને વાંચીને દરેક વ્યક્તિ ચોંકી જશે. જણાવીએ વિકીલીકસના સંસ્થાપકે શું ખુલાસો કર્યો હતો. ઈરાક અને સીરિયાના ભાગોમાં પોતાના આતંક થી સત્તા સુધી પહોંચી ચૂકેલા આ સંગઠનને સીરિયા અને રશિયાની સેનાએ ભગાડયું છે. આ એક એવું સંગઠન છે જેણે સંપૂર્ણ આતંક ફેલાવ્યો છે. આઈએસઆઈએસ મુસ્લિમ સંગઠન નથી.

અસાંજેએ જણાવ્યું છે કે, આઈએસઆઈએસ મુસ્લિમ સંગઠન નથી. તેઓ જણાવે છે કે, તેની સ્થાપના કરનારા પણ મુસ્લિમ ન હતા અને જે હવે તેને ચલાવી રહ્યા છે તે પણ મુસ્લિમ નથી. વિકીલીકસના માધ્યમથી આ દાવો કરવામાં આવ્યો છે કે, આઈએસઆઈએસની સ્થાપના અમેરિકા અને ઈઝરાયેલની જાસૂસી એજન્સી મોસાદ દ્વારા કરવામાં આવી હતી અને અત્યારે પણ તેને તે લોકો જ ચલાવે છે. આઈએસઆઈએસના નામથી તેઓ અનેક દેશોમાં આતંક ફેલાવે છે અને પોતાના રાજનૈતિક ઉદ્દેશને પૂરો કરે છે.

આ ખુલાસા પર અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા કોઈ પ્રતિક્રિયા આવી નથી. જો કે કેટલાક જાણકાર ઘણા પહેલાથી તેને અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ચલાવવામાં આવતું આતંકી સંગઠન બતાવી રહ્યા છે. જાણકારો મુજબ અમેરિકા જ ઈસ્લામી દેશોમાં અસ્થિરતાનું જવાબદાર છે. સીરિયામાં ચાલી રહેલા ગૃહયુદ્ધમાં અમેરિકાએ આતંકી સંગઠન અલ કાયદાની પણ મદદ કરી છે. અનેક એજન્સીએ આ પ્રકારના સમાચાર આપ્યા છે કે અલ નૂસરા ફ્રંટના આતંકવાદીઓની સારવાર અમેરિકન સૈન્ય શિબિરોમાં થઈ રહી છે. બીજા કેટલાકની મોટી હોસ્પિટલોમાં થઈ રહી છે. આ તમામ એ તરફ ઈશારો કરે છે કે, અમેરિકા અને ઈઝરાયેલ આતંકને પ્રોત્સાહન આપે છે.

**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**
**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૪૨૫/–** (ટપાલ ખર્ચ રૂા. ૫૦/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧




# તુર્કીમાં સ્ત્રીઓનું સફળ આંદોલન

:: રજૂકર્તા ::
**મૌલાના અબ્દુર્રહમાન મિસ્બાહી**
*(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

પશ્ચિમની, સ્ત્રી આઝાદી તથા સ્ત્રી અધિકારની ચળવળ લગભગ ૨૦૦–૨૫૦ વર્ષ જૂની છે. જો કે ઈસ્લામી દષ્ટિકોણથી સ્ત્રીઓ માટેની આ લડાઈ એટલી જ જૂની છે જેટલો કે ઈસ્લામનો ઈતિહાસ. આજના સેકયુલર સમાજમાં સ્ત્રીની આઝાદીનો શબ્દ સામાન્ય રૂપે પુરૂષ સાથે સમાનતાના સંદર્ભમાં બોલાય છે. આ હેતુ હેઠળ અમેરિકાની સ્ત્રી મત અધિકાર માટેની લડાઈ, બ્રિટનમાં યુનિવર્સિટી દ્વારા સ્ત્રીઓને ડિગ્રી અર્પિત કરવાની લડાઈ, સઊદી વિચારધારાના સંદર્ભમાં સ્ત્રી ડ્રાઈવિંગની ચળવળ વગેરે આંદોલનોની ગણતરી થાય છે.

ધ્યાન આપવા જેવી વાત એ છે કે સ્ત્રીની આઝાદીનો માર્ગ એટલો સાંકડો નથી કે જેના પર ફકત પુરૂષાર્થ પસંદ કરનારી અથવા અર્ધનગ્તાની ચાહક સ્ત્રી જ ચાલી શકે, બલ્કે આ માર્ગે ચાલવાનો સમાન અધિકાર, દરેક તે સ્ત્રીને પણ છે જે પોતાના સ્ત્રી હોવાને લઈને ગર્વમાન અને હિજાબ પહેરવાનો શોખ રાખનારી તથા પોતાના પતિની વફાદાર ગૃહિણી તરીકે જીવન વીતાવવાનો અધિકાર માગનારી હોય. નવા સેક્યુલર સમાજની મોટી સમસ્યા એ છે કે તે વ્યાખ્યાઓની એક એવી સમજૂતી જ માન્ય રાખે છે જે પોતાની તથાકથિત (કહેવાતી) આઝાદી દ્વારા બેહયાઈ તરફ લઈ જનારી હોય. અને આ મત એટલો ખોટો છે જેટલો કે પ્રાચીન અરબમાં છોકરીઓને જીવતી દફનાવી દેનારાઓનો મત ખોટો હતો.

અહીં આપણે તુર્કીમાં સ્ત્રી આંદોલનની વાત કરીશું. સ્ત્રી આંદોલનનો શબ્દ સાંભળતાં જ ઉપરોક્ત મુજબના કોઈ પુરૂષાર્થ પ્રેરિત આંદોલનનો વિચાર આવે છે, પણ અહીં એવું નથી. આ સ્ત્રી આંદોલન જરૂર હતુ પણ સ્ત્રીને પુરૂષ સમાન કરવાનું નહીં બલ્કે સ્ત્રીને પોતાના સ્ત્રી હોવાનું ગૌરવ બતાવવાનું અને સ્ત્રી તરીકે પોતાની લાજ તથા સન્માન બચાવવાનુ અનોખુ આંદોલન હતું.

તુર્કી ૧૯૨૩માં મુસ્તફા કમાલ પાશા (અતા તુર્ક) દ્વારા સ્થાપવામાં આવેલો સેક્યુલરમ દેશ છે. આ વ્યક્તિએ ધાર્મિક સિદ્ધાંતોના બદલે મોર્ડન વેસ્ટર્ન કલ્ચરના આધારે દેશનું ભવિષ્ય બદલવાનું નક્કી કર્યું. જો કે તુર્કીની ૯૦ ટકા આબાદી મુસ્લિમ છે એ વાતને જોતાં લગભગ એક સદી પૂર્વ આ એક નકારાત્મક પગલુ હતું. મુસ્લિમો માટે મુશ્કેલી એ ઊભી થઈ કે સેક્યુલર દેશના નિર્માણ બાદ ઘણી બધી ધાર્મિક ગતિવિધિઓ પર પ્રતિબંધ મૂકી આપવામાં આવ્યો તેમ છતાં સ્ત્રીઓ માટે સુખદ વાત એ હતી કે મુસ્લિમ સ્ત્રીઓનો ધાર્મિક જઝબા અને હિજાબ પ્રત્યે તેમના આકર્ષણને જોતાં અતા તુર્કે પર્દા પર અંકુશ મૂકવાનુ સાહસ ન કર્યું.

તુર્કીના ઈતિહાસમાં પ્રથમવાર ૧૯૮૦માં ત્યાંની મિલેટ્રી ગવર્નમેન્ટે હિજાબ પર પાબંદી લગાડી. ફકત એટલું જ નહીં, બલ્કે સ્કાર્ફ અથવા ઓઢણી વગેરે બીજી માથુ ઢાંકવાની વસ્તુઓથી પણ સ્ત્રીઓને રોકી આપવામાં આવી. સાથે જ સ્ત્રીઓ માટે જાહેર સ્થળો, સ્કૂલ, યુનિવર્સિટી અને લાયબ્રેરીમાં માથુ ખુલ્લુ રાખવું ફરજીયાત કરી આપવામાં આવ્યું! કોઈ પણ સરકારી દસ્તાવેજ હિજાબ અથવા સ્કાર્ફ સાથે બનાવવું શક્ય ન રહ્યું.

આ સ્થિતિ ૧૮ વર્ષ સુધી કાયમ રહી. સ્ત્રીની આઝાદી વિરોધ નક્કી કરવામાં આવેલો આ પ્રતિબંધ આટલા લાંબા ગળા સુધી બાકી રહ્યો, અને તે પણ

૨૦મી સદીના અંતમાં, એ ખરેખર આશ્ચર્યની વાત છે. કહેવાતા સ્ત્રી આઝાદીના ઝંડાધારીઓનુ આવા સમયે આંખો મીંચી જવું એ કાંઈ જુલ્મથી ઓછું નથી.

૨ મે ૧૯૯૯ના રોજ તુર્કી પાર્લામેન્ટની સ્ત્રી મેમ્બર **Merve Kavakci** એ પ્રથમવાર સ્ત્રી વિરોધી આ નિયમનો વિરોધ પાર્લામેન્ટમાં સ્કાર્ફ પહેરીને કર્યો. તેણીને ધક્કા મારીને બહાર કાઢી મૂકવામાં આવી અને શપથ પણ ન લેવા દેવાઈ. તે સમયના પ્રધાનમંત્રી **Bulent Ecevit** એ એમ કહીને કે, "તેણીએ પોતાના અમલથી દેશને પડકાર્યો છે, અને આ જગ્યા પડકારવાની નથી." તેણીને અપમાનજનક રીતે બહાર કાઢી મૂકવાનો આદેશ આપ્યો. સ્ત્રી આઝાદીની લડાઈમાં આટલા નાના સરળ અને સ્પષ્ટ વિરોધ પ્રદર્શન પર આટલું સખત પગલું ક્યારેય નહીં લેવાયું હોય.

આ સિવાય ઘણી સ્ત્રીઓની માથુ ખુલ્લુ રાખવાથી ઈન્કાર કરવા બદલ ધરપકડ કરવામાં આવી. કેટલીયે સ્ત્રીઓએ હિજાબ પહેરવા બદલ જેલ ભોગવી અને પ્રતિબંધનો વિરોધ કરવાના કારણે કેટલીય સ્ત્રીઓ પર ગુનો દાખલ કરી કેસ ચલાવવામાં આવ્યો. સ્ત્રી વિરુદ્ધ થઈ રહેલો આ અત્યાચાર દુનિયા ફકત એટલા માટે ચુપચાપ નિહાળતી રહી કે આ આંદોલનનો સાર તેમની તથાકથિત (કહેવાતી) સ્ત્રી આઝાદી મુજબ ન હતો.

રાજનૈતિક રૂપે પ્રથમવાર **A K Party**ના આ પ્રમુખ રજબ તૈયબ ઉર્દુગાને પોતાની પાર્ટીના ઘોષણાપત્રમાં આ પ્રતિબંધ હટાવવાનો વાયદો કર્યો, જેના પર વિરોધી દળોએ ખૂબ હોબાળો મચાવ્યો. ઉર્દુગાને પોતાનો મત મૂકતાં પાર્લામેન્ટમાં કહ્યું, "તે સ્ત્રીઓ જે હિજાબ નથી પહેરતી અને તે સ્ત્રીઓ જે હિજાબ પહેરે છે, માનવતાના અધિકારો બંને માટે સમાન છે. જેથી આપણને જોઈએ કે જે રીતે આપણે હિજાબ ન પહેનારી સ્ત્રીની આઝાદી અને અધિકારની વાત કરીએ છીએ તે જ રીતે હિજાબ પહેરનારી સ્ત્રીને પણ અધિકાર અને આઝાદી આપીએ."

સ્ત્રીના ગૌરવ અને સન્માન એટલે કે હિજાબ પરથી પ્રતિબંધ હટાવવાનું માગ કરતું આ આંદોલન સતત જુલ્મ અને ટીકાઓના ભય હેઠળ ચાલતુ રહ્યું, ત્યાં સુધી કે ઘણા વર્ષોની ચર્ચા બાદ ઈ.સ. ૨૦૧૦માં પાર્લામેન્ટે યુનિવર્સિટીમાં હિજાબ અને સ્કાર્ફ પરથી પ્રતિબંધ હટાવી આપ્યો. ત્રણ વર્ષ બાદ ઈ.સ. ૨૦૧૩માં સરકારી ઓફિસમાં હિજાબની પરવાનગી મળતાં સ્ત્રી અધિકારનું આ આંદોલન વધુ સક્રિય થયું અને ઈ.સ. ૨૦૧૪માં હાઈસ્કૂલમાં હિજાબ તથા સ્કાર્ફ પહેરવાની અનુમતિ મળી ગઈ. પણ લાંબા સંઘર્ષ બાદ આજે તુર્કી હિજાબ પરથી પાબંદી હટાવી સ્ત્રીઓને ન્યાય આપનારો દેશ બની ગયો છે, હવે તુર્કીમાં હિજાબ પર પાબંદી નથી. પ્રથમ વિરોધ પ્રદર્શનના ૧૬ વર્ષ બાદ **Merve**ની બહેન **Ravza**એ પોતાની ઓફિસમાં હિજાબ સાથે શપથ લીધા અને કામની શરૂઆત કરી.

આખરે ૩૫ વર્ષની લાંબી તથા સાહસી લડાઈ બાદ હિજાબ પહેરનારી સ્ત્રીઓને પોતાનો અધિકાર મળ્યો, જે અફસોસનાક અને દુઃખદ હોવા છતાં સ્ત્રી અધિકાર અને સ્ત્રી આઝાદીની લડાઈની મોટી જીત છે.

આ આંદોલનના ઈતિહાસનું અધ્યયન કર્યા બાદ એવું લાગે છે કે સ્ત્રી જગત બે ભાગોમાં વહેંચાયેલું છે, એક તરફ સ્ત્રીઓનો તે વર્ગ છે જે પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ કરીને થાકયા બાદ હવે ઈસ્લામી સંસ્કૃતિમાં આશાની રોશની જોઈ રહ્યો છે અને અરબ તથા યૂરોપમાં મોટી સંખ્યામાં સ્ત્રીઓ હિજાબ તરફ વધી રહી છે. જ્યારે કે ઉપખંડ ઈન્ડો.–પાક. તથા બાંગલાદેશના આપણા સમાજનો સ્ત્રી વર્ગ પશ્ચિમી સંસ્કૃતિ તરફ જવાનું સ્વપ્ન જોઈ રહ્યો છે. હવે ભવિષ્યમાં જ ખબર પડશે કે સ્ત્રીઓનો કયો વર્ગ ખરા માર્ગે નીકળ્યો અને કયા વર્ગે આંધળા અનુકરણમાં પોતાની કોમળતા વેડફી નાખી ? અત્યારે એટલી વાત સ્પષ્ટ છે કે તુર્કીના આ આંદોલનમાં જગતના સ્ત્રી વર્ગ માટે, ખાસ કરીને આપણા સ્ત્રી સમાજ માટે ઘણુ બધુ શીખવા જેવું છે.

# ખુદાથી ડરો ને બે જન્નતો મેળવો !

કાર્યાલય

અલ્લાહનો ડર કેટલી મહત્વની ચીજ છે કે જેના દિલમાં વસી ગયો તેનો બંને જહાનમાં બેડોપાર છે. થોડા સમય પર બોડલી મુકામે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરીએ આયત :–

وَلِمَنْ خَافَ مَقَامَ رَبِّهٖ جَنَّتٰنِ ''જે અલ્લાહની સમક્ષ ઊભો થવાથી ડરી ગયો એના માટે બે જન્નતો છે.'' *(સૂ. રહમાન, ૫૫/૪૬)* પર ખૂબ જ દિલને પીગળાવનારું બયાન કરેલું જે આજે પણ મારા માનસ પટ પર અથડાયા કરે છે. આ આયતને તમારા દિલો દિમાગમાં બેસાડી દો તો ઈન્શા અલ્લાહ ! તમો કામયાબ થઈ ગયા. તમારી આંખો અવારનવાર ખૌફે ખુદાથી તર રહ્યા કરશે અને તમો ગુનાહથી બચતા રહેશો. કોઈ ગુનાહનો ખયાલ આવ્યો અને તમને રબનો આ હુકમ યાદ આવ્યો તો તરત તમે તેનાથી રોકાઈ જશો તો તમારાથી રબનો વાયદો છે કે, ''જે ખુદા સમક્ષ (હિસાબ કિતાબ) માટે ઉભો રહેવાથી ડર્યો તેના માટે બે જન્નતો છે.'' સુબ્હાનલ્લાહ ! આ સિવાય અનેક આયતો મૌલાના મુહમ્મદશાકિર નૂરીએ રજૂ કરી દિલની સફાઈ કરતુ બયાન કર્યું હતું એ ફરી કોઈવાર રજૂ કરીશું. અત્રે ખૌફે ખુદા વિશે પ્રસ્તુત લખાણ વાંચો અને દિલની સફાઈ કરો.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

---

ઈર્શાદે ખુદાવંદી છે : يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ "હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો." *(અલ કલામુલ અવઝહ ફી તફસીરિલ અલમ નશ્રહ, પેજ : ૨૩૪, નુસ્રતુલ વાએઝીન, ભાગ : ૧, પેજ : ૧૨૧)* એટલે કે દિલમાં ખુદાનો ડર પેદા કરો અને તેની ઈતાઅત (આજ્ઞાપાલન) તથા ફરમાબરદારી કરો :–

وَلْتَنْظُرْ نَفْسٌ مَّا قَدَّمَتْ لِغَدٍ ''અને ઈન્સાન જુએ કે ભવિષ્ય માટે આગળ શું મોકલ્યું.''

*–(પારા : ૨૮, સૂરએ હશ્ર, આ. ૧૮)*

મતલબ એ છે કે બદલાના દિવસ (રોઝે જઝા) માટે શું અમલ કર્યો. ભાવાર્થ એનો એ થાય છે કે સદકા કરો અને નેક અમલો કરો. જેથી ક઼યામતના દિવસે તેનો અજર (બદલો) પામો અને પોતાના રબથી ડરતા રહો. અલ્લાહ તઆલા તમારી દરેક સારી અને નરસી વાતને જાણે છે.

ક઼યામતના દિવસે ફરિશ્તાઓ, જમીન, આસમાન, રાત્રિ તથા દિવસ સૌ ગવાહી આપશે કે આદમની અવલાદે આ કામ ભલાઈનું કર્યું કે બુરાઈનું કર્યું, ઈતાઅત તથા તાબેદારી કરી કે નાફર્માની કરી, એટલે સુધી કે ઈન્સાનના પોતાનાં અગો પણ તેની વિરુદ્ધ ગવાહી આપશે. ઈમાનદાર અને મુત્તક઼ી તથા પરહેઝગાર ઈન્સાનના હકમાં જમીન ગવાહી આપશે જેમ કે જમીન એવું કહેશે કે આ ઈન્સાને મારી પીઠ પર નમાઝ પઢી, રોઝા રાખ્યા, હજજ કરી, જેહાદ કર્યો. આ સાંભળીને ઝાહિદ (દુનિયાને તર્ક કરી ખુદાની ઈબાદત કરનાર) તથા મુત્તક઼ી શખ્સ ખુશ થશે અને કાફિર તથા નાફર્માન (ગુનેગાર)ની વિરુદ્ધ જમીન સાક્ષી આપતા કહેશે કે, તેણે મારી પર શિર્ક કર્યું, વ્યભિચાર કર્યો, શરાબ પીધી અને હરામ ખાધુ, હવે તેના માટે હલાકત તથા બરબાદી છે. જો અરહમુર્રાહિમીને તેઓ પાસે કડકાઈથી હિસાબ માંગ્યો. ઈમાનવાળો તે છે જે શરીરના તમામ અવયવો સાથે અલ્લાહ તઆલાથી ડર રાખતો હોય. જેમ કે ફકીહ અબુલ લયષે ફરમાવ્યું : સાત વાતોમાં અલ્લાહ તઆલાના ખૌફ (ડર)ની ખબર પડી જાય છે :

(૧) તેની જીભ ગલત વાણી (જૂઠુ બોલવું),

ગીબત, ચુગલી, તોહમત અને ફુઝૂલ બોલવાથી બચી હોય અને અલ્લાહ તઆલાનો ઝિક્ર કરવા, કલામે પાકની તિલાવત અને દીની ઈલ્મો (વિદ્યાઓ) શીખવામાં લાગેલી હોય.

**(૨)** તેના દિલમાંથી અદાવત, આક્ષેપબાજી અને મુસલમાન ભાઈઓની ઈર્ષા નીકળી જાય, કેમ કે ઈર્ષા નેકીઓને સફાચટ કરી દે છે. જેમ કે ફર્માને મુસ્તફવી ﷺ છે, **(અર્થ)** : હસદ (ઈર્ષા) નેકીઓને ખાઈ જાય છે જેવી રીતે આગ લાકડીઓને ખાઈ જાય છે. *(સુનને અબૂ દાઊદ, ૨/૬૭૨, સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ્ઝુહદ, પેજ : ૩૧૦, અત્તરગીબ વત્તરહીબ, ૩/૩૪૭)*

જાણવું જોઈએ કે હસદ દિલની એકદમ નીચ કક્ષાની બીમારીઓમાંની એક બીમારી છે અને દિલની બીમારીઓનો ઈલાજ કેવળ ઈલ્મ તથા અમલ વડે જ થઈ શકે છે.

**(૩)** તેની નજર હરામ ખાવા પીવાથી અને હરામ લિબાસ (પોષાક) વગેરેથી સુરક્ષિત રહે છે અને દુનિયાની તરફ લાલચની નજરે ન જુએ બલ્કે કેવળ ઈબ્રત પકડવા (બોધ લેવા માટે તેની તરફ જુએ અને હરામ ઉપર તો કદી તેની નજર પણ ન પડે. જેમ કે નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું :–

**(અર્થ)** : ''જેણે પોતાની આંખો હરામથી ભરી તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તેને આગથી ભરી દેશે.''

**(૪)** તેના પેટમાં હરામ ખોરાક ન જાય કે એ ગુનાહે કબીરા છે. હુઝૂર ﷺ ફર્માવે છે :–

**(અર્થ)** : ''બની આદમના પેટમાં જો હરામનો કોળીયો પડયો તો જમીન તથા આસમાનનો દરેક ફરિશ્તો તેના પર લાનત કરશે જ્યાં સુધી તે કોળીયો તેના પેટમાં રહેશે અને જો તે જ હાલતમાં મૃત્યુ પામ્યો તો તેનું ઠેકાણુ જહન્નમ છે.''

**(૫)** હરામની તરફ હાથ ન લંબાવે બલ્કે શકય હોય ત્યાં સુધી તેનો હાથ ખુદાની ઈતાઅતની તરફ વધે.

હઝરત કઅબ ઈબ્ને અહબાર رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહ તઆલાએ લીલા મોતી (ઝબરજદ)નો મહેલ બનાવ્યો છે. તેમાં સિત્તેર હજાર ઘરો છે અને દરેક ઘરમાં સિત્તેર હજાર કમરાઓ છે. તેમાં તે જ દાખલ થશે જેની સમક્ષ હરામ (માલ વગેરે) રજૂ કરવામાં આવે અને તે ફકત ખુદાના ખૌફને ખાતર તેને ત્યજી દે.

**(૬)** તેનો કદમ અલ્લાહ તઆલાની નાફર્માનીમાં ન ચાલે બલ્કે કેવળ તેની ઈતાઅત તથા ખુશનુદીમાં રહે અને આલિમો અને નેક લોકોની તરફ પ્રયાણ કરે.

**(૭)** ઈબાદત તથા મુજાહિદા : ઈન્સાને જોઈએ કે કેવળ નિઃસ્વાર્થતાથી (ખાલિસ) અલ્લાહ તઆલાના માટે ઈબાદત કરે, રિયાકારી તથા મુનાફિકતથી બચતો રહે. જો એવું કર્યુ તો તે એ લોકોમાં સામેલ થશે જેના વિશે ઈર્શાદે ખુદાવંદી છે :

**وَالْاٰخِرَةُ عِنْدَ رَبِّكَ لِلْمُتَّقِيْنَ** ''અને તારા રબની નજીક આખેરત ડરનારાઓ માટે છે.''

*(સૂરએ ઝુખરફ, આ. ૩૫, પારા : ૨૫)*

બીજી આયતમાં આ પ્રમાણે ઈર્શાદ છે : **اِنَّ الْمُتَّقِيْنَ فِيْ مَقَامٍ اَمِيْنٍ** ''બેશક ! મુત્તકી અમ્ન (શાન્તિ)વાળા મકામમાં હશે.''

*(પારા : ૨૫, સૂરએ દુખાન, આ. ૫૨)*

મતલબ કે ખુદાવંદે તઆલા ફર્માવે છે કે આજ લોકો (મુત્તકી તથા પરહેઝગાર) કયામતના દિવસે દોઝખથી છૂટકારો પામશે અને ઈમાનદાર માણસે જોઈએ કે તે ખૌફ અને ઉમ્મીદની દરમ્યાનમાં રહે અને તે જ અલ્લાહ તઆલાની રહમતનો ઉમ્મીદવાર હશે અને તેનાથી નિરાશ અને નાઉમ્મીદ રહેશે નહીં. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : **لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ** ''અલ્લાહની રહમતથી નિરાશ ન થાવ.''

*–(પારા : ૨૪, સૂરએ ઝુમર, આ. ૫૨)*

વળી, અલ્લાહ તઆલાની ઈબાદત કરે, બુરાઈના કામોથી મોઢુ ફેરવી લે અને અલ્લાહ તઆલાની પ્રત્યે દિલો જાનથી ધ્યાનિત રહે.

*(હવાલો : મુકાશફતુલ્ કુલૂબના આધારે)*

**કણજરી :** તા. નડિયાદ, જિ. ખેડા ખાતે સુન્નીઓની આ એક જ મસ્જિદ બનશે જે બાતિલ ફિર્કાઓ સાથે ઘણા સ્ટ્રગલ પછી બની રહી છે. પણ લોકલ પરિસ્થિતિ આર્થિક રીતે મજબૂત નથી અને લગભગ **રૂા. ૩૧ લાખ** ઉપરાંતનું એસ્ટિમેટ છે તો જેઓ પોતાના મર્હૂમના સવાબ અર્થે અથવા પોતે જન્નતમાં મહેલ ચાહતા હોય તેવા પૈસા પાત્ર સખીદાતાઓ દિલ ખોલીને આ કામમાં હિસ્સો લે અને અને અલ્લાહના ઘરની તામીરમાં ભરપુર સહકાર કરે. ઈંટો, રેતી, કપચી, લોખંડ, સિમેન્ટ વગેરેથી પણ સહકાર કરી શકો છો. સંપર્ક કરો :–

મસ્જિદ બનાવી આપો

**નૂરે મુહમ્મદી મસ્જિદ, મુા. કણજરી, તા. નડિયાદ, જિ. ખેડા, મૌલાના અહમદ રઝા, મો. 9714172755**

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

❀ **કાઝી યુવાન :** ઉંમર ૩૨ વર્ષ, એજ્યુકેશન : બી.કોમ ગ્રેજયુએટ, જોબ : અરબિક ટીચર, અપરણીત. કરજણ સાઈડ, જિ. વડોદરા. યોગ્ય નેક સૂરત નેક સીરત યુવતી પસંદગી પાત્ર. મોબાઈલ : 7801965082

❀ **કાઝી યુવતી :** ઉંમર : ૧૯ વરસ, ઊંચાઈ : ૫'.૫", વજન : ૪૫ કિલો. તલાકશુદા (બાળક નથી) એજ્યુકેશન : બી.એ., મોબાઈલ : 9904052443, 7801965082 (કરજણ તરફ)

❀ **વધુ માટે સંપર્ક કરો : તંત્રી "બરકાતે ખ્વાજા" (માસિક), મોબાઈલ : 9427464411** ❀

## ઈન્તેકાલ પુરમલાલ

❑ **દયાદરા :** ખાતે અમીના ઈસા મશીનવાળાનો તા. ૩–૫–૨૦૧૯ મુ. ચાંદ ૨૫–રમઝાન, હિ. ૧૪૪૦ જુમ્આના રોજ ઈન્તેકાલ થયો છે.

❑ **ભોજ :** (તા. પાદરા) ખાતે સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગ, બરકાતે ખ્વાજા મંથલીના ચાહક જનાબ રાઠોડ મુહમ્મદ ઈરફાન ઈસ્માઈલભાઈ જણાવે છે કે તેમના દાદા જનાબ હાજી મુન્શી હુસૈનભાઈ ગંભીરભાઈનો તા. ૧૬–૬–૨૦૧૯ રવિવારે મુ. ચાંદ ૧૨ શવ્વાલ હિ. ૧૪૪૦ના રોજ થયો અને ઝહોર બાદ દફનવિધિ રાખવામાં આવી અને તેમના સવાબ માટે ઝિયારત તથા ગૌષ પાક رضی اللہ عنہની નિયાઝ તા. ૧૯–૭–૧૯ બુધવારે સવારે ૧૦ વાગ્યે રાખવામાં આવી.

❑ **જંબુસર :** ખાતે સુન્ની મુજાહિદ જનાબ હસ્સુભાઈ મુહમ્મદ ઘાંચીનો તા. ૧૮–૬–૧૯ મંગળવાર મુા.ચાંદ ૧૪ શવ્વાલ હિ. ૧૪૪૦ના રોજ ઈન્તેકાલ થયો છે જેમની દફનવિધિ ઝહોરબાદ ગંજ શહીદ કબ્રસ્તાનમાં રાખવામાં આવી. જનાઝાની નમાઝ હઝરત સૈયદ હશ્મતઅલી બાપુ મજૂમિયાં બરકાતી સાહબે પઢાવી. મર્હૂમ સામાજિક, ધાર્મિક કામોમાં સક્રિય કાર્યકર અને સેવાભાવી માનસ ધરાવતા હતા.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**હજ્જ પ્રોગ્રામ-૨૦૧૯ નું બુકીંગ ચાલુ છે**



**લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.**

**ઉમરાહ ૨૦૧૯નું બુકીંગ ચાલુ છે**

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક

**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.

# હિસ્સાવાળી કુર્બાનીમાં ભાગ લેશો !

**એક હિસ્સાના**

**રૂા. ૨૬૦૦/-**

**:: સંપર્ક કરો ::**

**ઈસ્લામિક વલ્ફેર મિશન દયાદરા**
મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧,
૯૪૨૭૮૩૪૯૫૪, ૯૪૨૭૮૭૮૬૫૧

**:: વાંકાનેર ખાતે સંપર્ક કરશો ::**
ક઼ારી શાહિદ રઝા અકબરી કોઠીવાળા
મો. ૯૯૨૫૬ ૫૫૨૬૬

**:: ભરૂચ ખાતે સંપર્ક કરશો ::**

| | |
|---|---|
| તારીક઼ભાઈ શેખ-ભરૂચ | મો. ૯૪૦૮૭૩૬૯૬૫ |
| મુઈનભાઈ શેખ-ભરૂચ | મો. ૯૮૭૯૭૫૩૨૧૬ |
| હાફેઝ અબ્દુર્રહીમ સાહબ | મો. ૯૪૨૬૮૪૦૨૭૭ |
| યૂસુફભાઈ શેઠ-દયાદરા | મો. ૯૪૨૭૪૩૭૫૯૦ |
| શફીભાઈ ખંભાતવાલા | મો. ૯૯૦૪૫૯૬૬૮૨ |

**આ સંમતિ સાથે નામ નોંધાવશો :** "મેં મારા કુર્બાનીના જાનવરની ખરીદીથી લઈને ઝબહ સુધી તથા પછીના ખર્ચાઓ જેવા કે ભાડુ, ઘાસચારો, કસાઈની મજૂરી વગેરે તથા તેનો ગોશ્ત, ચામડુ વગેરે જેને ચાહે આપવાનો તથા જો રકમ બચી જાય તો તેને કોઈ પણ જાઈઝ કામમાં ખર્ચ કરવાનો દરેક પ્રકારનો અધિકાર સંચાલકોને આપ્યો."

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા*